
કુમાર

તંત્રી · રવિશંકર રાવળ
સંપાદક · બચુભાઈ રાવત



વર્ષાની સંધ્યા · ફોટો : એ. સૈયદ

આવતી કાલનાં નાગરિકોનું માસિક ૧૯૯ જુલાઈ ૧૯૪૦

સંદેશ

● 'કુમાર'નો આ અંક તમને એક વિશિષ્ટ સંદેશ આપી રહે છે, અને તે માનવભાવી દૃષ્ટિકોણનો. માનવતા બધા મતમતાંતરોથી ઉચ્ચસ્થ છે, શાશ્વતી છે. માણસની સમુત્ક્રાન્તિમાં આજ સુધી પણ આડાં આવતાં કોઈ પરિબળો હોય તો તે માનવદ્રોહ, અર્થલોભ અને સત્તાકાંક્ષા છે. એવી વિભ્રાન્તિઓ સામે મિસરના સમ્રાટ્ 'અખનાતન'નું ચરિત્ર જે ક્રાન્તિ પ્રબોધે છે, તે ચિરસ્મરણીય છે. ખુદ પોતાનો નાશ કરવા મથનારને પણ દેહાંતદંડ ન ફરમાવનારો, પોતાનું મહારાજ્ય છિન્નભિન્ન થવા છતાં હથિયાર ન ઉપાડનારો, અને છતાં માનવહિતની આડે આવતી કોઈ પણ વસ્તુ અળગી કરતાં ન અચકાનારો, મિસરી મહારાજ્યનો એ માનવભાવી સમ્રાટ્ સંસ્કૃતિના સૌ પહેલા પુણ્યશ્લોક પુરુષોમાંનો એક હતો. જગતનો એ પહેલો જ એકેશ્વરવાદી ને અહિંસાવ્રતી સમ્રાટ્ જે માનવપરાયણતા પ્રેરે છે એની જ પૂર્તિરૂપે 'આ માસની વિભૂતિ' શ્રી વાડીલાલ મો. શાહનો જીવનસંક્ષેપ જણાશે, જ્યારે એ જ કથિતવ્ય રજૂ કરતા મહર્ષિ રોરિકના ચિત્ર 'સંસ્કૃતિ વિનાશ'નો કરુણાપ્રેરક માનવભાવી સંદેશ તો સ્વયંપ્રતીત છે. કાકાસાહેબની 'તત્ત્વની શોધ' પણ જીવનનો તલઃસ્પર્શી નિરૂપે છે અને એ જ નિર્ણય પર આવે છે કે, 'આપણે જીવીએ છીએ એટલો જ જીવનનો ભાગ નથી, અને એ મુખ્ય ભાગ છે એમ પણ નથી; એ તો કેવળ ક્ષણિક પૃષ્ઠ ભાગ છે. વિશાળ જીવન ઘણું ઊંડું છે.' અને એ ઉપરાંત સમુન્નત ગુજરાતના રાષ્ટ્રપ્રતીક કૂકડાની પિછાન, 'કાળિયાર'ની જીવનકથા, સાહસવીર બાયર્ડનું 'દક્ષિણ ધ્રુવ' પરનું નવું આક્રમણ કે ભક્ત કવયિત્રી 'દીવાળીબાઇ' વગેરે બીજું જે કંઈ છે એમાંથી તમે જાતે જ કશું જતું કરવાના નથી તો પછી છેલ્લે એની ભલામણ શા માટે? ●

કુમાર
જુલાઇ ૧૯૪૦
અંક ૧૯૯

ચિત્રો

કાવ્ય

ચરિત્ર


વાર્તા

લેખો

વિભાગો

કુમાર પ્રત્યેક મહિનાની પંદરમી તારીખે બહાર પડે છે

મુદ્રક • બચુભાઇ રાવત; તંત્રી અને પ્રકાશક • રવિશંકર રાવળ; કુમાર પ્રિન્ટરી કુમાર કાર્યાલય ૧૪૫૪ રાયપુર અમદાવાદ; વાર્ષિક રૂા. ૬, બ્રહ્મદેશના રૂા. ૬।।, પરદેશના ૧૨ શિ. છુટક દશ આના; મુંબાઇના ખાસ કૅન્વાસિંગ એજન્ટ અને જાહેરખબરના સોલ એજન્ટ શિષ્ટસાહિત્ય ભંડાર પ્રિન્સેસ સ્ટ્રીટ; બીજા એજન્ટો: આર. આર. શેઠની કં. અને રાવળ બ્રધર્સ પ્રિન્સેસ સ્ટ્રીટ







ફોટોગ્રાફી હરીફાઇનું પરિણામ

ડાબી બાજુ, ઉપર: 'નારીએળ-પાણીવાળો'–બાબુભાઇ ભણશાળી (મહુવા), બીજું ઈનામ; નીચે: 'ટોચ ઉપરથી'–ફીરોઝ સરકાર (માથેરાન), ત્રીજું ઇનામ; જમણી બાજુ: 'પ્રાચીન સ્મૃતિ'–રણછોડભાઈ મિસ્ત્રી નડીઆદ, ઉત્તેજના.



ઇન્સાફ

(ગુજરાત કલાસંઘ ચિત્રશાળા)

ખંઢેરની હવેલી

· મન્દાક્રાન્તા ·

જે જે સ્વપ્નો વિફળ બનતાં ક્રન્દનો મેં કીધેલાં,
દુઃખે દર્દે શિર પટકતાં ઝેર જાણે પીધેલાં,
એ સૌ સાચાં સુહૃદ બની આજે મને ખૂબ પ્રેરે,
સંસ્કારોનાં શુચિતર સ્મિતોથી બધે હર્ષ વેરે.
જે આશાઓ અફળ બની તેનાં હતાં ધ્યેય ખોટાં,
વિભ્રાન્તિના વમળમહીં માન્યાં હતાં સર્વ મોટાં,
નાણી જોતાં નિકષ પર મિથ્યાત્વ એનું નિહાળ્યું,
સાચાં ધ્યેયો પ્રતિ જિગર ને ચિત્તનું જોમ વાળ્યું.

જૂઠા ખ્યાલો, હૃદયમનના છોભીલા સર્વ ભાવો
છોડ્યા. છૂટ્યો દિલ ધડકતે સ્નેહનો ચંઘ લ્હાવો;
કિન્તુ સાચી ઉપકૃતિ લહું નષ્ટ સૌ સ્વપ્ન કેરી
એ ખંઢેરો ઉપર દિલની છે હવેલી ચણાઈ;
આદર્શોમાં અજબ લસતી ભગ્ન આશા સુનેરી,
સો ભૂલોનાં શબ ઉપર છે સંસ્કૃતિ શુભ્ર છાઈ.

રામપ્રસાદ શુક્લ

સેવેલી આકાંક્ષાઓ અને રચેલાં સ્વપ્નો જ્યારે વિફળ બને છે ત્યારે માણસ તે પર દુઃખી થ આક્રન્દ કરે છે. પણ માનવીની બધી જ આશાઓ અને બધાં જ સ્વપ્નાં કાંઇ વાસ્તવિક ધ્યેય વાળાં નથી હોતાં. ઘણી વાર તો મિથ્યા વિભ્રાન્તિઓના વમળમાં અથડાતો માણસ હવા ખ્યાલો પણ રચે છે. એ જો ઓળે જાય તો એની પાછળ રોદણાં શાં ? વસ્તુસ્થિતિનું આવું ભા થતાં માણસને જે સાચી દૃષ્ટિ લાધે છે તેનું સુરેખ વિશ્લેષણ આ કાવ્યમાં આલેખાયું છે અને વિફળ ગએલાં સ્વપ્નો પાછળ હતાશ થતા પોચ-મના યુવાનોને માટે એ માર્ગદર્શક છે. કવિ કહે છે કે એક કાળે એ આળપંપાળ સ્વપ્નોના એળે જવા પાછળ મને જે શોક થએલો તેને સ્થાને આજે તે મને હર્ષ પ્રેરે છે; કેમકે એમનું મિથ્યાત્વ સમજાતાં હું સન્માર્ગે પ્રેરાયો અને મારાં હૃદય તથા ચિત્તનું જોમ સાચાં ધ્યેયો તરફ વાળી શક્યો છું. એ નષ્ટ થએલાં સ્વપ્નો મારા પર ઉપકાર છે કે એમનાં ખંડેર પર આજે મારા દિલની દઢ હવેલી ચણાઇ છે



'ચાર હજાર યાંત્રિકો જોઇએ છે.'

● હિંદી સરકારે કરેલી આ જાહેર ખબર કોઇકે જ નહિ વાંચી હોય. નથી જોઈતા વિદ્વાનો, નથી જોઇતા ગ્રૅજ્યુએટો, નથી જોઇતા શિક્ષકો. દેશની ભીડ વેળા જરૂર પડી બચાવનાં સાધનો તૈયાર કરનારા યાંત્રિકોની. મુત્સદ્દીઓ, ભણેલાઓ અને ભાષણબાજો એમની બાહોશી અને કુશળતા પર દેશનો બચાવ ઊભો કરવાની યોજનાઓ જાહેર કરી રહ્યા છે. આ જાહેરાત આપણી યુનિવર્સિટીઓ, કૉલેજો અને હાઈસ્કૂલોની તળિયા સુધીની નબળાઇઓ, અશક્તિઓ, સ્ખલનો અને બીનજવાબદાર શિક્ષણપ્રણાલી પર સચોટ વેધ નથી કરતી? દેશની આ ખરી જરૂરિયાતો વખતે કંઈ પણ ફાળો આપવાને અશક્ત એવા માનવ બુદ્બુદો ઉત્પન્ન કરનાર શિક્ષણપ્રવાહનો વ્યય અને વિકૃતિ સમજવાને હજુ પણ સમાજ શિથિલ રહેશે? અનેક નકામા વિષયો ને પાછળ પાછળ પોતાનાં જીવન ખુવાર મેળવી ચૂકેલાઓ આજે સાક્ષી તો આપે છે કે અમને મળેલા શિક્ષણમાં અમારી બરબાદીનો જ સામાન છે. કૉલેજોની ટર્મો ખુલ્લી ગઇ છે. હાઇસ્કૂલોમાં મૅટ્રિકનાં આંધણ મૂકાઇ ચૂક્યાં છે. આ યુદ્ધો અને આ યંત્રપ્રકરણ સાથે સ્નાનસૂતક ન હોય તેમ દેશનું યૌવન અને ધન કારકુનો, શિક્ષકો અને સ્પર્ધા કરતા બેકારો તૈયાર કરવામાં વેડફાઈ રહ્યું છે. યુદ્ધમાં શત્રુનો પરાજય થશે અથવા કોઇ પણ પ્રકારની સમાધાની થશે તોપણ જે પરિસ્થિતિનાં વાદળાં હિંદ પર ફરવાશે તેમાં પણ આ અભ્યાસક્રમોના દીક્ષિતો શું કરી શકશે?

વીજળીક વાહનો, સાઇકલો, મોટરો, રેલવે, એરોપ્લેન, રેડીઓ, ટેલીફોન, ટેલીવીઝન અને હજારો વૈજ્ઞાનિક વ્યવહારમાં યાંત્રિક જ સમાજની સંચાલક વ્યક્તિ બનવાનો છે. એકાદ ચાવી બગડે, એકાદ ખીલી ઢીલી થાય, એકાદ પાટિયું ખસે, રેડીઓ બગડે કે ટેલીફોન ખરાબ થાય એટલે થોડીવાર પણ વ્યવહાર કે ઘરમાં અંધાધૂંધી ને લાચારીનો જ દેખાવ થાય. એ વખતે નામસ્મરણ યાંત્રિકનું જ થવાનું.

આટલી બધી જીવનની ઉઘાડી જરૂરિયાતનો તાલીમી ભાગ અભ્યાસક્રમમાં કોઇ સ્થળે દેખાય છે? કેટલી શાળાઓએ હસ્તકાર્ય અને અંગકાર્યના વર્ગો ઊભા કર્યાં? કેટલે ઠેકાણે વિદ્યાર્થીઓની કૃતિઓનાં પ્રદર્શન થયાં? કેટલા વિદ્યાર્થીઓએ પ્રયોગશાળા કે રસાયનશાળા ઊભી કરી અથવા કલબો કરી ને રેડીઓ, ફોટોગ્રાફી કે હૉબીનાં ગૃહો રચ્યાં? ભાષણો નિબંધો અને કાવ્યોનાં શાબ્દિક વાતાવરણમાં મહાલતી વિદ્યાર્થી આલમને ખબર છે કે કોઇ પણ પળે ઇસ્પીતાલોની સેવામાં જવું પડશે, કોઈ પણ પળે પડતાં ઘરોને ટેકા દેવા પડશે, ખાડા અને બચાવની રચનાઓ કરવી પડશે? સારા યાંત્રિકોનું રોકાણ સરકારી કારખાનાંમાં થશે તો હજારો યાંત્રિક રચનાઓ જાતે સંભાળતા થવું પડશે? હથોડી, કાતર, ચપ્પુ, સ્ક્રૂ ડ્રાઇવર કે રસાયણોના પ્રયોગો તો સૌને હાથવેંત હોય છે. જેટલું શીખી લેશો એથી સો ગણો બદલો એ વાળી આપશે.

સ્વ. ચમનભાઈ વૈષ્ણવ



● વઢવાણ રાષ્ટ્રીય શાળાના પ્રાણ રૂપ એ વ્યકિતની મૂક જીવનસાધના અને સેવા સમજવાની પણ આપણા ઘણામાં યોગ્યતા નહિ હોય. રાષ્ટ્રમાં ચારિત્ર્ય, સ્વાશ્રય ને સ્વાર્પણના ઊંડાં અદૃષ્ટ મૂળ સમા આવા તરુણોને આપણે કદી ન ભૂલીએ તો જ આપણી સ્વદેશપ્રીતિ અને સ્વદેશાભિમાન શોભશે. સંપૂર્ણ માન અને શોકની લાગણી સાથે એમના આત્માને અમારી આ સ્મરણાંજલિ છે. ર. મ. રા.

कलामंदिरांतील एकेचालीस वर्षें

એ નામથી પ્રસિદ્ધ કલાકાર રાવબહાદુર મહાદેવ વિશ્વનાથ ધુરંધરે પોતાના જીવન તેમજ પરિચિત વ્યક્તિઓનો વિગતવાર અને તારીખવાર અહેવાલ સચિત્ર પ્રકટ કર્યો છે. એમનું નામ ગુજરાત તેમજ મહારાષ્ટ્રમાં એકસરખું જાણીતું છે. અનેક ડ્રૉઇંગ માસ્તરો તથા કલાકારો તેમજ વિદ્વાનોએ તેમની કલા અને તાલીમનો લાભ લીધો છે. એ બધાને આ વૃત્તાંતમાં જરૂર રસ પડશે. પુસ્તક મરાઠી ભાષામાં લખાયું છે એટલી જ ગુજરાતી વાંચનારને નિરાશા રહેશે; છતાં એક સળંગ તવારીખ તરીકે રસ ધરાવનારા માટે એ પુસ્તક સંગ્રહ યોગ્ય ગણાશે. લેખક પાસેથી (અંબાસદન, ખાર, મુંબઈ એ સરનામેથી) તે મળી શકશે.

માનવ ઈતિહાસનો એક જુગજૂનો જ્યોતિર્ધર અને



જગતનો પહેલો

એકેશ્વરવાદી ને અહિંસાવ્રતી સમ્રાટ

અખનાતન

★

ખુદ પોતાનો નાશ કરવા મથનારને પણ દેહાંતદંડ ન ફરમાવનારો, પોતાનું મહારાજ્ય છિન્નભિન્ન થવા છતાં હથિયાર ન ઉપાડનારો, ને છતાં માનવહિતની આડે આવતી કોઈપણ વસ્તુ અળગી કરતાં ન અચકાનારો મિસરી મહારાજ્યનો એ માનવભાવી સમ્રાટ સંસ્કૃતિના સૌ પહેલા પુણ્યશ્લોક પુરુષોમાંનો એક હતો

★

એ કાળના તો આજે પડછાયા યે વિલીન થવા આવ્યા છે. ઇસુ, મુસા, જરથોસ્ત કે મહંમદનો હજુ જન્મ પણ નહોતો થયો ત્યારે આજથી સાડાત્રણ હજાર વર્ષ પર મિસરનો પ્રભાવ કંઈ ઓર જ હતો. સુદાનથી તે સાઇપ્રસ સુધી ફેલાએલા તેના મહારાજ્યની દોસ્તી સાધવા બાબિલોનિયા જેવું પણ ઇંતેજાર રહેતું. આસીરિયનો હજુ ઊગતા હતા, ને રોમનોનો તો પ્રજા તરીકે ગર્ભ પણ નહોતો બંધાયો.

દેશદેશથી આવતી ખંડણીથી મિસરનું મહારાજ્ય ત્યારે સમૃદ્ધિને ઝૂલે ઝૂલતું. એ સમૃદ્ધિ કેટલી વિપુલ હતી એ તો એના શાસક ફારોહોની હાથ લાગેલી કબ્રો ખોદતાં આજ પણ નજરે ચડે છે. મિસરમાં ત્યારે સમૃદ્ધિ હતી, સંસ્કારિતા હતી, ઐયાશી પણ હતી. પરંતુ એ સાથે એ દેશવાસીઓના માનસમાં એક અતિ ભયાનક માન્યતા રૂઢ થએલી હતી, કે દુનિયાની એકે એક વસ્તુ પાછળ કોઈ અદીઠ એક એક શક્તિ કામ કરી રહી હોય છે. ઝાડ ઊગે છે તો તેની નીચે તેને ઉગાડનાર એક શક્તિ હોય છે; પરોઢે ફૂટતા પ્રકાશ પાછળ વળી બીજી શક્તિ હોય છે; અને એ પ્રમાણે કુદરતના એકેક ક્રમ પાછળ એકેક શક્તિ હોવાનો તેમનો ભ્રમ હતો. એ શક્તિઓને તેમણે દેવોનાં નામ આપેલાં. એ દેવોને નામે પત્થરનાં પ્રતીકો ને લાકડાની પ્રતિમાઓ બનાવી તેઓ પૂજતા. રાજધાની થીબ્ઝનો મુખ્ય દેવ રા હતો, હેલીઓપોલીસ નગરનો દેવ આમેન, ઇલીથિયાસપોલીસનો નેખબ, ઓંબોસનો સેબેક, મેમ્ફિસનો ટાહ એમ જુદાંજુદાં નગરોના જુદાજુદા અનેક દેવો હતા.

આ મુખ્ય દેવો ઉપરાંત ઓસાઇરિસ, આઇરિસ, હોરસ, હાથોર, ખોન્સુ, થોટ, બાસ્ત, એપિસ, ક્ષુમ, શ. વગેરે પરચુરણ દેવોની તો આખી નોખી જ જમાત ઊભી થએલી. ને એટલેથી યે સંતોષ ન હતો. જૂના વીરો, પિતૃઓ વગેરે પણ દેવોને ઠેકાણે ગણાતા. તે ઉપરાંત ભૂતો ને પ્રેતોની યે માણસની રોજિંદી જિંદગીમાં અચૂક લાગવગ ગણાતી. એ બધાનાં વાહન તરીકે વાંદરાં, બિલાડાં, સાપ, શિયાળ, મગર વગેરે પ્રાણીઓ સુદ્ધાંને મિસરવાસીઓ પૂજતા. આનું પરિણામ એ આવ્યું હતું કે દેશમાં ધર્મગુરુઓ અને તાંત્રિકોની એક જબરી ફોજ ઊભી થઇ હતી, જેમનો ધંધો ગૂમડાં પેઠે સમાજશરીર પર છવી તેમાં જ સડો પેસાડવાનો હતો. અંધશ્રદ્ધા એ તેમનું હથિયાર હતું, પૈસો ને લાગવગ તેમનું ધ્યેય હતું.



સૌંદર્યરાણી નીફરતિતી

અખનાતનની રાણી જે એ કાળની ઇજિપ્તની રૂપસુંદરી ગણાતી તેનું આ રંગીન શિલ્પ અનમૂન કલાકૃતિ ગણાય છે

એવા કાળે મિસરની ગાદી પર એ આવ્યો. એનું નામ અખનાતન. શરીરના પ્રમાણમાં મોટા માથાવાળો એ આમ તો માંદલા જેવો હતો, પણ એના સ્વપ્નદર્શી માનસે જગતમાં અજોડ એવી ધર્મની નવી જ કલ્પના ઊભી કરી. ને મિસરે જો તે ચાલુ રાખી હોત તો કદાચ તેનું એટલું વહેલું પતન પણ ન થાત.

એના પિતા આમેનોફિસ ત્રીજાના મૃત્યુ પછી ઈ. પૂ. ૧૩૭૫માં એ ગાદીએ આવ્યો ત્યારે ભાગ્યે જ અગિયાર કે બાર વર્ષની તેની વય હશે. એના માંદલા શરીરે એ કેટલું જીવશે એની પણ શંકા હતી, એટલે નવમે વર્ષે તેને મિતન્નીની રાજકન્યા નીફરતિતી સાથે પરણાવી દેવામાં આવ્યો. પણ એટલી વયમાં યે સામાન્ય માણસોની હરોળથી તે નોખો પડી આવતો. એ આદર્શવાદી હતો. જુદાજુદા દેવો ને ધર્મગુરુઓના વળગાડનો જો નાશ કરવામાં આવે તો સુદાનથી યુક્રેટિસ ને દેહ ક્રેત સુધીના પોતાના મહારાજ્યને એકતાથી




અખનાતનની માતા તાઇનું આલાબાસ્ટરમાં કોતરેલું શિલ્પ

સાંકળી શકાય એવી એને પક્કી ખાતરી હતી.

રંગીન માછલીઓ ભરેલા હોજો સામે એકીટશે જોઇ રહેતાં ને વાડીનાં વૃક્ષોને અઢેલી બેસતાં એ ખૂબ ચિંતનમાં ઊતરતો. એ ચિંતનથી એને પ્રતીત થયું કે માત્ર આ પૃથ્વી નહિ પણ આખું વિશ્વ એક અમુક શક્તિથી ચાલે છે; ને તે શક્તિ એક જ છે, જુદીજુદી નહિ. એ શક્તિ મનુષ્યની કલ્પનાથી પણ અતીત છે. પરંતુ પથરા તથા લાકડાં પૂજીને ટેવાઇ ગએલી પ્રજાને 'કંઇક' પૂજવા માટે તો જોઇએને? સૂર્યની પૂજા એ વખતે ઘણાખરા સંસ્કૃત દેશોમાં ચાલુ હતી. અખનાતનને એ 'કંઇક' ઠીક લાગ્યું, ને પોતે કલ્પેલી શક્તિના પ્રતીક તરીકે સમગ્ર ચૈતન્યના આદિસ્રોત સૂર્યનાં તેજઃકિરણો તેણે ઠરાવ્યાં. આમ દુનિયામાં પહેલી જ વાર તેણે એકેશ્વરવાદ જન્માવ્યો. બેથ્લેહેમમાં ઇસુ તો ત્યાર પછી પંદરસો વર્ષે જન્મ્યો, ને મહંમદનો જન્મ તો માનવેતિહાસમાં ગઇ કાલનો જ ગણાય. એ નજરે જોતાં એ ક્રાન્તિ કંઇ જેવીતેવી ન હતી.

જગતની નિયામક એક જ શક્તિ હોવાની જેમ તેને વધુ ને વધુ પ્રતીતિ થતી ગઈ તેમતેમ તેને દેશના મંદિરે મંદિરના ગભારામાં, દિવાલોમાં, થાંભલાઓમાં ને

દેવદેવલાંની જમાત જ્યારે મિસરના માનવ સમાજમાં સડો પેસાડી તેનો પ્રજાપ્રાણ નાબૂદ



થીબ્ઝમાંના અખનાતનના મહેલની છતનો એક ભાગ



કાઈરોના સંગ્રહસ્થાનમાંની અખનાતનની ખોપરી

જાળીઓમાં કોરાએલા નિકૃષ્ટ દેવો તરફ વધુ ને વધુ ઘૃણા ઊપજતી ગઈ. દેવના નામ પરથી રખાએલું પોતાનું જન્મનું નામ 'આમેનોફિસ' બદલાવી તેણે 'અખનાતન' નામ રાખ્યું, જે નામથી જ એ પ્રખ્યાત છે. મિસરની પ્રજામાં તેને પોતાના એ આદર્શની સંપ્રાપ્તિ રેડવી હતી; પણ તેની મા તાઈ તેને તેમ કરવા દે તેમ ન હતું. થીબ્ઝની પ્રજા આ જાણતી હતી, ને એટલે જ તેનો ક્રાન્તિનો જુસ્સો વેગવાન બને તે પહેલાં જ તેને દબાવી દેવા ઈંતેજાર રહેતી હતી.

અખનાતને આ જાણ્યું. ધર્મગુરુઓની પૂરી શેહ નીચે દબાએલી રાજધાનીમાં પોતાનો આદર્શ નહિ પોષાય એમ તેને લાગ્યું. તેણે થીબ્ઝ છોડ્યું. પોતાના આદર્શ ખાતર માતાનો યે ત્યાગ કર્યો અને કર્ણાક તથા લક્સર વચ્ચે સૂર્ય (આતન)ના નામે એક નવું જ નગર તેણે વસાવ્યું, જેને એણે 'ખેમાતન' નામ આપ્યું.

સૂર્યને તો માત્ર તેણે એ શક્તિના પ્રતીક તરીકે સ્વીકાર્યો હતો, જે શક્તિએ તેને પેદા કર્યો હતો ને જેની મારફત આ સઘળો સર્જનક્રમ ચાલે છે. કોઈ વિજ્ઞાનીના યે જન્મ પહેલાં તેણે જગતની નિયામક શક્તિની જન્માવેલી માન્યતા આજ પણ અજોડ છે. એણે રચાવેલા સૂર્યકિરણોના પ્રતીક કુંડા પાસે પ્રાર્થના કરવા બેસનારાઓ પણ સૂર્યને નહિ પરંતુ 'પિતા જે અંતરીક્ષમાં વસે છે' એને જ પ્રાર્થના. એણે એ શક્તિની કોઈ મૂર્તિ કોતરાવી ન હતી. મનુષ્યની ઇન્દ્રિયોથી પર એવી એ નિયામક શક્તિની કે ઈશ્વરની એના જેવી કલ્પના વેદાંત સિવાય આજના પણ કોઈ ધર્મમાં નથી પ્રગટી. ખ્રિસ્તીઓ પ્રભુને ઈશુ સાથે વાતો કરતો જણાવે છે; યહૂદીઓ યહોવાહને સાંજે પેગંબરો સાથે બગીચામાં ફરતો જણાવે છે; ઇસ્લામીઓ શબે મેરાજના રોજ ચંદ્રના પરદા પાછળથી ખુદા મહમદને દર્શન આપતો જણાવે છે, ને ખુદ હિંદુઓ કરતાં યે વધી પડેલી હિંદુઓના દેવોની સંખ્યા અનેકવાર અવતરતી, મરતી અને શાપો તથા વરદાનોની વિપુલતા પર જીવતી બતાવવામાં આવે છે; ત્યારે અખનાતન તો તેને 'આતનથી યે પર' ઇન્દ્રિયાગોચર શક્તિ ગણાવતો. છતાં જૂદા ક્રિયાકાંડોમાં પડી ન જવાય એટલા ખાતર ઊગતા ને આથમતા સૂર્યને જ પૂજવાની તેણે છૂટ આપેલી.

પ્રેમથી જ વિશ્વનું સંચલન થાય છે એવી એની જબરી શ્રદ્ધા હતી ને પોતાના જીવનમાં એણે એ પૂરેપૂરી વણી દીધેલી. હજારો વર્ષ પહેલાંના એ કાળમાં જ્યારે શેરીએ શેરીએ યુદ્ધનાં ગીતો ગવાતાં, ચૌટે ચૌટે શસ્ત્રોના ખણખણાટ સંભળાતા ને લોકો યુદ્ધના નશામાં ચકચૂર રહેતા, તેવા કાળમાં પણ આદર્શનિષ્ઠ રહી, એશિયામાંની એની પ્રજાએ ઉઠાવેલા બળવા સામે

કરી રહી હતી ત્યારે વિશ્વની નિયામક શક્તિનો એણે સૌ પહેલો વાસ્તવિક ખ્યાલ આપ્યો

मनोमंथन

५ तत्तानी शोध

'स्मरणयात्रा' पछीना काळनां
काकासाहेबना कॉलेजजीवननां
केटलांक स्मरणो


કૉલેજમાં હું ભણતો ત્યારથી જ ધ્યાનમાં બેસવાની મેં ટેવ પાડેલી. એ જો આજ સુધી અખંડ ચલાવી હોત તો કેટલો યે લાભ થાત; પણ अहो जनानाम् व्यसनानिमोक्षे ।

ધ્યાન વખતના અનુભવો કહેવાય નહિ. એ અનુભવો કહેવા એ અશક્ય પણ છે અને અયોગ્ય પણ છે. છતાં એક પ્રસંગ અહીં કહેવાનો પ્રયત્ન કરું છું. કોઈ સમાનધર્મ હશે તો તેને એમાં રસ પડશે.

હૉસ્ટેલમાં ૨૩ નંબરની ઓરડીમાં હું રહેતો હતો. એ અરસામાં હું સ્વામી વિવેકાનંદ અને રામકૃષ્ણ પરમહંસ વિષે ખૂબ વાંચતો અને કૉલેજમાં કૅન્ટ અને માર્ટીનો ભણતો. એક દિવસ ધ્યાનમાં બેસી હું વસ્તુનું શુદ્ધ સ્વરૂપ કેવું હોય એ અજમાવતો હતો. દિક્કાલાદિને બાદ કરી, ગુણોનો છેદ ઉડાડી, કાર્યકારણતાને વિસરી જઈ, કેવળ વસ્તુનો અનુભવ કરવા જઈએ તો વસ્તુની શુદ્ધ તત્તા કેવી હોતી હશે એ સમજી અને હું સ્પર્શવા માગતો હતો. એકલી કલ્પનાથી મને સંતોષ ન હતો. ઘણો વખત સુધી તો મગજમાં શાસ્ત્રીય દલીલ જ ચાલી. પછી વસ્તુને કંઈક ઝોલનાં આવડ્યું. જેમ જેમ આગળ ચાલ્યો તેમ તેમ એની શરીર પર પણ અસર થવા લાગી. પ્રથમ બહારના પ્રકાશનું ભાન નષ્ટ થયું. પછી જે ટેબલ પર હું બેઠો હતો તે ટેબલ પણ 'બેભાન' થઈ ગયું. હું ક્યાં છું, મારી આસપાસ શું છે, વખત કયો છે, અત્યાર સુધી શું કરતો હતો. હવે પછી શું કરવાનું છે એ બધું જ લુપ્ત થયું. હું છું એટલી જ જાગૃતિ રહી. ઊંડા કૂવામાં તળિયું શોધવા માટે જ્યારે આપણે ડૂબકી મારીએ છીએ અને આંખ ઉઘાડી રાખી હાથ ઉપર મારી વધુ ને વધુ પાણીમાં નીચે ઊતરતા જઈએ છીએ ત્યારે ઉપરનો સૂર્યપ્રકાશ આછો થયા પછી જે એક જાતની ગભરામણ થાય છે.—(ગભરામણ તો નહિ, કેમકે શ્વાસ રોકવાની શક્તિ પર આપણો વિશ્વાસ હોય, કૂવાનો ઉપરથી નીચે સુધીનો પરિચય હોય અને જોરથી હાથ અને પગ એક જ વાર નીચે મારવાથી હું ઉપર સુધી પહોંચી શકું છું એવી ખાતરી હોય ત્યારે બીક કે ગભરામણ શાની! છતાં એ વખતે છાતી પર અમુક પ્રકારનું દબાણ પડે જ છે. કોઈ ગંભીર પરિસ્થિતિમાં છીએ એવું ભાન થાય છે અને અસાધારણ જવાબદારીનો વિચિત્ર પ્રત્યય આવે છે.)—એવો કંઈક ગંભીર અનુભવ મારા ધ્યાનમાં મને થયો. કોઈ અપૂર્વ દૈવીપુરુષના સાન્નિધ્યમાં એકાએક આપણે રજૂ થયા હોઈએ અને પછી જે એક જાતનો સંભ્રમ સહેજ આવી જાય છે તેવી સ્થિતિ થઈ. આ સ્થિતિમાં રહેવું કે ન રહેવું એ નક્કી ન થાય એ દશામાં થોડો વખત રહ્યો. પછી થઈ આવ્યું કે આ અનુભવના મધ્યબિંદુ તરફ જવું જ જોઈએ. થોડાક અનિશ્ચય પછી, સોયમાં દોરો પરોવે છે તે રીતે, હું અંદર જવા લાગ્યો. એક વાર તો થયું કે હવે એક ક્ષણની જ વાર, અને આપણે મધ્યસ્થ કેંદ્ર સુધી પહોંચી જવાના. એ ક્ષણની શરૂઆત પણ થઈ; હૃદયમાં અસાધારણ આનંદની ઊર્મિ ઊઠી: પણ એટલામાં કોણ જાણે શું થયું. ફણસની ગોટલી જેમ હાથમાં પકડી રાખવા જતાં લપસીને છટકી જાય છે તેમ બધું છટકી ગયું! શું થયું એની જરા યે ખબર ન પડે. થોડી વાર પછી હું મારી ઓરડીમાં એકલો, ટેબલ પર બેઠો છું એનું ભાન થતાં એનું જ મોટું આશ્ચર્ય થયું.

આપણે જીવીએ છીએ એટલો જ જીવનનો ભાગ નથી, અને એ મુખ્ય ભાગ છે એમ પણ નથી, એ તો કેવળ ક્ષણિક પૃષ્ઠ ભાગ છે. વિશાળ જીવન ઘણું ઊંડું છે, એમ તે દિવસે સ્પષ્ટ થયું. તે દિવસથી મારી ધાર્મિક વૃત્તિમાં એક કાયમનો ફેર પડ્યો. તે દિવસ પહેલાં હું પરમાર્થી ન હતો. તે દિવસ પછી અનેક માનસિક ક્રાંતિઓ હોવા છતાં અને અનેક પ્રમાદો આડે આવ્યા છતાં તે પારમાર્થિકતા છૂટી જ નથી.

दत्तात्रेय बालकृष्ण कालेलकर




કાળિયાર

જેઠ મહિનો, આગરા જિલ્લો અને ચોરને કાંધ મારવાનો સમય. લૂની આગ ઢાલવતી જીભ સાંય-સાંય કરતી ચારે તરફ વળી હતી ને ધરતી ગરમ તવા જેવી તપી ઊઠી હતી. ઊપરથી સૂરજ ને આસ-પાસથી ગ્રીષ્મની સાડેલી આ લૂના પ્રકોપથી હરિયાળી માત્ર નષ્ટ થઈ ચૂકી હતી. દૂરદૂર ખડાં ઝાંડવાં પણ ત્રાહિ ત્રાહિ રડી રહ્યાં હતાં. એમની હાલત, એવા દેશભક્ત વિદ્રોહીઓ સમી હતી, જેઓ શત્રુઓના અપાર બળથી છિન્ન ભિન્ન થયા છતાં ભૂખ્યા તરસ્યા પોતાની આન પર જાન પાથરવા સદા તૈયાર રહે છે—કેવળ આદર્શ ખાતર.

આવી રણવંકડી ગ્રીષ્મના શાસન તળે, ગામની દક્ષિણે રેલવે લાઇનને પેલે પાર બાવળિયાંની છાયા નીચે હરણાંનું એક ઝુંડ આરામ લઇ રહ્યું હતું. એમાંના કેટલાક સંતરી તરીકેની સચેત ફરજ બજાવી રહ્યા હતા. કેટલીક હરણીઓ બેઠી બેઠી વાગોળી રહી હતી. બેત્રણ પક્કા હરણો બાવળનાં થડો જોડે પોતાનું શરીર ઘસી રહ્યા હતા. ઝુંડનો નાયક સુષુપ્તાવસ્થામાં પડયો પડયો પોતાના કારનામાનાં સ્વપ્નાં નિહાળતો, કોઇ માખી આવી બેસતાં કાન ફફડાવી તેને ઉડાડી રહ્યો હતો. ક્યારેક બાવળની શીંગ હેઠે ટપકી પડતી તો કોઇ હરણ હરણી બેઠે બેઠે જ ડોક લાંબી કરી તે ઉઠાવી ચાવવા લાગતાં.

આવી છત્રછાયામાં બધાં આરામ કરી રહ્યાં હતાં ત્યારે એક હરણી બિલકુલ બેચેન દેખાઇ આવતી હતી. ક્યારની એ ઊઠબેસ કર્યા જ કરતી હતી. થોડી વાર પછી તો ટોળીને છોડી એ ધીરે ધીરે આગળ વધી. ટોળીનાં બધાં સભ્યો એને જોઇ રહ્યાં પણ કોઈ વિસ્મિત ન થયું. એકાદ બેતરવા દૂર જઈ એ બેચેન હરણી કરુણ ચિન્તિત નેત્રે આમતેમ જોવા લાગી. એની એ આકુલ નિગાહથી વિરહાકુલ ભૂમિએ સહાનુભૂતિ પ્રગટ કરી અને શિવનેત્ર સૂર્યે પણ હિંસ્ર જીવો પર પહેરો રાખ્યો. પ્રકૃતિએ એની પ્રસુતિક્રિયામાં સહાય કરી અને થોડીવારમાં જ એ હરણીએ એક બચ્ચાને જન્મ આપી પાંચ મિનીટમાં તો એને ચાટીચૂટી સ્વચ્છ કરી દીધું.



ચિત્રકાર • શ્રી રવિશંકર પંડિત

સાહસ-શિકારી અને પ્રકૃતિ-પ્રેમી શ્રીરામ શર્માની આલેખેલી પ્રાણી-જીવન-કથા

મૃગશાવકે પોતાની ભોળી આંખો વડે માતા તરફ નજર ફેરવી કે માતાએ પણ તરત પોતાની કાતર આંખો વડે એની આંખોમાં સ્નેહ રેડવા માંડયો. એ સ્નેહાર્પણે શાવકના શરીરમાં જાણે વીજળીનો પ્રવાહ પ્રવેશાવ્યો ને અડબડાતાં ખડાં થઈ ક્ષીણ શબ્દે તેણે પોતાની સજીવતા પ્રકટ કરી. તુર્ત લતા પ્રકંપે રાગિણી છેડી અને સૂર્યે પણ તેમાં મૂગો તાલ પૂર્યો.

બચ્ચું હવે માથાના ગદ્દા લગાવી લગાવી નિરાંતથી માતાના આંચળમાંથી શ્વેત જીવનરસ પીવા માંડયું. પરંતુ હરણીને નિરાંત નહોતી. એ તો ચારે તરફ જોઈ રહી હતી કે કોઈ શત્રુ તો નિકટ નથીને? પ્રકૃતિના પ્રાંગણમાં જીવનમોતનો જે સોદો સદૈવ ખેલાય છે તેથી હરણી પૂરી વાકેફ હતી. પરંતુ આ વખતે તો પ્રકૃતિએ દરેક રીતે સહાયતા કરી હતી, અને બચ્ચું પણ હોનહાર નીવડવાની આશા આપતું હતું. એનું બદન, કાંડું ને ચપળ પગ એને નેતૃત્વ તરફ લઈ જવાની પ્રતીતિ આપતાં હતાં. એ હોનહાર મૃગશાવકને હવે આપણે ચૌધરીના નામે જ ઓળખીશું.

ટાંટિયા સ્થિર થતાં જ એક કલાકની અંદર દૂધ પીતો ચૌધરી પોતાની મા સાથે ચાલવા લાગ્યો. પ્રેમવિભોર અને શંકિતા હરણી ચૌધરીને શીઘ્ર જીવનશિક્ષા આપવા લાગી. ક્યારેક આતુર થઈ એ આમતેમ દોડવાની કોશિશ કરતો. ત્યારે મીઠી ભર્ત્સનાથી 'આંઉઉ'ની ચેતવણી દેતી જાણે તે કહી ઊઠતી, 'બેટા, હજી તને અનુભવ નથી. તારી ટાંગોમાં એટલું બળ નથી કે નાસીને તું તારી જાતને શત્રુઓથી છોડાવી શકે. તેમ નથી તારામાં એટલી શક્તિ કે શિયાળ–કૂતરાંનો તું સફળ સામનો કરી શકે.' આ ભર્ત્સના અને ચેતવણીસૂચક દૃષ્ટિથી ચૌધરી ચોંકીને માની બગલમાં આવી એવી રીતે ભરાઈ જતો, જેમ બેત્રણ વરસનું બાળક દોડીને પોતાની માનો પાલવ પકડી લે. દિવસનું અવસાન થતાં સૂરજની ગરમા ઓછી થઈને ભૂખની ગરમા વિશેષ જોર પકડે છે, એ વખતે જ બધાં હિંસ્ર પ્રાણીઓ પેટની આગ બુઝાવવા શિકારની ખોજમાં નીકળી પડતાં હોઇ, ચૌધરીની ખાસ ખબરગીરી એ સમયે જ કરવાની રહેતી.

હરણી ચૌધરીને ટોળામાં લાવી. ત્યારે પહેલાં તો ચૌધરી કંઇક ચકરાયો, પરંતુ જેને માની ગોદનું શરણું હોય, પોતાની માનો સહારો હોય તેને વળી ડર કોનો? થોડી જ વારમાં એની સઘળી ઝંઝક નાસી ગઈ. અને ટોળામાં જ્યારે પોતાનાં સમવયસ્ક શાવકો એણે જોયાં ત્યારે તો એ ખૂબ ગેલમાં આવી ગયો. ટોળીનાં બીજાં હરણહરણીઓએ પણ ચૌધરીના આગમન પ્રત્યે મૂક પ્રસન્નતા પ્રકટ કરી.

ચૌધરી તો હવે દિવસે બમણો ને રાતે ચાર ગણો મોટો થવા લાગ્યો. ટોળી સાથે રહીને એણે શત્રુઓથી છટકવાની કલા સાધ્ય કરી. દરરોજ એકાદ માઇલની દોડ તો એને કોઇ ને કોઈ બહાને કરવી પડતી—ક્યારેક કૂતરાં સામે તો ક્યારેક શિયાળવરૂઓના આતંક સામે.

એક દિવસ બધાં હરણાં આમતેમ ફેલાઈ રહ્યાં હતાં. ચૌધરી પણ પોતાની માને પડખે ચરી રહ્યો હતો. ત્યાંથી સો દોઢસો ગજ પર એક બળદગાડી જઇ રહી હતી. કેટલાંક હરણહરણીઓ મોંમાં ઘાસ દબાવી રાખી કુતૂહલવશ એ તરફ જોતાં, પૂછડી હલાવતાં ને પાછાં ચરવા લાગતાં. ચૌધરી એ જોઈ આશંકિત બન્યો, પણ એની માએ સંકેતથી સમજાવવા માંડયું કે મનુષ્યોથી દૂર રહેવું સારું છે, પણ ગામડિયા લોકો વિશેષ આપત્તિજનક નથી હોતા. છતાં ડગલે ડગલે જાગ્રત રહેવાનો હરણજાતિનો સ્વભાવ હોવો જોઇએ, કારણ એની દોડ જ એનું એકમાત્ર હથિયાર છે.

થોડી વારમાં બળદગાડી અટકી અને એમાંથી એકાદ નળી જેવું કંઈક તેમના તરફ ચીંધાયું. 'ધાંય' કરતો એક અવાજ થયો અને તે સાથે જ ચૌધરીની નજીક ચરતું એક હરણું જમીન પર પટકાઇ પગ પછાડવા લાગ્યું. આખી ટોળીમાં સનસનાટી ફેલાઇ ગઇ. ગભરાઇને સૌ આમતેમ નાસવા લાગ્યાં. ફરી એક અવાજ થયો. એક બીજો હરણ લંગડો થઇ ગયો છતાં તે નાસવા લાગ્યો. ગાડીમાંથી ઊતરી બે આદમી એ લંગડા હરણની પાછળ પડયા.

ચૌધરીના જીવનમાં આ નવો જ અનુભવ હતો. એ ચોંકીને પોતાની માને અડીને ઊભો રહ્યો હતો. ટોળું ત્રણ ચાર માઇલ દૂર ચાલ્યું આવ્યું હતું. એ આખો દિવસ ચૌધરીને ગભરામણ રહી. એની માએ સમજાવ્યું કે ગામડિયાથી જુદાં કપડાં પહેરેલો ને ખભા પર દંડા જેવી કાળી ચીજ પકડેલો માણસ નજરે પડે તો સમજી લેવું કે એ હરણોના જીવનો ઘરાક છે. એનો વિશ્વાસ કદિ ન કરવો.

મહિનાઓના તાપ બાદ એક દિવસે વિરહિણી ધરતીનો તલસાટ શમ્યો. સૂરજે શરમથી મોં છુપાવ્યું અને લૂએ પણ શ્વાસ ખેંચ્યો. ભૂતલના ક્લેશથી દ્રવિત પ્રકૃતિ અસંખ્ય આંસુઓ વહાવવા લાગી. પરિણામે દુનિયા બદલી ગઈ. નદીતળાવો છલાછલ ઓગની ગયાં. ખેડૂતોએ હળ સંભાળ્યાં અને ખરીફની વાવણી શરૂ થઈ. અઠવાડિયાની અંદર તો પાવસકુમારીએ લીલી સાડી પહેરી લીધી.

આમ તો વરસાદ વરસનો આત્મા છે; પરંતુ ઊંટ, બકરાં ને હરણાંને વધુ વરસાદ નડે છે. તેમાં યે હરણાં પર તો જાણે ખાસ આફત ઊતરે છે. કૂતરાંઓને સાથે લઈ માંસાહારી લોકો એ અરસામાં એમનો પીછો પકડે છે અને એમાંના એકાદને ઘેરી લે છે. હરણ જેટલી ઊંચી છલાંગ મારે છે એટલો જ ભીની જમીનમાં પોતાનાં પગ ફસાવી દે છે. બે ચાર ખેતરવામાં જ એ થાકી જઈ પકડાઈ જાય છે. ચૌધરીની ટોળીનાં કેટલાંયે હરણહરણીઓએ આ રીતે પોતાનો જીવ ખોયો હતો.


વરસાદના દિવસોમાં એક ઝાડી નજીક ચૌધરી લીલું ઘાસ ચરી રહ્યો હતો તેવામાં એકદમ એના હોઠમાં એક તીણી સોય ભોંકાઈ. ઉછળીને એ એકદમ દૂર હટી ગયો અને હોઠને જમીન સાથે ઘસવા લાગ્યો. પરંતુ એની પરેશાની વધતી જ ગઈ. એને એક વીંછીએ ડંખ્યો હતો. એ દિવસે કંઈ ન ખાતાં એ આમતેમ ઘૂમતો, ઉછળતો, જમીન પર મોં ઘસતો જ રહ્યો.

ભાદરવા ને આસો મહિનામાં તો હરણાંને લહેર થઈ પડી. દિવસે તે ખેતરોમાં ચરતાં ને રાત્રે ખુલ્લા મેદાનમાં આવી જતાં. પરંતુ એ સાથે ક્યારેક ક્યારેક પાકની આડમાંથી શિકારીઓને એમને મારવાની પણ સુવિધા થઈ પડી હતી.


દિવાળી નજીક ખરીફ પાક ઊતર્યો ને રવિપાકની વાવણી શરૂ થઈ; પરંતુ હરણાંની ટોળી તો તુવેરનાં ખેતરોમાં મોજ માણતી જ રહી હતી. હા, એક દિવસે ચૌધરીએ મગના એક ભારા પર જેવું મોં લગાવ્યું કે એમાંથી એક ભયંકર ફૂંફાડો થએલો. તાપથી બચવા એક કાળો સાપ તેમાં આવી લપાયો હતો, પરંતુ બધાં સારાં વાનાં થઈ ગયાં. સાપે ફેણ તો ઉછાળેલી, પણ મગની દાંડીઓએ તેનો વેગ રોકી લીધો ને અરધા ઈંચથી ચૌધરીના હોઠ બચી જવા પામ્યા. જો એ કાળા સાપનો દાવ સફળ થયો હોત તો થોડી જ વારમાં ચૌધરીના તો રામ રમી ગયા હોત.

ઠંડીના કોપે થરથરતા દિવસે વિદાય લીધી ને રાતનો રૂપેરી હિંડોળો ચાલુ થયો. ચૌધરી પરથી માની મમતા ઓછી થતી જતી હતી ને તે પોતાની સાથી હરણીઓથી વધુ ને વધુ હળતીભળતી જતી હતી. ચૌધરીએ બેએક વખત ટોળીનાં મોટાં હરણોની વધુ નિકટ જવા પ્રયાસ કરેલો, પરંતુ એમની એક ટક્કરથી એને એની મૂર્ખાઈનું ભાન થઈ ગએલું, અને ત્યારથી એ એમનાથી બચતો રહેવા લાગ્યો હતો. ક્યારેક ટોળીના કાળિયાર નેતાની મસ્ત ચાલ તે જોતો ત્યારે મંત્રમુગ્ધ બની જતો. આજની રાતે તો એના ઝુંડના એક નવા પક્કા ઉમેદવારે ટોળીના નાયક સાથે જબરૂં યુદ્ધ જમાવેલું. ચૌધરી એ યુદ્ધ કલાકો સુધી જોતો રહ્યો અને એના અંતે નેતાને પરાસ્ત થઈ બહિષ્કૃત થતો પણ એ જોઈ રહ્યો.

માઘ મહિનો આવતાં સુધીમાં તો એની 'માનો મોહ એને છોડવો પડ્યો. એક તો એને પોતાને હવે માના નેતૃત્વની જરૂર નહોતી રહી, અને બીજું એ પોતે પણ હવે ચૌધરીની ઉપેક્ષા કરવા લાગી હતી. બીજો જેઠ આવતાં સુધીમાં ચૌધરીએ જવાનીમાં પગલાં માંડી દીધાં. એના શરીરમાં જુવાનીના લોહીનો ધમધમાટ શરૂ થઈ ગયો. બે નાનાં નાનાં શીંગડાં એને માથે નીકળી આવ્યાં હતાં, જે વડે ટોળીનાં સમવયસ્કોથી એ ક્યારેક ટક્કર લગાવતો. દોડમાં તો એનો કોઈ



એક ટક્કરમાં તો એને લાલપીળાં દેખાઈ ગયાં



નેતાગીરી માટેનો મુકાબલો

સમોવડીઓ એવો ન હતો જે એને ટપી જાય.

પરંતુ હજુ મોટેરાંઓ સામે ચૌધરીની ઍટ ન ચાલતી. એક વખત પોતાના જોમમાં મસ્ત થઇ એણે એક મોટા હરણથી ઝગડો માંડ્યો પરંતુ એક ટક્કરમાં તો એને લીલાંપીળાં દેખાઇ ગયાં. થોડી મૂર્છા બાદ એણે મા તરફ જોયું. પરંતુ ત્યાંથી તો શું, ક્યાંઇથી એને સહાનુભૂતિ ન મળી. અને એની માની નિગરાની નીચે તો એક નવું બચ્ચું આવી ચૂક્યું હતું.

એમ તો દોઢ–બે વર્ષમાં જ ચૌધરીનું પુરુષત્વ જાગી ઊઠ્યું હતું ને હરણીઓ તરફ એને સ્વાભાવિક આકર્ષણ પેદા થઈ ચૂક્યું હતું. ત્રણ ચાર વરસની ઉમર થતાં એણે ટોળીના નાયકનો સામનો કરવો શરૂ કરી દીધો હતો, પણ તેના સામે હજુ એ ટકી નહોતો શકતો. પરંતુ પાંચમા વર્ષમાં તો ચૌધરીનો આખો વાન બદલાઈ ગયો. એનો રંગ કાળો થઈ ગયો અને શીંગડાં પણ પુખ્ત થઈ ગયાં. ગર્દન હિંચાળી, પૂછ ઊંચી રાખી, મસ્ત ચાલે એ જ્યારે ચાલવા લાગતો ત્યારે નાયકની આંખ પણ એના પર કરડી થતી. આને લઇને ક્યારેક બંને વચ્ચે ટક્કર પણ જામતી પરંતુ ચૌધરી જાણી જોઇને યુદ્ધ વધુ ન લંબાવતો.

પરંતુ એક દિવસ ચૌધરી બગડી ઊઠ્યો. એક હરણી પ્રત્યે અધિક સ્નેહ બતાવતાં નાયકે વચ્ચે દખલગીરી કરી અને ચૌધરીથી એ સહન ન થતાં એણે સામો મોરચો જમાવ્યો. હરણીઓ દૂર ઊભી આ દ્વન્દ્વ જોવા લાગી. બંને પહેલવાનોની ઇજ્જત અને નેતૃત્વનો આ મામલો હતો. ટોળીમાં એક જ નેતા રહી શકે એ અફર નિયમ હતો. અને એ નેતાગીરીની એકજ કસોટી હતી-શક્તિનું પ્રદર્શન.

ટોળીના નાયકે અનુભવથી કામ લેવા માંડ્યું. શીંગડાંની સહેજ ઠીક લગાવી તે એક પડખે થઈ ગયો. ચૌધરી જોરથી તેના સામે ધસ્યો પરંતુ નાયકે મોકો જોઇ એની પીઠ પર એવું તો નિશાન સાધ્યું કે ચૌધરી પડતો પડતો બચ્યો. નાયકનો અનુભવ જબરો હતો, તો ચૌધરીની જુવાની પણ દીવાની હતી. કલાકેક બાદ વધતી ઉમરે ચડતી ઉમર સામે પોતાની કમજોરી પ્રદર્શિત કરવા માંડી. નાયકે છેલ્લું જોર કરી જોયું પણ ચૌધરી તો હવે મત્ત જ બન્યો હતો. નાયકનો થાક એના શ્વાસોચ્છ્વાસમાં જણાઈ આવતો હતો. છેવટે ચૌધરી વિજયી નીવડ્યો. ટોળીએ એનું નેતૃત્વ સ્વીકારી જૂના નાયકની ઉપેક્ષા કરી.

ચૌધરીએ ટોળીનું નેતૃત્વ ખૂબ ગૌરવપૂર્વક કર્યું. પોતાના નેતૃત્વના બીજા જ વર્ષમાં બીજી એક ટોળીના હરણે એનો મુકાબલો કર્યો, પરંતુ ચૌધરીએ દસ મિનિટમાં એને એવો પાંસરો કરી નાખ્યો, ને પછી એક એવી ટક્કર લગાવી, કે પાછા હટતાં પેલો હરણ એક કૂવામાં જઇ પડ્યો. કૂતરાં ને શિયાળવાંથી બચવા એ હમેશાં એવો તો માર્ગ પકડતો કે ટોળીમાંના સઘળાં તેની પ્રશંસા કરતાં.

ચૌધરીનું પુષ્ટ બદન, લાંબાં શીંગડાં ને સુંદર ચીકણી ખાલને કારણે ઘણાંના મોંમાં પાણી આવી જતું. કેટલીય વાર કેટલાય શિકારીઓએ બળદગાડીમા બેસીને ઝાડીની આડ લઇને એના પર નિશાન તાકવાનો પ્રયાસ કરેલો, પણ ચૌધરીએ એ બધાના હાથ હેઠા પાડ્યા હતા. જ્યારે પણ કોઈ બળદગાડી અથવા તો ઝંઝકાતા આવતા આદમીને જુએ કે તે અગિયારા માપી જતો ને એની સાથે એની ટોળી પણ ભાગી નીકળતી.

શિયાળાના દિવસોમાં પારધી લોકો એને પકડવાની

કોશિશ કરતા. એક બાજુ લાંબી જાળ લગાવી બીજી બાજુથી એને ઘેરી લેતા. પરંતુ જાળની નજીક આવતાં જ ચૌધરી વીસ ફૂટ લાંબી ફાળ મારી સાફ સાફ બચી જતો. પારધી લોકો તથા બીજા શિકારીઓ દાંતમાં આંગળાં નાખી એ કરામત જોઈ જ રહેતા.

પરંતુ કાળ વીતતાં ચૌધરીનાં પણ પાણી ઓસરતાં થયાં. મનુષ્યોના કૃત્રિમ જીવનમાં નેતૃત્વનો ભાર બુદ્ધિની ગુમાની ઘરડી બોખલી વ્યક્તિઓ પર રહે છે, પરંતુ પશુજગતમાં તો એમના જાતિરક્ષણનો સવાલ પ્રધાન હોઇ નેતૃત્વ હમેશાં બલિષ્ઠ અને જબરદસ્ત સદસ્યને જ માથે રહે છે. બુઢાપામાં નાયકને પદભ્રષ્ટ કરી દેવામાં આવે છે. તદનુસાર ચૌધરીના નેતૃત્વનો પણ અંત એ જ રીતે આવ્યો, જે રીતે એણે પોતાની ટોળીના હરણના નેતૃત્વનો અંત આણ્યો હતો.

હરણીઓથી ઉપેક્ષિત અને ટોળીથી બહિષ્કૃત ચૌધરી એકાકિલો થઈ ગયો. દિવસે એ ખેતરોમાં છૂપાઈ રહેતો અને રાતે બહાર નીકળતો. ક્યારેક કોઈ બપોરે એકાદ બાવળિયાની છાયા નીચે એકલો બેઠો બેઠો એ પોતાની ટોળીને હસરતભરી નજરે જોઇ રહેતો. જો કે એ સાવ શિથિલ નહોતો થઇ ગયો, પરંતુ પોતાના પ્રતિદ્વન્દ્વીને પરાસ્ત કરવા જેટલી શક્તિ હવે એનામાં રહી ન હતી.

માણસોથી તો એ ખૂબ ગભરાતો, અને એથી જ કોઇને હાથ તે ન આવતો. પરંતુ એક કુશળ શિકારીએ એક આખું અઠવાડિયું તેના પાછળ પરેશાની વેઠી. એક દિવસે ચાર વાગ્યે ચૌધરી એક ઝાડીને ઓઠે બેઠો હતો. ક્ષીણ રશ્મિઓ વડે સૂરજ ક્ષિતિજને રક્તવર્ણું બનાવી રહ્યો હતો. બધાં ઝાડ યોગીઓની માફક શાન્ત મુદ્રાએ ખડાં હતાં. ત્યારે વિરક્ત ચૌધરી ત્યાંથી ઊઠીને વર્ષોનાં સ્મરણોનો બોજો પોતાના શિરે લાદી ધીમે ધીમે પોતાના શયનસ્થાને સચેત પગલે ચાલવા મંડ્યો.

ઝાડીમાં પચાસેક ગજ આગળ વધી એ સહેજ ખચકાયો, કે કંઇ કરતૂત તો તેના સામે નથી અજમાવાયુંને! પરંતુ એ અટક્યો એ સાથે જ અરધી મિનીટમાં 'ધાંય' કરતો એક અવાજ થયો ને રેમિંગ્ટનની ગોળી તેનું કલેજું પાર કરી ગઇ. ધરતી પર પડ્યો ચૌધરી ચારે પગે એ શક્તિને પ્રાર્થી રહ્યો હતો, જેણે એને જન્મ આપ્યો હતો. જન્મતી વખતે ધરતી માતાએ એને પોતાની ગોદમાં લીધેલો; મરતી વખતે પણ એ જ ધરતી માતાએ પોતાની ગોદમાં એને પોઢાડી દીધો.

શ્રીરામ શર્મા

ઈસુની અઢારમી સદીમાં



લેખક
શ્રી સુરેશ દીક્ષિત
એમ.એ., એમ.એસસી.

ગુજરાતી સાહિત્યમાં સ્ત્રીઓએ રચેલા સાહિત્યની અને તે કરતાં યે સાચવેલા સાહિત્યની કદર થઇ નથી. મીરાંબાઇ વિના બીજી કોઇ સાહિત્યક સ્ત્રી જનસામાન્યમાં જાણીતી નથી. પરંતુ મીરાંબાઇ ગુજરાતની રહેવાસી ન હતી અને તેનું સાહિત્ય ગુજરાતી સાહિત્ય છે એ કો'ક કબૂલે પણ નહિ. પર્વત પાસે ટેકરી, નદી પાસે ઝરણું અને વૃક્ષ નીચે વેલો ઢંકાઈ જાય તેમ દીવાળીબાઇ, કૃષ્ણાબાઈ અને ગવરીબાઇનાં નામ આપણા સાહિત્યના ઇતિહાસનાં પાનાંમાં છુપાઈ ગયાં છે. ઇસુની અઢારમી સદીનાં તેઓ ધરદીવડાં છે. તેમના જન્મ પહેલાં કેટલી યે સદીથી બાળલગ્ન, વૈધવ્ય, સતીનો અગ્નિપ્રવેશ વગેરે સ્ત્રીઓના જીવન માટે નિર્માણ થયાં હતાં. ભક્તો 'નારીનિંદાનું અંગ' ગાતા. 'નારી નરક કી ખાણ,' 'નારી નિર્દય, નઠોર, કઠણ, કૃપણ' વગેરે તેમને માટે લખાઇ ચૂક્યું હતું. આમ છતાં ય રણમાં ઝરણા જેવી કોઇકોઈ સતી, શૂરી અને પતિવ્રતા સ્ત્રીઓ પૂજાતી. એવા ફક્ત પુરુષના જમાનામાં ખૂણેખાંચરે દબાએલી, ડરાએલી સ્ત્રીઓ પણ ધર્મસાહિત્યમાં રસ લેતી એની સાક્ષી સમાં એ ત્રણ છે.

ડભોઇનો એક બ્રાહ્મણ વતની સંવત ૧૮૪૭ (ઇ. સ. ૧૭૯૧)ના દુષ્કાળમાં એક રામભક્ત સાધુને વિધવા છોકરી સોંપી તીર્થયાત્રાએ ચાલી નીકળ્યો. આ છોકરી તે દીવાળીબાઇ. સાધુએ તે છોકરીને વાંચતાંલખતાં શીખવી રામાયણનું અધ્યયન કરાવ્યું. ત્યાર પછી આ બાઈ અયોધ્યાની જાત્રા કરી આવી અને રામભક્ત તરીકે એની ખ્યાતિ પ્રસરી. કોઈ ધાર્મિક પાટીદારે તેને ગોલવા ગામમાં રામમંદિર બંધાવી આપ્યું. વખત જતાં શ્રદ્ધાળુઓએ વડોદરામાં પણ એવું એક મંદિર

ગુજરાતી સાહિત્યમાં ઘરદીવડા જેવી પ્રકાશી ગએલી સ્ત્રીકવિ

દીવાળીબાઇ

★

બંધાવી આપ્યું. આ ધર્મનિષ્ઠ બાઇ ઉપર નીતિભ્રષ્ટતાના આરોપ ચડેલા. ઇર્ષાની આગ તેના ઉપર વર્ષેલી. છેવટે આ સાધ્વી અયોધ્યા જવા નીકળી અને ગુજરાતમાંથી ગઈ તે ગઇ, ફરી કદી ય પાછી ન આવી. દીવાળીબાઇના જીવન સંબંધે ઝાઝી માહિતી નથી. મધ્યકાલીન સાહિત્યમાં કાવ્યને અંતે આત્મચરિત્ર કે તિથિવાર લખીને તેના ઉપર લેખકનો સહીસિક્કો ન મરાતો હોત તો આજ કેટલા ય લેખકો ખોવાત.

'અવતરી બ્રાહ્મણને ઘેર, સંતો રામના રે;
પામી દુઃખડાં પેર પેર, સંતો રામના રે.
બાળાપણમાં વિધવાબાઈ, સંતો રામના રે;
ગયાં મુડકા નામે ગવાઇ, સંતો રામના રે.'

× × ×

'દીવાળી કરી રામ ભજન, વસિયાં સુખે રે;
મૂળે ડભોઇ નામે ગામ, વસિયાં સુખે રે.
ત્યાંથી ગોલવા માંહી મુકામ, વસિયાં સુખે રે;
ત્યાંથી વડોદરે અધવાડ઼, વસિયાં સુખે રે.
મંદિર રામજીનું બાંધ્યું સારૂં, વસિયાં સુખે રે;
રાત દહાડો રામજી રામ, વસિયાં સુખે રે.'

તુલસીપંથની આ બાઇએ રામનામે મનુષ્ય રૂપી દેહપત્થર ભવસાગરે તાર્યો છે. શુદ્ધ સાહિત્યની દૃષ્ટિએ એની ગરબીઓમાં કવિત્વ નથી, કળા નથી. સાદી ભાષા ને સાદી કડીમાં મનના તાપસંતાપ ટાળવા આ કાલીઘેલી વિધવા રામભક્તિ કરે છે. ન તો શૃંગાર, હાસ્ય કે કરુણા તેની કવિતા કે ભાષામાં છે. તેનામાં નવુંનવતેરૂં કશું જ નથી. વિષય પણ નવનવો નથી. પરંતુ આપણા સાહિત્યમાં કૃષ્ણની આસપાસ જેટલું સાહિત્ય ઘડાયું છે તેટલું રામ પાછળ નથી લખાયું. વાલ્મીકિ, વ્યાસ અને તુલસીદાસનાં રામાયણ જાણીતાં છે. ગુજરાતીમાં ગિરિધર, ઉદ્ધવ અને વિષ્ણુદાસનાં રામાયણ સચવાયાં છે. દીવાળીબાઇએ રામજીવનના જ પ્રસંગો વર્ણવેલા છે. દેશના રાજકીય ઇતિહાસમાં રાજાઓની લડાઇઓ, વંશોની ચડતીપડતી અને દેશના કલહકંકાસ તથા વ્યક્તિઓની મહત્ત્વાકાંક્ષાઓ અને પ્રભાવ કે જુલ્મ નજરે પડે છે. સમાજના જીવનનું પ્રતિબિંબ, લોકની રહેણીકરણી, આચારવિચાર અને પ્રજાના જીવનનું ઘડતર જાણવા માટે તો સાહિત્ય એક મોટું સાધન છે. સામાજિક દૃષ્ટિએ દીવાળીબાઇ જેવી રંકના વિચાર અને વાણી ભૂતકાળ સમજવા અમૂલ્ય છે. પુરાણા, ઘસાએલા, કાટ ખાધેલા સિક્કા કે લેખ જેવું તેના સાહિત્યનું મૂલ્ય છે. રામના જીવનના જન્મથી રાજ્યાભિષેક સુધીના ચાર પ્રસંગોમાં અઢારમી સદીના ગુજરાતના સામાજિક જીવનના અને વિચારના પ્રત્યક્ષ ઓળા છે. કલ્પના આછી છે. પ્રેમાનંદ જેવા કવિના આલેખનમાં રામાયણના પ્રસંગ વર્ણનમાં કલ્પના અને કવિત્વથી એટલા ફરી જાત કે એમને સમજવા સમજાવનારની આવશ્યકતા ઊભી થાત; ભાષ્ય કે વિવેચનની જરૂર પડત.

'કાંઈ તોરણ બાંધ્યા છે તાનમાં,
કાંઈ ચંદરવા અતિ માનમાં રે; છે આનંદ આજ.
કાંઇ આસોપાલવ આણિયા,
કાંઈ ભોગ ઘણા મન માણિયા રે; છે આનંદ આજ.
કાંઇ ધૂપ તો સારા કર્યાં,
કાંઇ સાથીઆ તો સારા ભર્યા રે; છે આનંદ આજ.
કાંઈ રાજમેલ રંગાઇ ગયા,
દીવાળી આનંદ તો અતિશે થાય રે; છે આનંદ આજ.'

આથી વધારે સીધુંસાદું મંડપનું વર્ણન કયું હોઇ શકે!

દીવાળીબાઇની રામજન્મની ગરબીઓ દશરથની ત્રણ સ્ત્રી કૈકેયી, સુમિત્રા અને કૌશલ્યાને ગર્ભ રહે છે ત્યાંથી શરૂ થાય છે. ત્યાર પછી રૂઢી અનુસાર તે સ્ત્રીઓનાં રક્ષાબંધન, સીમન્ત વગેરે તેમાં કરાવે છે. બાપનું તેરમું, બૈરીનું સીમન્ત અને માનું શ્રાદ્ધ એ કુટુંબના લ્હાવા ગુજરાતમાં આજે ય કંઈક પ્રચલિત છે. સીમન્તમાં રાજાએ ગામ જમાડયું, દસ દિવસના ઓચ્છવ કર્યા અને દૂઝણી ગાયો આપી. આ પ્રસંગે દશરથ પાસે એના જીવના જીવ કૈકેયીએ માગી માગીને માટી માગી, સુમિત્રાએ નળિયું અને કૌશલ્યાએ કોયલા રાખોડી ખાવાને માગ્યાં. સ્ત્રીઓની મનોવાંચ્છનાનું આ ચિત્ર સ્ત્રી વિના બીજું કોણ ઓળખી શકે? રઘુવંશમાં દિલીપની સ્ત્રીને કાલિદાસે

માટી ખાતી વર્ણવી છે. આજે પણ ગામડાઓમાં આ જાતની ઘણી વિચિત્રતાઓ જાણીતી છે. પ્રજાના આહારમાં કૅલ્શીઅમની ઊણપનો એ પુરાણો પુરાવો હશે? સમાજના કહેવાતા ગામડીઆ અને અભણ કે અર્ધશિક્ષિત વર્ગમાં 'ગજરામારૂ' 'ગુલબકાવલી' અને 'સદેવંત સાવલીંગા'ની વાતો 'નૂપુરઝંકાર' કે 'પૃથિવિવલ્લભ' કરતાં વધારે પ્રચલિત હોય કે સન્માનિત હોય તો તેનું કારણ સીધા માનવ હૃદયના પ્રાથમિક ભાવનો વિષય, સમજાય એવી એ જ વર્ગની ભાષા અને જીવનમાં અનુભવાય એવી રસિકતાને લીધે છે. વિદ્વાનોને માન્ય એવું સાહિત્ય એ વર્ગમાં પરભાષા અને પરલોકી સાહિત્ય જેવું છે. જીવનની કેટલી ય સત્ય હકીકતો દીવાળીબાઇએ જણાવી છે. સામાજિક રીતરિવાજનાં એમાં વર્ણન રસિક છે. રાજમહેલની રહેણીકરણી પ્રજાના જીવનને અનુરૂપ છે. ભલી બાઇએ છ એ શાસ્ત્રથી ઊંચું ભૈરક શાસ્ત્ર એમાં સમાવ્યું છે.

દીવાળીબાઇની કવિતામાં શિખાઉ ચિત્રકાર જેવી વાંકાચૂંકા રેખા છે; રંગ નથી, ભાત કે ભરત નથી. પરંતુ તેનામાં નિરીક્ષણશક્તિ છે. બાળલીલામાં બાળક્રીડાનું વર્ણન આજે પણ ઘેરઘેર અને થોડીએ પારણે એનું એ જ છે. જ્યાં સુધી જગતમાં બાળક અવતરશે ત્યાં સુધી એ જ રહેશે. જિદ્દ કરવી, બચકાં ભરવાં, ખડીઆ ઢોળવા, કાગળ ફાડવા એમાં કયાં છોકરાં કોને ઘેર નિપુણ નથી હોતાં?

'ઘડીમાં હસતા રમતા રામ, ફાકિયારીઓ કરે જી રે;
ઘડીમાં રડતા કોળેકોળ, હઉથી ઝાઝા ડરે જી રે.
ઘડીમાં પકડવા દોડે ધાઇ, હઉને ભાગવા જી રે.'

આવા જ નિરીક્ષણથી દોરેલા કેટલાક પ્રસંગો હૃદયસ્પર્શી છે. કાળા વાળમાં ધોળું પળિયું જોઇ ચોંકી જતો દશરથ અને આવતી વૃદ્ધાવસ્થાનાં તેમાં થતાં દર્શન આજે પણ ઘણાને મૂંઝવે છે. આવાં થોડાંક ચિરંજીવ તત્ત્વ આ બાઇની કવિતામાં છે ને છે જ. કવિતા જો માનવના માનસનો અને હૃદયનો ઇતિહાસ હોય તો તે અહીં થોડે અંશે છે. ખરૂં છે કે ધારધાર નથી પણ થોડાં ફોરાં જ છે.

'આટલામાં મુખ નિહાળે રાયજી,
એવે અવનવું એક તો થાય જી રે; તમે સુણો સહુ.
એક પળિયું તો દીઠું રાયજી,
તેથી અવનવું એક તો થાય જી રે; તમે સુણો સહુ.
જોઈ પળિયું ને ભડકયા રાયજી,
તેથી રાણી તો ઘણું કચવાય જી રે; તમે સુણો સહુ.'

દીવાળીબાઇની કવિતામાં એક ઉચ્ચ કલ્પના રામ નિંદ્રામાંથી વહેલા ન જાગે માટે ચંદ્રને કરાતી વિનતિમાં છે:

'હું તો ચાંદાને કહું ધીમો ચાલે,
એ છે દેવ કયમ સામું ભાળે રે; બાઇ દિન ન ઊગે.
તોય ચાંદાને દેઉં દવાઈ,
તારા ગુણલા નહિ ગાઉં ભાઇ રે; બાઇ દિન ન ઊગે.
ચાંદા દેવ તારા સુખ માટે,
અમને દુઃખી કરે શે સાટે રે; બાઇ દિન ન ઊગે.
મુઓ ચાંદો મારૂં ના માને,
દીવાળી દુઃખી કર્યો ભગવાને રે; બાઇ દિન ન ઊગે.'

વીસમી સદી પહેલાં હિંદુ સમાજમાં બ્રાહ્મણ અને અસ્પૃશ્ય શૂદ્ર વચ્ચે આભ-જમીનનો ફેર હતો. નર અને નારીમાં પણ ઊંચનીચનો તફાવત હતો. 'બાયડી બુદ્ધિ વગરનો બનાવ' એને 'નહિ ભજનનો અધિકાર.' રૂઢીએ બાળવિધવા માટે અનીતિનાં અને અધોગતિનાં દ્વાર ખુલ્લાં મૂકયાં હતાં. જે કાળમાં વૈધવ્ય એટલે છેડા વગરનું દુઃખ હતું અને જીવતાં મરી રહેવાનુ હતું તે સમયે ઇશ્વરભક્તિ એ જ દુઃખીનો આરો હતો. તેમાં ય ગરીબી અને લાચારીમાં રામશરણ વિના છૂટકો જ ન હતો. રામનામે દીવાળીબાઇને વૈધવ્યે વિમળ કરી છે, વિધવાનો અવતાર ધન્ય કર્યો છે.

'ઊંચ નીચ વિધવા સધવા ય, રામજીને એક છે રે;
એને નથી ધનનું કામ, રામજીને એક છે રે.
એ તો જુએ છે સારી નીત, રામજીને એક છે રે;
વળી બીજી જુએ છે સારી રીત, રામજીને એક છે રે.'

નીતિમય જીવન ગુજારી આ બાઇ સાધ્વીજીવન જીવી ગઈ છે. સમાજના બંદીખાનેથી કૂદી પડી તે શૌર્યમય જીવન વટાવી ચાલી છે. અંધકારમાં નીકળેલા તણખા જેવી તેની ગરબીઓ અને ભજન છે. પરલક્ષી અને વર્ણનાત્મક પદ્ય તેની જીર્ણાએ વસ્યું છે. સાહિત્યને દફતરે પરીક્ષક તેનું સ્થાન ગમે તે નક્કી કરે. પરંતુ માનવતા અને નીતિને ચોપડે તે ઊંચે છે. અંધાધુંધીના સમયે ત્યજાએલી, કચડાએલી વિધવા એ મૂગી સ્ત્રીઓની વાચા છે, તેમનું પ્રતીક છે.

સંસારનાં શહેરો

૧૨–પારીસ

ફ્રાન્સની રાષ્ટ્રપ્રવૃત્તિની સઘળી રેખાઓ જે કેન્દ્રમાંથી ફૂટે છે એ એની રાજધાનીના શહેર પારીસને ફ્રાન્સવાસીઓ ફ્રાન્સના મગજ તરીકે જ ઓળખાવે છે. પરંતુ એને એકલા ફ્રાન્સનું કહેવા કરતાં જગતનું નગર કહેવું એ વધારે યોગ્ય છે. એકેએક ખંડજાતિરાષ્ટ્રનું પ્રતિનિધિત્વ એ ધરાવે છે. એની શાળા મહાશાળાઓ દુનિયાભરના વિદ્યાર્થીઓનું પ્રધાન આકર્ષણ રહી છે. કહેવાય છે કે એક વખત જોયા પછી પણ આ નગર સાથે જેને મહોબત ન બંધાય એવો માણસ નિઃશંક સંગદિલ જ હોવો જોઇએ.

આવું ચુંબકસમું સંકર્પણ પારીસમાં ક્યાથી આવ્યું ? એ સવાલનો એક જ જવાબ આપી શકાય કે એના વૈવિધ્યથી. એકમેકથી ચડિયાતાં અનેકાનેક સૌન્દર્યસ્થાનો તે ધરાવે છે. જબરા દુષ્કર્મ કિલ્લા સાથે રાજધાનીનું શહેર રહ્યું હોવા છતાં દુનિયાનું એ સૌથી મોકળું શહેર રહ્યું છે. જેટલી કામની ધમાલ એટલો જ ફુરસદનો રંગોલ્લાસ ત્યાં અનુભવાય છે.

'The history of Paris is the history of France' એ ઉક્તિમાં જરા યે અતિશયોક્તિ નથી. ફ્રાન્સનો ઇતિહાસ ઘડવામાં સૌથી અગત્યનો ભાગ પારીસે ભજવ્યો છે. ઠેઠ રોમનોના ગૌરવકાળમાં પણ એ (ત્યારે એ લુટેશિયા કહેવાતું) જાહોજલાલ શહેર હતું. ફ્રાન્સનું પાટનગર એને બનાવ્યું ફ્રેન્ચ રાજસત્તાના સ્થાપક ક્લોવિસ ધ ફ્રાન્કે ઇ. ૫૦૮માં. પંદરમી સદીમાં થોડો વખત એ તેના હસ્તક રહ્યા સિવાય ત્યારથી એ પાટનગરનો જ દરજ્જો ભોગવતું આવ્યું છે.

આ પારીસમાં જ વતન માટે વલવલતા જોન હાવર્ડ પેને એનું 'Home, Sweet Home' લખેલું અને ફ્રાન્સનું રાષ્ટ્રગીત 'લા માર્સેયા' પણ એ શહેરમાં જ કારાવાસ ને કાલાકોના ભોગ બનેલા રૂજે દ લીલે લખેલું. બેઠે બેઠે લખતાં થાકે તો ઊભે ઊભે લખનારા અથાક લેખક વિક્ટર હ્યુગોએ આર્દીના નોત્રદામના ઘુમટ પરથી જ પારીસનું નિરીક્ષણ કરેલું અને ઉત્પાતો જગતાં 'Place de Vosges'માં 'લ મિઝરાબ્લ'ની હસ્તપ્રતો મૂકીને નાઠેલો.

પારીસનો ઇફેલ ટાવર અમેરિકામાં ક્રિસલર અને એમ્પાયર સ્ટેટ બિલ્ડિંગ ઊભાં થયાં પહેલાં દુનિયાનું સર્વોચ્ચ નિર્માણ ગણાતું. સવા દોઢ કરોડ ડૉલરે એના બનાવેલા જમીનની નીચેના રસ્તાઓ પર બીજા કોઇ પણ દેશના એવા રસ્તાઓ કરતાં વધુ લોકો અવરજવર કરે છે. આમોદ પ્રમોદનાં સાધનોનું પણ એટલુંજ વૈપુલ્ય એ ધરાવે છે. સૉર્બોની એની વિખ્યાત વિદ્યાપીઠ તો ઑક્સફર્ડ અને કેમ્બ્રીજનાં વિદ્યાધામોથી યે પુરાણી છે. સીન નદીને ડાબે પડખે આવેલું એનું વિદ્યાધામ 'સ્ટુડન્ટસ ક્વાર્ટર' કે 'લાટિન ક્વાર્ટર' તરીકે ઓળખાય છે. એની સાંકડી શેરીઓમાં આવેલી પુસ્તકોની ગીચોગીચ દુકાનો એને એક કિતાબખાનું જ બનાવી દે છે.

એ લાટિન ક્વાર્ટરની સામે જ આવેલું લુવ્ર પારીસનું મહાન કલાધામ છે. વીનસ દ મિલો ને મોનાલિસાથી માંડી



આસીરિયા ને મિસરના અવશેષોમાંની જગજાણીતી કલાકૃતિઓ એમાં સંઘરાએલી છે. આમ પણ પારીસમાં બીજા કોઈ પણ શહેર કરતાં વધારે કલાકારો વસે છે. એકલા જીવંત કલાકારો જ નહિ, તમામ કલાઓનાં ઉત્કૃષ્ટ સંગ્રહસ્થાનો પણ તે ધરાવે છે.

એ લુવ્રના સૌન્દર્યની હરીફાઈ કરી શકે એવું પારીસનું બીજું સૌન્દર્યસ્થાન તે નોત્રદામનું દેવળ. સીન નદીમાં એક નાના ટાપુ પર ઊભેલી એ ઈમારતની ભવ્યતા ને કલામયતા પર આફરીન વરસાવ્યા સિવાય ભાગ્યે જ અન્ય ઉદ્ગાર નીકળે. એથી આગળ જતાં 'Invalides'નું સોનેરી શિખર સૂર્યપ્રકાશમાં ઝગઝગતું જણાશે. એની જ ગોદમાં પ્રજાસત્તાક યુરોપના સ્વપ્નસેવી નેપોલિયનની કબ્ર આવેલી છે.

આ નેપોલિયન પહેલાએ પારીસને સુંદર બનાવવા પાછળ પુષ્કળ શ્રમ લીધેલો. ફ્રાન્સની વિજીગિષાના પ્રતીક તરીકે એણે 'Arc de Triomphe' ઊભી કરેલ, જે મહાન કમાન નીચે ફ્રાન્સના અજ્ઞાત સૈનિકની આરામગાહ આવેલી છે. નેપોલિયનના વૉટર્લૂના પરાજય પછી બ્રિટિશો અને પ્રુશિયનોએ પારીસનો કંઈ ઓછો વિધ્વંસ નહોતો આદર્યો. નેપોલિયન ત્રીજાના વખતમાં તે ફરી આબાદ બન્યું હતું, જો કે એ પછી સામ્યવાદીઓ (Communards) તથા ગયા મહાયુદ્ધમાં જર્મનોએ એને ઓછું નુકસાન નહોતું કર્યું. આજે પાછું એ જર્મનોના હાથમાં ગયું હોઈ, રાજધાની બીજે ખસેડવામાં આવી છે.

દખ્ખણ ધ્રુવ પર વસાહત

દખ્ખણ ધ્રુવના અભ્યાસી સાહસવીર બાયર્ડનું નવું પ્રસ્થાન

કશાથી ડરવા ન સરજાએલો, પાતળિયો ને તરવરિયો જુવાન ડિક બાયર્ડ, જમીન દરિયા ને આસમાન ત્રણેનો અજોડ વિહારી છે. સાહસમાં જ લુત્ફ માણનાર એ ખમીરવંતા સાહસબાજનું બયાન 'કુમાર'ના ૧૪૮ ને ૧૪૯મા અંકમાં વાંચી જજો. ધરતીના બંને છેડા સમા ધ્રુવોના ઝંઝાપ્રદેશો ઘૂમી વળનાર એ અમેરિકન જુવાન આજે ફરીવાર કટિબદ્ધ થયો છે, અને તે પણ એની સાહસિકતાની પૂરેપૂરી ચકાસણી કરનાર તથા અનેક સાહસિકોનું કબ્રસ્તાન બનનાર દખ્ખણ ધ્રુવને સર કરવા માટે.

ત્રણત્રણ વાર દખ્ખણ ધ્રુવની વિજયી સફર સાધી આવનાર બાયર્ડની એ પ્રદેશની આ ચોથી સફર છે, અને અનેક રીતે એ સ્મરણીય છે.

અમેરિકાની સરકારની સહાયથી દખ્ખણ ધ્રુવ પર પહેલવહેલું આક્રમણ આજથી એક સૈકા પર મોકલાએલું. આ સો વર્ષના વચગાળામાં એ હંડા કરાળ વેરાન પર અનેક નાટકો ભજવાઈ ગયાં. અને જુદાંજુદાં આક્રમણો સાથે સૌથી વેગળા એ વિસ્તારની ભૂસ્તરીય તથા બીજી વૈજ્ઞાનિક બાતમી એટલી બહાર આવી કે આજે આગળપડતાં બધાં રાષ્ટ્રોનું ધ્યાન તેણે ખેંચ્યું છે. બાયર્ડની આ સફરનો હેતુ આ રાજકીય હોંસાતોંસીમાં અમેરિકાનું સ્થાન નક્કી કરવાનો છે. અમેરિકાની સરકારે એ માટે એ સફરમાં સાઠ હજાર પૌંડ આપ્યા છે. દખ્ખણ ધ્રુવના જબરા ભાગ પર અમેરિકાએ પોતાનો હક જાહેર કરી દીધેલો હોઈ હવે ત્યાં એ વસાહતો સ્થાપવા માગે છે.

અમેરિકન સરકાર અને અમેરિકન ઉદ્યોગપતિઓના પુરસ્કારથી પ્રોત્સાહિત થઈને બાયર્ડે પોતાની આ સફર ખૂબ બારીકીથી યોજી છે. અગાઉની કોઈ પણ સફરમાં નહિ હોય એટલાં સાધન-સરંજામો એણે સાથે લીધેલાં છે ને ભૂતકાળની એકેએક ક્ષતિનો એણે અભ્યાસપૂર્વક નિકાલ આણ્યો છે.


એના સરંજામમાં સૌથી પહેલું ધ્યાન તો ૩૭ ટનની એની 'સ્નો ક્રૂઝર' ખેંચે છે. સાથેના ચિત્રમાં બતાવ્યા પ્રમાણે એ જામેલા બરફ પર વચ્ચે આવતી તિરાડોની પરવા વિના નિઃશંક ચાલી શકે છે. સલામતીની સઘળી સગવડો અને એક વરસ ચાલે એટલી ખોરાકી સાથે એ ક્રૂઝર પર એક વિમાન પણ રાખવામાં આવ્યું છે. આ તોતીંગ જહાજ બાયર્ડની અગાઉની એક સફરના જોડીદાર ડૉ. ટૉમસ સી. પોલ્ટરે જ બનાવેલું છે. એની લંબાઈ ૫૫ ફૂટ અને બરફ પરની ઝડપ કલાકે ૨૫ માઈલ હોઈ, એન્જિનરૂમ, ડાર્કરૂમ, રસોડું, સ્ટોરરૂમ તથા સ્પેર પાર્ટ્સના જુદાજુદા ખંડમાં વહેંચાએલી છે. ઉપરનું વિમાન જરૂર પડતાં દસ જ મિનીટમાં ઊડવા માટે તૈયાર થઈ જાય એમ છે. રેડિયો તો સાથે હોય જ ને? અને એટલું પણ બસ નથી. એ ઉપરાંત ત્રણ લશ્કરી ટૅન્કો અને બીજાં બે જબરાં વિમાનો પણ સાથે જવાનાં છે, કારણ દુર્વાસા સમા એ દખ્ખણ

ધ્રુવની ક્રોધઝાળ સામે વિમાનો જ કારગત નીવડે છે.

અને એ આખીયે સફરટોળી ચુનંદા શોધસફરીઓ, મોજણીદારો, ખગોળશાસ્ત્રીઓ, ભૂસ્તરશાસ્ત્રીઓ અને એવા અનેક શાસ્ત્રીઓની બનેલી છે. બધાની સંખ્યાની એ ટોળીમાં એ શાસ્ત્રીઓ સિવાય જેટલા છે એ બધા ત્યાં વસાહત માટે જવાના છે. એ વસાહત દ્વારા જ અમેરિકા એ વિસ્તારમાં પોતાનો હક્ક ન્યાય્ય ગણાવી શકે એમ છે. શૂન્યથી યે વીસ અંશ નીચે જ્યાં સરેરાશ ઉષ્મામાન રહે છે અને પાંચ પાંચ મહિનાની લાંબી રાતો રહે છે ત્યાં વસાહત કરવા કેડ બાંધનાર એ માનવો કેવા મર્દદિલ હશે!

આ વસાહતીઓની ખોરાકી પોશાકીની—સગવડ ઉપરાંત એમને અઠવાડિયે બે બોલતી ફિલ્મો બતાવવામાં આવશે અને એક હજાર પુસ્તકો ઉપરાંત પાંચસો સામયિકો પૂરાં પાડવામાં આવશે. રહેવા માટે વાયરલેસની સગવડવાળાં રહેઠાણો કરી આપવામાં આવશે.

બાકીના જગતની પહેલાં અમેરિકા પોતાનો દાવો ત્યાં સાબૂત કરવા માગે છે તેનું કારણ ત્યાંની ભૂસ્તરસમૃદ્ધિની મળેલી ભાળ છે. રશિયાએ ઉત્તર ધ્રુવ પર પોતાની છાવણી નાખી ત્યાં સોનું, રૂપું, કોયલા વગેરેની ખનિજ સમૃદ્ધિ હાથ કરવા માંડી છે. એ જ રીતે



બાયર્ડે જહાજ પર લીધેલી ૩૭ ટનની 'સ્નો ક્રૂઝર' પંદર ફૂટની ધાંચ કેવી સહેલાઇથી ઓળંગે છે તે બતાવ્યું છે.

અમેરિકા દક્ષિણધ્રુવનો ૬,૭૫,૦૦૦ ચોરસ માઇલનો પ્રદેશ હાથ કરવા માગે છે.

પરંતુ બાયર્ડનો હેતુ કંઇ અમેરિકન સરકાર માટે ત્યાં વસાહતો સ્થાપવાનો નથી. એ તો ગૌણ વસ્તુ છે. પોતે ત્યાંનો પૂર્ણ માહિતગાર હોવાથી એ પ્રવૃત્તિની નિગેહબાની માત્ર કરનાર છે એટલું જ; બાકી એનો મુખ્ય હેતુ તો એ આખા વેરાનની મોજણી કરી એનો અદ્યતન નકશો બનાવવાનો છે. એ પોતે તો ત્યાં ચાર વર્ષ થોભવાનો છે અને જગત પાસે હાલ છે એ કરતાં દક્ષિણ ધ્રુવને લગતી અનેકગણી વિપુલ જ્ઞાનસમૃદ્ધિ સંચીને જ પાછો ફરવાનો છે.



બાયર્ડની ધ્રુવસફર માટે અમેરિકાનું સરકારી જહાજ—જેના પર સકુટુંબ વસાહતીઓ, તેમનો સરંજામ, વિમાન સહિતની સ્નો ક્રૂઝર, શોધખોળનાં સાધનો અને છેલ્લી ઢબની બધી તૈયારીઓના સરંજામ સાથે બાયર્ડ બોસ્ટનથી ઊપડ્યો છે.

★ પહેલું સુખ તે જાતે નર્યા ★

કસરત ક્યારે ન કરવી?

નિરામય શરીર માટે રોજની થોડીઘણી કસરત આશીર્વાદ સમી નીવડે છે એ વાત આજે કોઈને સમજાવવા બેસવાની ભાગ્યે જ જરૂર છે. વ્યાયામ કેમ કરવો અને ક્યારે કરવો એ વિષે તો ઘણું બધું લખાઈ ગયું છે. આજે આપણે વ્યાયામ ક્યારે ન કરવો એની જ ચર્ચા અહીં કરીશું.

સંપૂર્ણ ભોજન લીધા પછીના બે કલાક દરમિયાન કદી કસરત ન કરવી જોઈએ એ વાત ખાસ યાદ રાખવી; કારણ, પાચનક્રિયાની જેમ સફળ કસરત પણ લોહીનો વધારો માગે છે અને એથી સફળતાને ધોકો પહોંચે છે. ખાધા પછી તરત કરેલી કસરત પાચન અને વ્યાયામ બંનેને બગાડે છે. જોકે પચનક્રિયાનું કાર્ય તો બે કલાક પછી પણ ચાલે છે, પરંતુ એ પહેલાં કરતાં મંદ હોય છે. જ્યારે જમ્યા પછીના તરતના બે કલાકમાં વ્યાયામને લઈ મચનારાઓમાં અસ્વસ્થતા, નબળાઈ અને ક્યારેક તો મૂર્છા આવી ગયાના દાખલા પણ બન્યા છે.

ઝડપી વ્યાયામ કરતાં ધીમો અને લાંબા સમયનો વ્યાયામ વધારે ઇચ્છનીય છે; જેવું કે ફરવું, તરવું, ટેકરાઓ ચડવા વગેરે. અને એવા હળવા વ્યાયામમાં વચ્ચે થોડો ઉપાહાર લીધો હોય તો એ શરીરને હાનિ કરવાને બદલે ઉલટો સ્ફૂર્તિ આપે છે.

કેટલાક વરસ પર વળી પથારીમાંથી ઊઠીને તરત વ્યાયામ કરવાનો પવન ફેલાવવામાં આવ્યો હતો, પણ એ માત્ર ધતીંગ જ છે. કારણ, એ વખતે શરીરમાં લોહીનું દબાણ તથા ઉષ્મામાન નીચામાં નીચાં હોઈ વ્યાયામ વડે તેમાં થતો ઝડપી વધારો સારીને બદલે વિપરીત જ અસર કરે છે. એવી જ રીતે સૂતાં પહેલાંના થોડા વખતનો વ્યાયામ પણ નાપાયાદાર છે. એથી મગજમાં લોહીનો તાજો ભરાવો થઈ વિચારશક્તિ ઉત્તેજાય છે, જે ઊંઘના દુશ્મનની જ ગરજ સારે છે.

ખૂબ જ થાક લાગ્યો હોય ત્યારે અથવા કોઈ શારીરિક ઇજા કે માંદગી વખતે પણ વ્યાયામપ્રવૃત્તિ બહુ ન વિકસાવવી; કારણકે એવી સ્થિતિમાં મન વ્યાયામનો જોઈતો આનંદ લઈ શકતું નથી; એટલે શારીરિક અને માનસિક બંને રીતે તે હાનિકર્તા નીવડે છે.


ધંધાદારી લોકોને માટે કસરતનો સારામાં સારો વખત નમતા પહોરમાં વાળુના પહેલાંના એક કલાકનો છે. એ વ્યાયામ અને પછીનું ભોજન શરીરને પૂરતી આસાએશ આપી મનને એવું તાજું બનાવી દે છે કે ત્યાર પછી બીજું કંઈ પણ કાર્ય કરવા માટે તે પૂરતું તૈયાર થઈ રહે છે. દિવસના અંતે ઘણા માણસો એવા વિવશ બની જાય છે કે તેમને કશા કાર્યમાં પરોવાવાનું મન નથી થતું અને તેથી જ્યાંત્યાં પોતાના શરીરનો ખડકલો કરી દઈ, રાત પડવાની રાહ જોતા પડ્યા રહે છે. એ વિવશતા શારીરિક શ્રમને લીધે હોય તો રમતગમત વગેરે મનને બહેલાવવાનાં હળવાં સાધનો અજમાવવાં; પણ જો માનસિક શ્રમને કારણે હોય તો તો થોડી કસરત તેને પાછો બહારમાં આણી દે છે.

વ્યાયામ કેટલા પ્રમાણમાં કરવો તેનો ચોક્કસ જવાબ તો કોઈ આપી શકતું નથી—ડૉક્ટરો સુદ્ધાં નહિ. પોતાની ગુંજાશનું માપ દરેકે પોતાની જાતે જ મેળવી લેવું રહ્યું.

જીવનનો ઉદ્દેશ આનંદ લેવાનો જ હોય તો સ્વસ્થ શરીરમાંથી મળતો આનંદ જતો કરવા જેવો નથી જ. અને વ્યાયામ એ આનંદનો સૌથી યોગ્ય પ્રદાતા છે. એનાથી શ્વાસોચ્છ્વાસનો વેગ જેમ વધે છે તેમ તેનું ઊંડાણ પણ વધે છે. શરીર આરામમાં પડ્યું હોય ત્યારે એ ક્રિયા એટલી તો ધીમી ચાલે છે કે ફેફસાંનો ૩/૫ ભાગ પણ ભાગ્યે જ એની પાછળ રોકાય છે; જ્યારે વ્યાયામ પછી એની કામગરી ફેલાઈને લોહીનું ચાર કે પાંચગણું ઝડપી શુદ્ધીકરણ થાય છે.

ઊંઘને હમેશાં શારીરિક શ્રમ આમંત્રે છે, માનસિક શ્રમ નહિ. અને શારીરિક થાક મોટા સ્નાયુઓના ખેંચાણથી નીપજે છે, જ્યારે માનસિક (**neuro-muscular**)થાક નાજુક સ્નાયુઓના ખેંચાણથી જન્મે છે. પરંતુ એ બંને પ્રકારના થાકનો બોજો શરીરના બીજા કોઈ પણ ભાગો કરતાં હૃદય અને રક્તશિરાઓ પર ઊતરે છે, એટલે પોતાની સહનશીલતાની સીમાએ પહોંચ્યા કે એથી વિશેષ આગળ શારીરિક કે માનસિક કશો શ્રમ કદી ન વધારવો.

(અમેરિકન મેડિકલ એસોસીએશનના માસિક 'હાઇજીઆ' પરથી)



જીવનનું પરોઢ

ભાગ ત્રીજો

પ્રકરણ · અગિયારમું

આભ ફાટ્યું

દંડી શહેરની અદાલતમાં પોતાનો ગુનો કબૂલ કર્યાનો બાપુજીનો કાગળ આવ્યા બાદ થોડા કલાકે સમાચાર આવ્યા કે બાપુજીને નવ મહિનાની કેદ મળી છે. અઠવાડિયું–બે અઠવાડિયાં, મહિનો કે ત્રણ મહિના સુધીની કેદ સાંભળવાને અમે ટેવાઈ ગયા હતા. છ મહિનાની કેદ સત્યાગ્રહીને આપી શકાય છે એ પણ અમે જાણતા હતા. પરંતુ નવ મહિનાની કેદના ખબર અમારે સારૂ નવાઇની હતી. બાપુજીનો આદર કરીને ગોરા અમલદારો એમને પકડતા ન હતા. તેજ ગોરાઓએ બાપુજીને નવ મહિનાની સજા આપી એ એમની ચીડ કેટલી બધી વધી ગઈ હતી તેનો પુરાવો હતો.

બાપુજી પકડાયા પછી સત્યાગ્રહ કૂચની આગેવાની કરતા મિ. પોલાક બે હજાર માણસો સાથે ટોલસ્ટૉય ફાર્મ તરફ ધસ્યે જાય છે એવા ખબર આવ્યા. પછી તો ખબરોના ઝુમખેઝુમખા આવવા માંડ્યા. એ બધાનો એવો ખાચડો થઇ ગયો કે એ દિવસોમાં પણ જો પૂછ્યું હોત કે શું પહેલાં બન્યું ને શું પછી બન્યું તો ત્યારે પણ તે ન કહી શકાત. એટલે આજે તો એ ક્યાંથી યાદ આવે? અમુક સ્ટેશનેથી એક ટ્રેન ચિકાર ભરીને ૬૦૦ માણસોને વૉલક્રસ્ટ લઇ આવવામાં આવ્યા છે; આટલાં સો માણસોને જેલ મળી છે; મિ. કેલનબેકને પણ જેલ ભેગા કરવામાં આવ્યા છે; ટ્રેનોની ટ્રેનો ભરીને બધા હડતાલિયાઓને પાછા ખાણ ઉપર લાવવામાં આવ્યા છે; ખાણોને જ જેલના રૂપમાં ફેરવી નાખવામાં આવી છે; અમુક અમુક ખાણોની આસપાસ પોલીસ ફરી વળી છે; હવે તો જેલોમાં લોકોને એમનાં પોતાનાં કપડાંભેર રાખવામાં આવે છે. કેદીને પહેરવા પાથરવા સારૂ જેલમાં હવે કપડાં જ નથી રહ્યાં; જેલોના ચર્ચમાં પણ કેદીઓને ભરી દેવામાં આવ્યા છે;—આમ ઊંઘતાં ને જાગતાં, સૂતાં ને બેસતાં, ખાતાં ને પીતાં, ચોવીસે કલાક ખબર આવ્યા કરતા. એક સાંભળીને હજુ એ સહી ન ગયા હોય ત્યાં બીજા, ત્યાં ત્રીજા. જાણે રણક્ષેત્રમાં ઊભા રહી બધું પ્રત્યક્ષ જ જોતા ન હોઇએ!

દંડીમાં સજા થઈ ગયા પછી બેત્રણ દિવસે વૉલક્રસ્ટમાં બાપુજી, મિ. પોલાક અને મિ. કેલનબેક ત્રણેને એક સાથે સજા કરવામાં આવી. બાપુજીની નવ મહિનાની જ સજા સાંભળીને અમે ચમકી ગયા હતા ત્યાં વળી બીજી ત્રણ મહિનાની સાંભળી. અમારી બાલ નજરે એ ગાળો બહુ લાંબો થઇ પડ્યો. નવ ને ત્રણ બાર મહિના તે ક્યારે પૂરા થાય? એક વરસ! એક વરસ તે કોને કહેવાય? જાણે અમારા પર આભ ફાટ્યું. મારા મનમાં એ વિચારો ઘોળાવા લાગ્યા: શું બાપુજી હવે એક વરસ સુધી નહિ મળે? હું અગિયાર વરસનો મટી ઠેઠ બારનો થઇશ ત્યારે માંડ બાપુજી છૂટવાના. મને બાર વરસના થતાં કેટલી બધી વાર લાગશે? બાપુજીને તો દંડીના નવ મહિના ઉપરાંત વળી વૉલક્રસ્ટના પણ નવ મહિનાની સજા થઇ હોત તોપણ તેઓ ડોકું ધુણાવત અને હસતા હસતા જાત; જેલમાં નિરાંતે બેસત. પણ ત્યાં ઊભું વરસ એમ ને એમ પૂરાઇ રહેવું કેમ ગમે! ઠીક છે; એમને આરામ મળશે. ત્યાં બીજું કંઇ નહિ તો ઊંઘ તો બરાબર મળશે જ. પણ એમને વરસદહાડા સુધી આરામની ક્યાં જરૂર છે! બે ત્રણ મહિનાની કેદ મળી હોત તો કેવું સારૂં! આપણી ફીનિક્સવાળી ટુકડી કોણ જાણે કેટલી યે વાર પકડાશે અને છૂટશે ત્યારે બાપુજીને એ મળશે! બાપુજી નહિ હોય તો તો તેઓ અહીં આવવાનું પણ માંડી વાળે ને છૂટ્યા ભેગા પાછા ટ્રાંસવાલની હદ ઓળંગશે. આવા અનેક વિપત્તિઓ અને કાલની કલ્પનાના ખ્યાલોમાં અમે સૌ ડૂબી ગયા. બાપુજીને જેલ મળે એમ ઇચ્છનારા અમે અને પછી એનો શોક કરનારા પણ અમે જ!

વૉલ્કરસ્ટમાં શિક્ષા થઇ ગયા પછી તુરત બાપુજી, મિ. પોલાક અને મિ. કેલનબેક ક્યાં ગુમ થઈ ગયા એનો પત્તો ન લાગ્યો. સરકાર ત્રણેને સાથે તો ન જ રાખે એવી અમને ખાતરી હતી. તેઓને જુદી જુદી જેલમાં લઈ જવામાં આવ્યા છે તેવા, તથા ડર્બન, મારિત્સબર્ગ, વૉલ્કરસ્ટ કે નાતાલ તરફની કોઈ જેલમાં તેઓ ન હોવાના, સમાચાર મળ્યા. જ્યાં જ્યાં તેઓ હોવાનો સંભવ હતો ત્યાંના વેપારીઓને તાર કરીને મગનકાકાએ પૂછાવ્યું. પણ કેટલી યે વાર સુધી કોઇનો જવાબ એવો ન આવ્યો કે તેઓ અહીંની જેલમાં છે. રહી રહીને ચારપાંચ દિવસે ખબર મળ્યા કે બાપુજીને કેદ ઑરેંજ ફ્રી સ્ટેટની રાજધાની બ્લુમફોન્ટીનની જેલમાં, મિ. કૅલનબેકને પ્રિટોરિયાની જેલમાં અને મિ. પોલાકને ડીપ્લુફની જેલમાં રાખવામાં આવ્યા છે. બાપુજીને ફળાહારમાં ડઝનેક કેળાં, ચાર ટમેટાં, બે ચમચા ઑલિવ ઓઇલ અને મગફળી આપવામાં આવે છે. બાપુજીનું શરીર અત્યંત કૃશ થઇ ગયું છે તેથી દાક્તરે દૂધ કે માખણ લેવાનું કહ્યું, પણ તે તેઓએ ન લીધું એટલે છેવટે દાક્તરની સલાહથી એમને બદામ ને અખરોટ પણ આપવામાં આવે છે. જેલમાં બીજી રીતે બાપુજીને સાવ આરામ છે. વાંચવાને એમણે પુસ્તકો મગાવવા માંડ્યાં છે. એમની સજા સાદી કેદની હોવાથી આખો દિવસ બેસી રહેવું પડતું હોવાથી એમણે કંઇક કામ કરવાની પણ માગણી કરી છે.

માંડ અઠવાડિયું વીત્યું હશે એટલામાં બાપુજીની કૂચ એમને સુણાવાએલી સજા અને એમનો જેલનિવાસ બધું જૂનું પુરાણું થઇ ગયું; એટલે કે દિવસો એટલા બધા લાંબા થઇ ગયા કે પાંચ દિવસ પંદર દિવસ જેવા લાગ્યા.

ફીનિક્સમાં પણ હડતાલિયાઓ ભરાવા લાગ્યા. આસપાસનાં શેરડીનાં કારખાનાંનાઅસંખ્ય ગિરમિટિયાઓએ હડતાલ પાડી અને જેમ નદીનો ખાલી કોરો પટ પૂર આવતાં બંને બાજુથી ભરાવા માંડે એમ ખાલીખમ થએલું પાંચ દસ માણસની વસ્તીવાળું ફીનિક્સ સૈંકડો ને હજારો લોકોથી ઉભરાવા લાગ્યું. આવનારાઓને અમે પૂછીએ કે 'કહાંસે આતે હો?'

'ઉસ મઉંટેજકોંબકી કોઠીસે આતે હૈ?'

'ક્યોં કામ છોડ દિયા?'

"હમારે રાજાકો સરકારને કૈદ કિયા હૈ, સરકાર ઉસકો બંદ કરે તો હમ ક્યોં કામ કરેં!" એ ભોળા લોકો નેતા કે અગ્રણી કે એવા કોઇ શબ્દ જાણતા જ ન હતા. તેઓએ તો બાપુજીને રાજા જ બનાવી મૂક્યા!

હિંદુસ્તાનના ઇતિહાસમાં ડગલે ને પગલે વાંચવા મળે છે કે અમુક લડાઇમાં રાજા ઘાયલ થયો, રાજાનો નેજો ઝૂક્યો, સેનાપતિ માર્યો ગયો અથવા રાજા કેદ પકડાયો કે આખી સેનામાં નાસભાગ શરૂ થઇ. જીતને કાંઠે આવેલી લડાઈ રાજા વિનાના બાવરા સૈનિકોએ હારમાં ફેરવી નાખી. પણ હિંદીઓની આ સદીઓ-જૂની પરંપરાએ દક્ષિણ આફ્રિકામાં સમૂળો પલટો ખાધો. પાણીપત, પ્લાસી, હલદીઘાટ કે એવાં બીજાં યુદ્ધોમાં વિજેતાઓએ લડાઇના નાયકને પછાડીને ક્ષણભરમાં પોતાનો ડંકો વગાડી દીધો. એક વીર ખાયે કે હજારો મરણિયા કાયર! અને આવી રીતે કચરાતાં કચરાતાં ભારતીય આઝાદી સાતમે પાતાળ જઇ પહોંચી. નાતાલ પ્રાંતમાં ગુલામોને યે શરમાવે એવી કફોડી હાલતમાં સડતા ગિરમિટિયાઓએ હિંદુસ્તાનને કપાળે વળગેલી કાયરતાની આ કાળી ટીલી ધોઇ નાખી. દરબારગઢમાં રોજ પરોઢીએ તલવાર ઘસીને તથા દાલતલવારના પેંતરાઓ રચીને તૈયાર થએલા રણવીરોની એ ફોજ ન હતી. દાદા કે પરદાદાના જમાનાથી નસેનસમાં વહી રહેલા ક્ષત્રિયોના લોહીનો ત્યાં અભાવ હતો. એ ગિરમિટિયાઓ મોટે ભાગે શૂદ્ર હતા. આપણા દેશમાં શૂદ્રોને યે ધર્મ, આચારવિચાર, સામાજિક વ્યવસ્થા તથા સંસ્કારપરંપરા ઓછી નથી હોતી. પરંતુ પાંચ હજાર માઇલ દૂર મહાસાગરને પેલે પાર જઈ પડેલા આ હિંદી ભાઇઓની હાલત શૂદ્ર અને અતિશૂદ્રથી યે ભૂંડી હતી. તાલીમ, સંસ્કાર જેવું સ્વપ્ને યે એમનામાં ન હતું. અમારી ટીનકાઓની નજરમાં પણ ફીનિક્સની આસપાસ વસતા ગિરમિટિયાઓ તણખલાની તોલના ન હતા. સ્વતંત્ર હરતા ફરતા હબસી ભાઇઓ પ્રિયે અમને મનમાં આદર ઉપજતો; એમની દોસ્તી કરવામાં અમને મજા પડતી. એમના ઈશારા ને હાવભાવ સમજવામાં અમને આનંદ આવતો; પણ રાત દિવસ માથું નીચું નાખી ગોરાઓની માલિકીનાં વિશાળ ખેતરોમાં આકરી મજૂરી કરનારા આ હિંદી ભાઇઓ પ્રત્યે હળમાં જોડાનાર બળદ કરતાં વધુ લાગણી અમારા મનમાં ન હતી. બીજાઓની વાત હું ન કહું, પણ

ફીનિક્સ આશ્રમમાં બાપુજીના હાથ નીચે તાલીમ લેવા છતાં મારી લાગણીઓ એમને વિષે શૂન્યવત્ હતી.

વીજળીના બળથીયે વધુ આકરું અહિંસાનું એ બળ હતું જેણે નમાલા–કંગાળ ગિરમિટિયાઓને શૂર ચડાવ્યું. ભલભલા કેળવાએલા તથા ઊંચા ગણાતા નબીરાઓને ભુલાવે એવા મહાન ગુણ અને પરાક્રમ એ ગિરમિટિયાઓમાં એણે પ્રગટાવ્યાં. લગભગ પોણો લાખ હિંદી મજૂરો નાતાલના ગોરા માલિકોની ગુલામીમાં હતા. અમેરિકાના હબસી ગુલામોમાં અને આ હિંદી ગુલામોમાં અંતર નામનું હતું. હાલત કોઇની કોઇથી ઊતરે એવી ન હતી. ન્યૂકૅસલની આસપાસની કોયલાની ખાણોના મજૂરોમાં સૌ પહેલાં શ્રીમતી થંબી નાયડૂની ટોળીએ આગ ચેતવીને હડતાલ પડી, પછી બાપુજી એમની વચ્ચે જઇને બેઠા અને હડતાલિયાઓને સુશીલ પ્રાણવાન બનાવવામાં એમણે પોતાની જાત ઓગાળી નાખી.

કોયલાની ખાણના આ મજૂરો બહોળા વિસ્તારમાં વસનારા ન હતા. બહુ પાસે પાસે રહેનારા હોવાથી તેમને હડતાલનો ચેપ જલદી લાગે એ સ્વાભાવિક હતું. એથી ઊલટું શેરડીનાં ખેતરોમાં કામ કરનારા ગિરમિટિયાઓ બહુ દૂર સુધી પથરાએલા હતા. ડરબનથી નીકળતી રેલગાડી હિંદી મહાસાગરને કાંઠે કાંઠે ઉત્તર તરફ ચાલી આવે છે તેની બંને બાજુ જેટલે દૂર નજર પહોંચી શકે એ બધા વિસ્તારમાં શેરડીનાં વાવેતરો છે. ડરબનથી વહેલી સવારે ઊપડેલી ટ્રેન દીવાટાણા સુધી દોડી જાય છે. એમાં સફર કરનારને સાંજ સુધી ભાગ્યે જ શેરડી શિવાય બીજું કંઇ નજરે પડે છે. કારખાનાં અને ખાણોમાંના મજૂરોને જેમ ટોળે વળીને કામ કરવાનું હોય છે તેમ ખેતીના મજૂરોને નથી હોતું. સાધારણ માન્યતા એવી છે કે હડતાલ કારખાનાંના મજૂરોમાં સંગઠિત કરવી સહેલી છે. એ અસરકારક હોય છે. પણ ખેતીના મજૂરોના સ્વભાવમાં હડતાલ નથી હોતી. તેઓ સહેજે સગઠિત નથી થઇ શકતા. વેરૂલમ, ટૉંગાટ, સ્ટૅંગર વગેરે સ્ટેશનો જે અમારા ફીનિક્સ આશ્રમથી પચ્ચીસ પચાસ માઇલ જેટલે દૂર હતાં ત્યાંના ગિરમિટિયાઓને ફીનિક્સ કે બાપુજી સાથે શી લેવા દેવા હોય? એમાંના હજારોએ તો બાપુજીને જોયા સાંભળ્યા યે નહિ હોય. એ દિવસોના બાપુજી મહાત્મા નહોતા બન્યા અને ગાંધી શબ્દમાં કોઇ જાદુ ન હોતો ભરાયો એ યાદ રાખવાનું છે. બાપુની એ તપસ્યા હતી, હિંદુસ્તાની બહેનોનું અહિંસક આક્રમણ હતું અને મરવું પણ ઝૂકવું નહિ એ સત્યાગ્રહીનું બિરુદ હતું, જે બાપુજીના સંપર્કમાં આવી ચાર હજાર ગિરમિટિયાઓએ પાળ્યું હતું. તેના વેગમાં કાયરો તો શું પણ દુશ્મનો યે તણાયા વિના રહી શકે એમ ન હતું. એક તરફ ગાંડાતૂર હાથી જેવી સરકાર અને તુમાખી તથા ગર્વીલા ગોરા માલિકો હિંદીઓના ભુક્કા ઉડાડી દેવા, હિંદીને ફરી પાછું કદી માથું ન ઊંચકવા દેવા દાંત કચકચાવી રહ્યાં હતાં બીજી તરફ બાપુજીની શિખામણ માથે ચડાવી હિંદી કોમે પોતે મરીમટીને ભારત માતાનું નાક અને પોતાના માની લીધેલા રાજાની આણ સાચવવાનો પાકો મનસૂબો કર્યો હતો.

નાતાલ પ્રાંતમાં એકેય ખૂણો એવો ન રહ્યો જ્યાં ગિરમિટિયા હોય ને હડતાલની આગ ન પહોંચી હોય. બાપુજી, મિ. પોલાક, મિ. કેલનબેક અને સત્યાગ્રહના કસાએલા અનુભવી માણસો ઊંડા કેદખાનામાં ધકેલી દેવાયા હતા. કોઇ પ્રચારક, કોઇ ભાષણકર્તા કે દૈનિક પત્રિકાઓ ન હતી જે આવી અણઘડ પ્રજાને દોરે. અને છતાં ટોળે ટોળાં લડાઇમાં 'યા હોમ' કરતાં આગળ આવ્યાં. હરેક ઘડી ને હરેક પળ વીતતી હતી અને સત્યાગ્રહીનું અહિંસક આક્રમણ બમણું ને ચોગણું થવા માંડતું હતું. આકાશવાણી દ્વારા જાણે હજારો ગિરમિટિયાઓનું સંચાલન, સંગઠન અને બલિદાન થવા લાગ્યું. આ જ વસ્તુને બાપુજીએ હજારો વાર આપણા અમોઘ સૂત્ર દ્વારા દર્શાવી છે. '**यथा पिंडे तथा ब्रह्मांडे**' બાપુજીએ પોતાના હૃદયને ઢંઢોળ્યું હતું, જગાડ્યું હતું, સુવાસિત કર્યું હતું. બાપુજીના દિલમાં શાંત-તેજસ્વી દીવો ઝળહળી રહ્યો હતો. પરિણામે એમના દેશભાઇઓના હૃદયમાં એ જ ચેતનાનો પડઘો અને પ્રતિબિંબ પડ્યાં હતાં. અને સૌના દિલમાં દીવા પ્રગટ્યા હતા. જેવો એક દીવો તેવા અનેક દીવા. ગોરી સરકારને મન જાણે આભ ફાટ્યું. એમણે ધારેલું બધું નિષ્કંટક કરવા. પણ એમને સારૂ આકાશમાં યે કાંટાનાં વન ઊભાં થયાં.

આ તો થઇ નાતાલના ઇતિહાસની વાત. હવે પાછો ફીનિક્સના ઇતિહાસમાં કેંદ્રિત થાઉં. કારણ મારે તો મારી બાળ નજરે બધી જ વાત મૂકવાની છે.

(ચાલુ)

પ્રભુદાસ છગનલાલ ગાંધી

જીવી જાણનારા

જે માનવજીવનનું સાચું મૂલ્ય શીખવી ગયા

[૬]

જીવિતદાન દેનારો હબસી

૧૮૮૨ના જાન્યુઆરીને છેલ્લે દિવસે સવારે દસ વાગ્યાને આશરે ન્યૂયૉર્ક શહેરમાં પાર્ક રો તથા બીકમન સ્ટ્રીટને ખૂણે આવેલી એક હવેલીમાં લાય લાગી.

હવેલીને ભોંયતળિયે દુકાનો હતી ને ઉપલી બાજુએ અનેક ઑફિસો હતી.

આ મકાન ઘણું મોટું હતું પણ એમાં એક જ સીડી હતી અને તે પણ લાકડાની હતી. કેવળ સીડી જ નહિ પણ આ પુરાણા મકાનનો મોટો ભાગ લાકડાનો તથા એટલો બધો સૂકો હતો, કે જ્યારે જાન્યુઆરીના આ કારાળા તથા તોફાની મંગળવારે એમ એકાએક આગ લાગી ત્યારે એમાં રહેલા અનેક માણસોને નાઠાબારી રહી નહિ અને તે અગ્નિના કાળમુખમાં પડીને ભસ્મસાત્ થઈ ગયા.

તે દારુણ દિવસે અનેક લોકોનો જીવ ગયો, પણ એક હબસી છોકરાની તરતબુદ્ધિ તથા હિંમતને પ્રતાપે ત્રણ જણ બચી ગયા.

બંબાવાળા ઘણું મથ્યા, તો પણ મકાન ઉપર જ્વાળા તથા ધુંવાડી ફરી વળી, અને કોઈ માણસ હવે એમાં રહ્યું નથી એમ લાગ્યું ત્યારે ઉપલે માળે એક ખૂણાની બારીએ ઊંચે ઊંચે ત્રણ માણસ પોતાના હાથ લંબાવતા જોવામાં આવ્યા.

એ ઉપરથી કૂદી પડે તો તત્કાળ મરી જાય એમ હતું. પાછા પણ એ જઈ શકે એમ નહોતું. ધુંવાડો, તાપ તથા અગ્નિ એની વાંસે લાગ્યા હતા. એના મુખ ઉપર નિરાશા છવાયેલી હતી. એને બચાવવા કેમ કરીને?

બંબાવાળા નીસરણી લઈ આવ્યા પણ તે ટૂંકી પડી. લાંબામાં લાંબી નીસરણી અર્ધે પણ ન પહોંચી. અંતે લાગ્યું કે કાંઈ નહિ બની શકે અને આ બાપડા અચૂક મરી રહેશે.

પણ ભયભીત તથા દયાર્દ્ર ભાવે જે મેદિની આ દેખાવ જોયા કરતી હતી એની વચ્ચે ચાર્લી (Charley) રાઈટ નામે બુટપૉલિશ કરનારો એક હબસી છોકરો હતો, તેને એક તેજસ્વી વિચાર આવ્યો, વિચાર પ્રમાણે તેણે આચરણ કર્યું અને ત્રણ માણસને ભયાનક મૃત્યુથી બચાવ્યા.

જેમ બીજા બધા તેમ ચાર્લી રાઈટ પણ ટગર ટગર ઊંચે જોતો હતો ત્યાં તેણે કાંઈક જોયું જેથી તે વિચારે ચડ્યો. એણે જોયું તો જ્યાં આ માણસ હતા તે બારીની બરાબર ઉપર મકાનના છાપરા હારે બાંધેલું ગંઠેલા તારનું દોરડું હતું, અને એ દોરડું શેરી ઉપર થઈને સામી બાજુએ એક તારના થાંભલાની ટોચ લગી ગયેલું હતું. થાંભલાની ટોચથી જો આ દોરડું કાપી નાખ્યું હોય તો તે એ ત્રણ માણસના હાથમાં આવે એવી રીતે બરાબર બારી આગળ પડે એમ પણ ચાર્લીએ જોઈ લીધું.

એક ક્ષણ પણ ખોવાને સારુ અવકાશ નહોતો. પાસે પથ્થર ઉપર બંબાવાળાનું સ્ક્રૂ ફેરવવાનું હથિયાર પડ્યું હતું તે ચાર્લીએ તરત ઊપાડ્યું, શેરીની સામી બાજુએ ગયો તથા ઊંચા લીસા તારના થાંભલા ઉપર ચડવા મંડ્યો.

પવનના ઝપાટા લાગતા હતા તથા બરફ પડતો હતો એટલે થાંભલે ચડવું સોયલું નહોતું, પણ મરણિયો બનેલો ચાર્લી આકરો પરિશ્રમ કરીને વેગ સહિત ચડ્યે ગયો તથા તરત જ થાંભલાની ટોચે આડા ઘોકા હતા ત્યાં પહોંચ્યો. ત્યાં પહોંચીને એ ઝપાટાબંધ કામે લાગ્યો.

એક પળમાં એણે તારનું દોરડું છૂટું પાડ્યું એવું જ તે બરાબર બારી આગળ પડ્યું. સાંપટમાં આવી ગયેલા ત્રણ માણસ જેવા આ દોરડું ઉતરીને નીચે આવ્યા ત્યારે ટોળે વળેલા લોકોએ આનંદથી કોલાહલ કરી મૂક્યો.

એક ક્ષણ તો જે બહાદુર છોકરાએ એને બચાવ્યા હતા તે ભુલાઈ ગયો. પણ આ વિસ્મરણ ક્ષણવાર જ નભ્યું. થોડી વારમાં તો વિષમ અવસ્થામાં ચાર્લી રાઈટની તરતબુદ્ધિ તથા તરતઆચારની વાત એકેએક જણને કાને પહોંચી ગઈ.

અમેરિકન હ્યુમેઇન(દયાળુ) સોસાયટીએ આ શૂરા છોકરાને ચાંદ આપ્યો. સમુદ્રને સામે કાંઠે આવેલા ઇંગ્લંડથી પણ લંડન દયાળુ સભાએ મોકલેલો સોનાનો ચાંદ આવ્યો તેના ઉપર આ શબ્દ કોતરેલા હતા:

'ત્રણ જીવ બચાવવા સારુ ચાર્લ્સ રાઈટને ભેટ, ૩૧ જાન્યુ., ૧૮૮૨.'

(ચેમ્બર્સની પાઠાવલી ઉપરથી) દે. વા.

કૂકડાં
જંગલી અને પાળેલાં

પરોઢનો સમય હતો છતાં રાતનો અંધકાર હજુ બાલારામનાં ઉતુંગ વૃક્ષની શિખરશ્રેણિને ગાઢ આલિંગન આપી રહ્યો હતો. ગઈ કાલના શ્રમિત મારા સાથીઓ હજુ ઊંઘતા હતા, પણ કાંઈક નવું જોવાની હોંશે હું પથારી તજી મંદિર પાછળની બાજુમાં મંદવાહિની નિર્ઝરિણી તટે ઊભો હતો. ચોપાસ ઘેરાએલી કાલિમામાં હું નિત્યની પરિચિત સામાન્ય વસ્તુઓથી દૂર પડી જઈ એટલો તો એકલોઅટૂલો બની ગયો હતો કે પાસેના ઝાડની ખરબચડી કઠણ છાલના સ્પર્શ માત્રથી પણ મને હૂંફ અને આશ્વાસન મળતાં હતાં. શીઆળાના અંતિમ દિવસો એટલે ટાઢનો ચમકારો પણ ઠીકઠીક હતો.

થોડી વારમાં આછીપાતળી શ્વેત પ્રભાનો સંચાર થયો. અંધારપટથી વિખૂટાં પડેલાં વૃક્ષ મૂર્તિમત્તા ધારણ કરવા લાગ્યાં. સાથેસાથે શિલાઓની કાલિમા પણ ઓજસ્વતી થતી દેખાઈ.

એ જ વખતે પાસેની ઝાડીમાંથી આછો કલરવ સંભળાયો. એ શું હશે એનો વિચાર કરું ત્યાં તો સ્પષ્ટ ઊંચા સ્વરે 'કયુક!' થયું. આ તો વન્ય કુક્કુટ! જેની પડખે હું ઊભો હતો એ ઝાડ તો હતું જંગલી કૂકડાનું રાતનું આધારસ્થાન. એ આશ્રયસ્થાનનો ત્યાગ કરી પ્રભાતમાં હેઠળ ઊતરતા કૂકડાનું આ પ્રાતઃસ્તવન હતું.

એ જ ક્ષણે ચોદશથી ઉપરાઉપરી અવાજ આવવા લાગ્યા. અંધારામાં આંખો ખેંચીને જોવાનું પ્રયોજન હવે ન હતું. કહીંક કોશીઓ, પણે 'બાઈજી ઘઉ દળું કે કાં . . . ક . . . રા' ભણતો કાળો તેતર, આઘે સરિતાતટે સાગની ઘટામાંથી ગાતો શૌબાગી—એમ ક્રમેક્રમે પક્ષિવૃન્દ જાગવા લાગ્યાં: એ બધાંની વચ્ચે જંગલી કૂકડાનો કલરવ પણ વાતાવરણ ગજાવતો હતો.

ત્યાં તો આસ્તે આસ્તે ઝાળાંની ઓથ તજી બહાર નીકળતાં કેટલાંક પંખી દેખાયાં. ગભરાટથી ચોપાસ નિહાળતાં, ડરતાં, દબાતે પગલે એ આવતાં હતાં. વચ્ચે વચ્ચે ઝાળાની આડમાંથી એમનો નાયક બોલતો સંભળાતો હતો. બીજી ક્ષણે તો એ જાતે આવી ઊભો રહ્યો. પ્રભાતની સોનેરી પ્રભામાં એની વિશાળ કાયા લાલાશભરી ભભકથી ઝળકી ચમકી ઊઠી.

આ બધું જોતો ચિત્રવત્ હું ઊભો હતો. ક્યાં, શા માટે આવ્યો છું, એનું મને ભાન ન હતું. કેવળ આ અદૃષ્ટપૂર્વ પંખીના ગૌરવને, એની દેહપ્રભાને, એના યૂથસંચારને જોતો જેમ હું બેભાન ઊભો હતો એમ મારી આડ આવેલા ઝાડના ઠૂંઠાને લીધે મારા અસ્તિત્વની એને પણ ખબર ન હતી. આવું ઘડીક બે ઘડી ટક્યું હશે. ત્યાં મારી પાછળની પગદંડીએ કોઈક ઊતરવા લાગ્યું. એ પદસંચાર સાંભળતાં જ 'કયુક' કરીને એ નાઠો. એના ભેગું એનું મંડળ પણ નાઠું. નાસીને બધાં ઝાળાં ઓથે ભરાઈ ગયાં અને મારી સમાધિ છૂટી ગઈ.

અત્યંત રમણીય ચિત્ર. જંગલી કૂકડાનો આ મારો પ્રથમ પરિચય. ત્યાર પછી તો એ જ સ્થળે તેમ તારંગામાં મેં એમને અનેક વખત જોયા છે, પણ પેલી પ્રથમ ક્ષણની મજા તો ફરી નથી જ આવી. આપણે ત્યાં એ ઠેરઠેર નથી થતા, એટલે એનો એકાદ વખતનો પરિચય પણ પંખીઓના અભ્યાસીને મન તો ધન્ય પળ જ ગણાય.

ભક્ષ્ય પંખીઓમાં શ્રેષ્ઠ ગણાએલાં હોવાથી, મનુષ્યને અત્યંત પરિચિત અને જરઠ ચંચુચરણવાળાં, મુખ્યત્વે જમીન પર જ વસનારાં પંખીઓનો એક વર્ગ છે. Rasores–Game Birds. એમાં કપિંજલ. બટેર. લાવરી, ચકોર. તેતર વગેરે આવે. કૂકડાનો અને મોરનો પણ એ જ વર્ગ. એમાં કૂકડાને કોણ નથી ઓળખતું! ગામડાં કે શહેરમાં. પાદરના પરોણા સમા વાઘરી અને બજાણિયાના કૂબામાં તેમજ વનવન વહેતી વણઝાર કે ઓડીઆની પોઠમાં પણ પળાતા આ પંખીનું વર્ણન બીનજરૂરી છે. છતાં એના વગડાઉ પીતરાઈઓને ઓળખનાર આપણે ત્યાં કોઈક જ નીકળશે. સમગ્ર ભારતવર્ષમાં તો એમની છ જાતો છે, પરંતુ ગુજરાતમાં માત્ર બે જ જાત નજરે પડે છે: ભૂરા કૂકડા અને લાલ કૂકડા. બંને ઊભું વરસ રહેનારી.

૧ ભૂરા કૂકડા
The Grey Jungle Fowl*

એના નરનો દેહ અઢી ફૂટ લાંબો. પાંખોનો વિસ્તાર

*Gallus sonnerati

પણ એટલો જ. પૂંછડી દોઢેક ફૂટની. કાંટો દોઢ બે આંગળનો.* માદા એનાથી નાની અને નાજુક.

રંગમાં ચાંચ પીળાશપડતી કાળી. આંખો નારંગી રંગે. પગ કાળાશ પડતા. નરનું આખું માથું અને ગરદન કાળાશ પડતાં ભૂખરાં પીંછાંથી ઢંકાએલાં. દરેક પીંછાની દાંડી શ્વેત, વાળ કાળા અને એમાં બે બે ટપકાં, લાખ જેવાં પીળાં. એને લીધે આખું અંગ ચિતરામણવાળું દેખાય. પાંખો ચળકતાં કાળાં અને આછાં ભૂખરાં પીંછાંવાળી. અંદર નારંગી પટો. કલગી, ગળાની બંને તરફની માંસગ્રન્થિઓ અને મોં ચળકતા લાલ રંગે. સંવનન પળે એ વધુ લાલ બને. બાકીના દેહનો વર્ણ ઘેરો ભૂખરો. ધોળી દાંડી અને ભૂરી કિનારીવાળાં પીંછાંથી ઢંકાએલો. પૂંછડીના ઉપરના આવરણ રૂપ લાંબાં પીંછાં ચળકતા બ્લ્યૂ બ્લૅક કે લીલા રંગની છાયાવાળાં.

માદાના શિરે કલગી ન મળે. એને માંસગ્રન્થિ પણ નથી હોતી. માત્ર આંખ ફરતી લાલ રંગની વાળ વિનાની ઉઘાડી ચામડી જ હોય છે. અન્ય રીતે નરને મળતી, પણ ટૂંકી પૂંછડીવાળી. માત્ર ઉપરના ભાગે ફીકા પીળા રંગની છાયાવાળી.

નરઃ જેવો એ સ્નિગ્ધમૂર્તિ છે એવો જ એ મૃદુ ચારુભાષી પણ છે. એની વાણી હલકભરી, આરંભે 'કુક્..કાયા...કાયા...કુક્' એમ ઊંચા સ્વરે અને અંતે 'કયુકું..કયુકું' એવી દ્વિપદી. છેલ્લાં પદ બે એટલાં તો હળવે, એટલા તો ઓગળી જતા સ્વરે અને માર્દવભર્યા હાળે લલકારે છે, કે એની મજા તો અત્યંત નિકટ જઈ સાંભળીએ તો જ સમજાય. એની શાબ્દિક મીમાંસા કરવી નિરર્થક છે. ગ્રામ્ય કુક્કુટની કઠોરતા એના સ્વરમાં જરી યે નથી જણાતી.

એ ગાન પણ હોય છે માત્ર નરપંખીનું. એ ય કેવળ ઉદય અને અસ્તના બે સંધિકાળેઃ મેઘ છવાયો હોય તો ક્વચિત મધ્યાહ્ને પણ. આટલું ગાન પણ ઊભું વરસ નથી ચાલતું. એનો રટણકાળ તો વર્ષાના અન્તથી તે ગ્રીષ્મના મધ્ય ભાગ સુધી જ. બાકીનો વખત એ નિતાન્ત મૌન સેવતો દેખાય છે.

આ પંખી આખા આરાવળ—બાલારામ, તારંગા, ખેડબ્રહ્મા (ખેડમાં છે એટલે વીરેશ્વરમાં પણ હશે જ), આબુ—માં ખૂબ વ્યાપક છે; એટલું જ નહિ પણ પંચમહાલ અને વડોદરા પાસે પણ જોવામાં આવે છે. ઉત્તર ગુજરાતમાં અન્ય સ્થળે એ નજરે નથી ચડ્યું. ગીરમાં આબુ જેટલી ઝાડી છે કે નહિ એની મને ગમ નથી, એટલે ત્યાં આ પંખીનો વસવાટ નથી જાણતો, પણ ગિરનારમાં તો એને મેં નથી જ જોયો.

આ જાતનાં પંખી તામ્રનખ કૂકડા પેઠે જૂથ બાંધી રહેતાં નથી. ક્વચિત એકાદ બે પાકટ વયના નર અને થોડાં કાચી ઉમરનાં બચ્ચાંનું નાનું સરખું ટોળું નજરે પડશે, પણ ઘણુંખરું તો એ એકલ દુકલ કે જોડકે જ ફરતાં હોય છે.

ગાઢ જંગલનાં વસનારાં છતાં આ પંખી સવાર-સાંજ ખુલ્લી વનસ્થલી પર ભમતાં નજરે પડે છે. વળી વર્ષામાં તો એ પૂરેપૂરાં દિવાસંચર બની જાય છે. વાંસનાં આછાંપાતળાં વન એમનું પ્રિય નિવાસ સ્થાન. એમાં એ છૂટાંછવાયાં ભમતાં રહે છે. પણ જો ક્યાંક સારીપેઠે ખેરાક મળતો દેખાય. તો ત્યાં ટોળે મળીને એ ઊભરાય છે.

પાળેલા કૂકડાનો જનાનો કોને અપરિચિત છે? છતાં એનો આ વગડાઉ પીતરાઈ હમેશાં એક જ માદાનો અનુરાગી રહે છે. ઈંડાં સેવવાની ખટપટમાં એ નથી પડતો, પણ પીલાંના પાલનપોષણનો વ્યવસાય તો માદા જેટલા જ ખંત અને ઉમંગથી કરે છે.

એના પગના કાંટા અત્યંત તીક્ષ્ણ અને વિદારક હોય છે, છતાં પેલા બદરીવરણા ચરણાયુધ જેટલો એ યુદ્ધપરાયણ નથી. એક જ પાંજરામાં અનેક પંખી-નરમાદા ભેગાં પૂરો છતાં યે એ કદી પણ બાખડતાં નથી. આવાં નિરુપદ્રવી છે એટલે સ્વભાવથી જ એ ભારે બીકણ હોય છે.

વગડામાં ભરપૂર વિવિધ આહારસામગ્રી હોવા છતાં, એમના ગ્રામ્ય સ્વજન પેઠે એ પણ છે સર્વભુક્. અનાજના કણ, ઘાસનાં બી, જીવાત, કીડા, ગ્રીણાં ફળ, બોર અને વિવિધ જંતુઓ: બધું ય એમને ખપે; ક્વચિત ઘાસની કૂણી કૂંપળો પણ.

ગ્રીષ્મ ઋતુ એમનો ગર્ભાધાનકાળ. એવે વખતે જાળાંનાં મૂળમાં કે ઝાડવાં હેઠળ, ખુલ્લી જમીન ઉપર જ બેચાર પાંદડાં ભેગાં કરી, એની વચ્ચે દૂધિયા રંગનાં લાલ ટપકાંવાળાં પાંચ છ ઈંડાં મૂકી દે છે.

---

*આનાથી પણ ભારે કાયાવાળાં પંખી મળી આવે છે. વસ્તુસ્થિતિ આવી છે છતાં પ્રાચીનોએ તો લખી નાખ્યું છે કે 'बृंहणः कुक्कुटः वन्यः, तद्वद्ग्राम्यः, गुरुस्तु सः!'

૨ તામ્રનખ કૂકડા

The Red Spur Jungle Fowl *

આપણા પળાતા કૂકડાનો પૂર્વજ આ જ હશે, એટલું બધું બંને વચ્ચે સામ્ય જોવામાં આવે છે. આપણે ત્યાં એમની વસતિ આબુ તરફ ખૂબ છે. બાળારામ કે તારંગામાં એ મારી નજરે નથી ચડ્યો.

રૂપે રંગે પહેલા કરતાં ચડી જાય, છતાં એની કાયા તો માત્ર સવા ફૂટની જ. એની ચાંચ મેલી લાલ, છેડેથી કાળી અણીવાળી. આંખો મેલી પીતવરણી. પગ લાલ. નરનો સમગ્ર વર્ણ ઘોડાના જેવો લાલ–પાકાં ચણીબોર જેવો. આંખ ફરતું શ્વેત કુંડાળું. પાંખો બદામી, અંદર ટપકાંવાળી. એને શિરે કલગી નથી હોતી. માદા કદમાં નાની. એનો અશેષ વર્ણ આછા બદામી અને કાળાની ભેળશેળવાળો. બંનેના પગે કાંટા. નરના દરેક પગે બે બે; ક્વચિત એક પગે ત્રણ, ક્વચિત એક પગે એક અને બીજા ઉપર બે. અણીદાર, લાંબા, કઠોર. માદાના દરેક પગે એક, ક્વચિત્ બે.

આબુ ઉપર વાંસનાં ઝુંડ વચ્ચે જ જમીન ઉપર ૬ થી ૮ ઈંડાં મૂકે છે. શિયાળો એમના સંવનનનો કાળ ગણાય. આહાર ભૂરા કૂકડા જેવો.

ગાઢ જંગલનાં વાસી આ પંખી જળાશય સમીપ છૂટાંછવાયાં ફરતાં સહેજે જોઈ શકાય છે. ઊડે ત્યારે ખૂબ ઝડપથી, છતાં દિવસના ભાગે સદા યે જમીન ઉપર જ ફરતાં ચરતાં હોય છે. માત્ર રાતે સૂવા પૂરતાં જ એ ઝાડની શાખાનો આશ્રય લે છે. એમનો કંઠરવ કઠોર અને તીખો હોવાથી કાનને અપ્રિય લાગે છે. એ બોલે ત્યારે પાળેલાં કૂકડાં જેવા ઢાળથી.

જે એકાદ બે વખત નજરે ચડ્યાં છે એ વિના આ જાતનાં પંખીનો મને વિશેષ પરિચય નથી, એટલે એમનો આનુવંશિક ગુણ 'લડાયક વૃત્તિ' એમનામાં કેટલે અંશે પ્રદીપ્ત હોય છે એ તો ન કહી શકું. પણ એમના અન્ય એક ભારતવર્ષીય સગોત્રીનો યુદ્ધ વિષયક રાગ જાણવા જેવો છે. એક નર અનેક માદાનો અધિકારી હોવાથી, અન્ય નરની સાથે સહેજે તો ભળતો નથી; પરંતુ સંવનન પ્રસંગે એની વિખવાદ કરવાની ટેવ ઉખળી ઊઠે છે. એવે પ્રસંગે એના હાથમાં અન્ય કૂકડો આવ્યો તો એના બાર જ વાગ્યા સમજવા. આવાં યુદ્ધ કંઈ વાટે ને ઘાટે થતાં નથી. એને માટે તો ગાઢ જંગલની વચ્ચે વિશિષ્ટ રંગભૂમિ પણ હોય છે. એની સપાટ ભોંય પર બંને પ્રતિસ્પર્ધીઓ ભેગા થાય છે અને પગના કાંટાથી એક બીજાનું વક્ષઃસ્થળ છેદતાં લડે છે. ક્વચિત બંને યુદ્ધમાં ખલાસ થાય, ક્વચિત્ એક જ મરે: પણ એમનાં આવાં યુદ્ધ અંતે મૃત્યુમાં જ પરિણમે એ તો ચોક્કસ.

વન્ય કુક્કુટ જેવી જ 'લડાયકવૃત્તિ' ગ્રામ્ય કુક્કુટમાં હોય છે એટલે શોખીનોએ પ્રાચીનતમ કાળથી જ હાથી અને ઘેટાની સાઠમારી કે લાવરી અને તેતરની લડાઈ પેઠે કુક્કુટયુદ્ધનો પણ રિવાજ પાડી દીધો છે. *

પશ્ચિમની દુનિયામાં સ્પેનના વતનીઓ એના વધુ પ્રશંસક અને અનુરાગી છે. ભારતવર્ષમાં કૂકડાની લડાઈ તેતર, લાવરી કે બુલબુલ જેટલી વ્યાપક નથી એટલે જ એ સ્થળે સ્થળે જોવામાં નથી આવતી. અમદાવાદમાં આવી લડાઈ થતી મારા જાણવામાં નથી એટલે એનો મને પ્રત્યક્ષ પરિચય નથી, પણ આ વિષયના દીર્ઘ પરિચયવાળા ભાઈ ઈ. ત. આ માહિતી આપે છે:

'તમે જાણો છો કે હું તો સામાન્ય પળાતાં કુકડાંની વચ્ચે ઊછર્યો છું. મારા પિતાને **Fighting Cocks** નો શૉખ હતો અને એમણે લગભગ ૧૫-૧૭ વર્ષ સુધી તે પાળ્યાં હતાં. પાળેલાં કૂકડાંમાં બે જાત થાય છે. શુક્રવારમાં આહાર માટે વેચાતાં તથા બબરચીખાનાંઓમાં પળાતાં ઊંચી ડુમવાળાં અને લાંબે રાગડે કુકડૂ.. ઊ....કૂ ઊ... ઊ... ઊ....ક કરીને બાંગ મૂકતાં કૂકડાંને કૂટિયાં કહે છે. એ માત્ર ખોરાકમાં જ વપરાય છે. લડાયકવૃત્તિ એમનામાં હોય છે ખરી; પણ નિધનપર્યવસાયી નહિ. પ્રતિપક્ષીની એકાદ સજ્જડ ચોટ વાગી જાય તો બેમાંથી એક ડુમ દબાવીને ભાગી જાય. સામાન્યરીતે નરમ જાત. પણ જે લડાયક જાત છે અને જે શૉખીનો, રજવાડાંઓ તથા એવા સાઠમારીપ્રેમીઓ પાળે છે તે ઉપલી જાત કરતાં જુદી તરી આવે છે. કથાડા રંગ–**dark brown**–કાળાશ પડતા તપખારિયા; ખુલતા તપખારિયા વગેરે એના સામાન્ય રંગ હોય છે. પીળાશ પડતા કે સફેદ નહિ. એની આંખ

*Galloperdix spadiceus

*વાત્સ્યાયન ગૃહસ્થાશ્રમના અલંકારમાં પોપટ, કોયલ, મેના, મોર, હંસ જેવાં ગાયક ભેગાં લાવરી, તેતર અને કૂકડા જેવાં લડાયક પંખી પણ ગણાવે છે.

મોતીના જેવી સફેદ અને પાણીદાર હોય છે, જ્યારે ફેટિયાંની મેલી કે માંજરી. ફેટિયાંને માથે મોટી કલગી હોય છે, જ્યારે આના કલગીના સ્થળનો માંસપિંડ અત્યંત ટૂંકો અને બુઠ્ઠો હોય છે; અને સંકર જાતિને લીધે કે કુદરતની અવકૃપા (!)થી જો એ કોઇને મોટો હોય તો શોખીનો એને કાપીને બુઠ્ઠો બનાવી દે છે; કેમકે લડતી વખતે પ્રતિસ્પર્ધી પોતાની ચાંચ વડે સામાના મોં પરના માંસપિંડની જ પકડ લઇને લાત મારે છે. એ સિવાય લડવા માટે બીજી પકડ હોતી નથી. એટલે મોં પર પકડમાં આવે એવો માંસપિંડ પાલકો રહેવા દેતા નથી. ફેટિયાંની જેમ આને ગળે કે કાને મોટાં લોલક પણ લટકતાં હોતાં નથી. પ્રતિસ્પર્ધી પકડ લેવા આવે એટલે પોતે તેનો સામનો કરે અથવા તો મોં છટકાવી દે, અને વળતા દાવે પોતે તેની પકડ લેવા મથે. આમાં તેઓ એટલી ચપળતા અને બળ પણ વાપરે છે કે કુસ્તી-બલ્કે બૉક્સિંગમાં બે જણ વચ્ચે ઘણીવાર જેવી 'ટાઇ' પડી જાય છે એવી આમાં પણ પડે છે, ને નિરીક્ષક ઉસ્તાદ તેમને છુટા પાડે ત્યારે, અગર તો બેમાંથી એક ચપળતાથી દાવ છટકાવી દે ત્યારે ઉખડે છે. 'ફેટિયાં' અને આ 'અસીલ' (fighting cockને શોખીનો એ નામ આપે છે) વચ્ચેની પરખનો બીજો મુદ્દો તે તેમની પૂછડીની ઊંચાઈનો. ફેટિયાંની પૂછડી-દુમ-હમેશાં ઊંચી રહે છે જ્યારે અસીલની દુમ તદ્દન ઢળકતી રહે છે. અને જેમ એ પૂછડીનો ઢોળાવ વધારે ઢળતો તેમ તેની જાત ઊંચી ગણાય છે. મુરઘા અને મુરઘી બંનેમાં આ દુમની પરીક્ષા થાય છે. લડવાના કાંટા (એને 'ખુર' કહે છે) બંનેને હોય છે. અલબત્ત, અસીલના 'ખુર'ની તેના પાલકો બહુ માવજત રાખે છે. તેના પર તેલ કે માખણનો હાથ અવારનવાર મારતા રહે છે, જેથી તે બરછટ બનીને બટકણા બની જાય નહિ; અને લડાઇ વખતે તેને તેજ ચપ્પુથી છોલીને અણીદાર પણ બનાવે છે. લડતાંલડતાં કોઇ અસીલ કુકડાના મોંમાંથી જરા સરખો પણ ચૂંકારો નીકળી જાય તો તે ઢીલો ને નામર્દ ગણાય છે, અને તેનો ઉસ્તાદ તેને ઠપકો આપે છે, તેમજ સામાવાળા ઉપહાસપૂર્વક ઉપાલંભ કરે છે. લડતી વખતે તેઓ બીલકુલ અવાજ નથી કરતા. સર્વત્ર સુમસામ શાન્તિ હોય છે. સંભળાય છે માત્ર થોડી વારે સર્જાતો ફટકા સાથે આવતી તેના 'ખુર'ની લાતનો અવાજ; અથવા તો લડાઇ લાંબી ચાલે ત્યારે બંને કુકડાઓના શ્વાસની ધમણનો ધીમો અવાજ.

એમના પગની લાતનો ખ્યાલ આપણને સામાન્ય માણસને આવવો ઘણો કઠણ છે. મને તેનો અનુભવ છે. જોકે છટક જ લાત વાગી હતી અને કાંટાના ઘામાંથી બચવા પામ્યો હતો, છતાં એ અછડતો પડેલો ફટકો પણ લાકડીના ફટકા જેટલો જોરદાર હતો અને બે દિવસ લંગડાવું પડ્યું હતું. બે કુકડા લડતા હતા તેને છોડાવવા ગએલો અને સાવચેતી ન રાખી તેમાં એ વાગી ગએલી. જો ખુરના ઘા વિનાની છટકતી લાત આટલી જોરદાર હતી, તો અણીવાળા ખુરની પૂરા જોરની લાત કેવી વિષમ હશે તેનો ખ્યાલ આ પરથી કાંઇક આવી શકશે. આવી અસંખ્ય-સેંકડો લાત પડતી હોવા છતાં અને લોહીલુહાણ થઇ જવા છતાં કુકડાના મોંમાંથી ઉચ્ચાર સરખો નીકળતો નથી. હા; આજુબાજુ જે બીજાં કુકડાં-કુકડીઓ-બચ્ચાં વગેરે તમાશબીનો હોય છે તેઓ બધાં જ આ વખતે અત્યંત શોરબકોર મચાવી મૂકે છે: "કૉક્ કૉક્ કૉક્ કૉક્ કકૉક્" એવા અવાજથી.

અવાજની વાત આવી ત્યારે 'ફેટિયાં' અને 'અસીલ' વચ્ચેની પરખનો એક બીજો વધુ મુદ્દો પણ જણાવી લઉં. ફેટિયાંની બાંગ છેવટના ભાગમાં લંબાતી હોય છે: કુકડુ . . ઊ . . . કૂ . . . ઊ . . . ઊ . . . ઊ . . .ક જ્યારે અસીલની ટૂંકી હોય છે: કુકડુ . . . ઊ . . . કૂક ! લાંબી બાંગ એ સંકર હોવાની નિશાની મનાય છે.'



(અનુસંધાન સામેના પાનેથી)

મહાત્માની છાપવાળું કંઈપણ આદરપાત્ર છે. એ પુરુષ તરફ મને સદ્ભાવ છે. એ બાબત હું હવે તમારા પર છોડું છું. મારા માટે તમારાથી બને તે કરજો.

'Crescent Moon'માંથી તમે કંઈક ઉતારી મોકલ્યું છે એ બધું શું છે? રવીન્દ્રનાથની એક ચોપડી મારી પાસે છે તે વાંચતાં હું કદી કંટાળતી નથી.

હું કેટલીક સ્ટાંપ આ સાથે મોકલું છું. ફીલાટેલીની પત્રિકામાં મેં વાંચ્યું કે હિંદમાં નવી સ્ટાંપો ચાલુ થઈ છે. મારે માટે થોડી ન મેળવી આપો?

મને આશા છે કે તમારી મિત્રતા સંભારીશ.

જલદી જવાબની રાહ જોતી ભાવપૂ[rn]

Effie Seidung

Our Friends Abroad

જગતના વિવિધ દેશોનાં તરુણ મિત્રો જોડે પત્રવ્યવહાર સાધવાની માહિતી આપતો વિભાગ

૫ મે ૧૯૩૯

પ્રિય વિનુ,

તેં મોકલેલાં સુંદર ચિત્રો અને પત્ર માટે ઉપકાર મને તે બહુ જ આનંદ આપી રહ્યાં છે.

આ સાથે તારા માટે હું મારી શાળાનું ચિત્ર મોકલું છું. આ પત્ર હું ટાઇપ રાઇટરથી લખી ન શક્યો કારણકે તેનું રીપેરકામ ચાલે છે અને મારે જવાબ તો જલદી લખવો હતો.

તારા નગરના એક મુખ્ય રસ્તાનો ફોટોગ્રાફ મને મોકલી શકીશ? તેને બદલે હું તને અમારા ગામ Walla Walla (વાલા વાલા)નું ચિત્ર મોકલીશ. અને હવે પછીના પત્ર સાથે મારા પોતાના પણ જુદાં જુદાં ચિત્રો મોકલતો રહીશ. હિંદમાં મારે બીજા કોઇ જોડે પત્ર વ્યવહાર નથી. યુનાઇટેડ સ્ટેટ્સ ૪૮ પ્રાંતોમાં વહેંચાયું છે અને કોલંબિયા પ્રાંતમાં તેનું પાટનગર આવેલું છે. તેના કેટલાંક પ્રાંતોના નામ વૉશિંગ્ટન, ઈલીનૉઇ, કેન્ટુકી, ટેક્સાસ, ઓરેગૉ, ઇડાહો, ન્યૂયોર્ક-કેલીફૉર્નિયા વગેરે. મારા સરનામા પર વૉશિંગ્ટન લખું એટલે સમજવું કે 'વાલા વાલા' આ વૉશિંગ્ટન પ્રાંતમાં છે. અમેરિકાની રાજધાની તો Washington D C. એટલે ડિસ્ટ્રિક્ટ ઑવ કોલંબિયા. અમારા ગામ વાલાવાલાથી તે એક લાઈનમાં ૨૩૦૦ માઈલ દૂર છે.

વૉશિંગ્ટન પ્રાંત લાકડું, સફરજન, ડબામાં ભરેલા વટાણા અને ઘઉં નિપજાવે છે. સીઍટલ વગેરે કેટલાંક નગરો પણ અમારે ત્યાં છે. વટાણામાં તો બધા પ્રાંતોમાં આ પ્રાંત ત્રીજે નંબરે છે.

હું હિંદનાં કોઈ છાપાં વાંચતો નથી, તને ગમે તો હું હિંદના કોઇ છાપાના બદલામાં એકાદ અમેરિકન પત્ર મોકલીશ. પત્રવ્યવહાર માટે હું એક બીજા મિત્રનું સરનામું આપું છું: Sam Farmer. 35 Eagan street, Walla Walla (Washington-U. S. A)

અમારે ત્યાં યુનાઇટેડ સ્ટેટ્સની જ લગ્નપ્રથા છે. તું તમારે ત્યાંની પ્રથા વિષે કંઈ લખજે. જો માબાપની અનુમતિ વિના કોઇને અહીં પરણવું હોય તો છોકરાનું વય ૨૧ વર્ષનું હોવું જોઈએ અને છોકરીનું ૧૮ વર્ષનું જોઇએ જ. તેઓ પૈકી એકપણ આ વયથી નાનાં હોય તો લગ્નનું લાયસન્સ મેળવતી વખતે માબાપની હાજરી અવશ્ય જોઈએ. વૉશિંગ્ટન અને બીજા પ્રાંતોએ એક સરસ ધારો પસાર કર્યો છે કે લાયસન્સ મેળવ્યા બાદ લગ્ન કરતાં પહેલાં ત્રણ દિવસ રાહ જોવી જોઇએ. આને લીધે દારૂના નશામાં થતાં લગ્નો પર અંકુશ મુકાઇ ગયો છે. છોકરીઓ સાધારણ રીતે ૧૮થી ૨૫ વર્ષ પહેલાં પરણતી નથી પણ કેન્ટુકીના પહાડી અજ્ઞાન લોકો ક્વચિત્ ૧૬ વર્ષે છોકરીને નાની હોય તોપણ પરણાવે છે. એકવાર ૧૧ વર્ષની છોકરી પરણ્યાનો દાખલો બન્યો છે પણ એ તો સાવ અપવાદ જેવું. એવા દાખલામાં લગ્ન રદ કરી શકાય.


આ પત્ર લખનાર Ted

અમારે ત્યાં વાણીની, છાપાંની અને ધર્મની બાબતમાં સ્વતંત્રતા છે. આમાંની પહેલી બે પ્રકારની છૂટનો ઉપયોગ રૂઝવેલ્ટ, હિટલર અને મુસૉલીનીની ટેકડી કરવામાં થાય છે. અમે ગમે તેના માટે ગમે તેવું કહી કે લખી શકીએ છીએ. મને રૂઝવેલ્ટ અને તેની રાજનીતિ ગમતી નથી. તેણે દારૂબંધી ખેંચી લીધી અને હવે દારૂ દરેક શહેરમાં ને ગામમાં કાયદેસર વેચાય છે.

તું તારા પત્રોની પાછળ સ્ટાંપ લગાવે છે તે કોઈ ફોડીને પત્ર વાંચે નહિ એટલા માટે છે?

આ પત્ર તને પહોંચશે તે વખતે અમારી શાળાઓ બંધ થઈ હશે. જૂનની ૨ જીથી સપ્ટેમ્બરની પાંચમી સુધી અમારે નિશાળ જ નહિ. વડોદરા રાજ્ય ક્યાં આવ્યું તે મને જરા સમજાવજે. પત્ર જલદી લખજે.

તારો સ્નેહી ટેડ

તા. ક. એક વધુ પરદેશી મિત્રનું સરનામું:
Mr. Ralph George Martin
1306, West chestnut St. Bloomington, Ill (U.S.A.)

*

Lily House 124 Rue D'ARGENS Msicla Malta

ડાર્લિંગ ભાઇ,

વર્તમાનપત્રોનાં બે પૅકેટ અને I. S. S (ઈન્ટરનૅશનલ સ્ટુડન્ટ સોસાઐટી)નાં રૂપનો વાળો કાગળ સલામત પહોંચી ગયાં. Daily Mirror મઝાનું પત્ર છે. બાપાજીને પણ મળશે. તે તો જબરા પત્ર વાંચનારા છે. તમે મોકલેલી સ્ટાંપનો ઇતિહાસ રસપ્રદ જણાયો. એ જાતની જેટલી બને એટલી સ્ટાંપ મોકલતા રહેશો તો હું તેના બદલામાં જોઇએ એટલી બીજી સ્ટાંપ અથવા રકમ મોકલીશ. (અનુ. સામેના પાને)

બાળ વિભાગ

ચતુર પ્રધાન

એક રાજા હતો. તે બહુ જ મિજાજી. વળી તેને પૂરો ન્યાય કરતાં યે ન આવડે. કોઈ બે જણ લડ્યા હોય અને તેની પાસે ન્યાય માગવા આવે તો તે બંનેને એ કેદમાં પૂરી દેતો! કોઇના ખીલેથી કોઈ ગાય, બળદ કે ભેંસ છોડી જતું ને તેની ફરિયાદ કરવા આવતું તો તેને પણ તે કેદમાં પૂરી દેતો. રસ્તે જતાં જો કોઇ એને ભૂલથી સલામ ન ભરે તો તેણે પણ કેદમાં જ જવાનું. અને તે બધા એક કે બે મહિના નહિ, પાંચ દસ વરસ પણ નહિ, પણ આખી જિંદગી સુધી કેદમાં જ રહેતા !

એક વખત કોઈ કારણસર રાજાને એના પ્રધાન સાથે મતભેદ થયો. રાજા જે કહેતો હતો એથી ઉલટું જ પ્રધાને કહ્યું. આથી રાજા ગુસ્સે થઇ ગયો. પ્રધાનને કેદમાં પૂરવા માટે નોકરોને હુકમ કર્યો. રાજાની સત્તા આગળ પ્રધાનનું શાણપણ નકામું ગયું. પ્રધાન કેદમાં પુરાયો. એક, બે, અને ત્રણ દીવાળીઓ પ્રધાને કેદમાં જ ઉજવી. પોતાની સ્ત્રી, છોકરાં, આબરૂ વગેરે તેને વારંવાર યાદ આવવા લાગ્યાં. રાજા સાથે જક કરવા માટે તેને પસ્તાવો થવા લાગ્યો.

એક વખત રાજા જેલમાં કેદીઓ જોવા માટે આવ્યો. પ્રધાને પોતાને છોડી દેવા માટે રાજાને ખૂબ વીનવ્યો, પણ રાજા એકનો બે ન થયો. એને પ્રધાનની મશ્કરી કરવાનું સૂઝી આવ્યું. તેણે કહ્યું, "હું તને એક શરતે છોડું. મને એક એવો ઘોડો આણી આપ કે જેનો રંગ રાખોડિયો ન હોય, કાળો ન હોય, તપખીરીઓ ન હોય તેમજ સફેદ પણ ન હોય."

રાજાના મનથી કે એવો ઘોડો કદિ મળશે નહિ, એટલે થોડા દિવસ પછી પ્રધાનને પાછો કેદમાં પૂરશું. પ્રધાન પણ રાજાનું કહેવું સાંભળી પહેલાં ગૂંચવાયો. પણ તેણે વિચાર્યું. 'કાંઈ નહિ; ઘોડો નહિ મળે તો પાછા જેલમાં આવીશું. થોડા દિવસ છૂટથી કુટુંબ સાથે રહેવાશે તો ખરૂં!' એટલે તેણે કહ્યું, 'તમે મને છૂટો કરો તો જરૂર એવો ઘોડો લાવી આપું.'

રાજાએ પૂછ્યું: કેટલા દિવસ લાગશે?

પ્રધાને વિચારીને કહ્યું: એકવીસ દિવસમાં ન લાવી આપું તો પાછો જેલમાં પૂરજો.

રાજાએ પ્રધાનને છોડ્યો. પ્રધાન તો ઘેર ગયો. પોતાની હેતાળ પત્ની અને બાળકોને આનંદથી મળ્યો. દિવસો એક પછી એક વીતવા માંડ્યા. પતિને ઘોડાની શોધ માટે કાંઈ પણ કરતો ન જોઇને તેની સ્ત્રીએ યાદ દેવડાવ્યું. પણ પ્રધાને યુક્તિ શોધી જ રાખી હતી. તેણે તેને કાંઈ ફિકર નહિ કરવા કહ્યું.

વીસમા દિવસ પાછળ એકવીસમા દિવસનું સવાર થયું. પ્રધાનના ઘરનાં સૌ આજે પિતાને પાછું કેદમાં જવું જ પડશે એ વિચારે ઉદાસ દેખાતાં હતાં. પ્રધાન કપડાં પહેરી દરબારમાં ગયો. દરબારી અદાથી રાજાને સલામ કરી અને કહ્યું: 'રાજા સાહેબ, આપે કહ્યો હતો એવો ઘોડો મેં શોધી કાઢ્યો છે. આપ તે લેવા માટે માણસ મોકલો એટલી જ વાર છે. પણ એક વાત ધ્યાનમાં રાખજો કે તે માણસને સોમ, મંગળ, બુધ, ગુરુ, શુક્ર, શનિ કે રવિવારે મોકલશો નહિ. બીજા ગમે તે વારે માણસ મોકલી ઘોડો મંગાવી લેજો.'

રાજા તો આ સાંભળી દિંગ જ થઇ ગયો! પ્રધાનની ચાતુરી પર તે ખુશખુશ થઇ ગયો. તેણે કહ્યું: 'આજે હું તારા પર ખુશ થઈ ગયો છું. તું જે માગે તે આપીશ.' પ્રધાને કહ્યું: 'મારે બીજું કાંઈ નહિ જોઈએ. પણ આ નજીવા ગુના માટે લોકોને કેદમાં નાખવાની તમારી પદ્ધતિથી લોકોને બહુ સહન કરવું પડે છે. માટે હવેથી એવી રીતે કોઇને પણ કેદમાં નહિ પૂરવો એવી પ્રતિજ્ઞા લો અને આજ સુધીમાં જેટલા લોકો કેદમાં ગયા છે તે સૌને છોડી દો.'

એક તો રાજા પ્રધાન પર ખૂબ ખુશ થયો હતો. તેમાં આ બોલથી વળી તેને પોતાની ભૂલ પણ સમજાઈ. એટલે, તે ને તે જ વખતે તેણે પ્રધાનના કહેવા મુજબ પ્રતિજ્ઞા લીધી અને સૌ કેદીઓને છોડી મૂક્યા.

(સૂચિત) સા. જી. પં.

॰પંચતંત્રની॰ વાર્તાઓ



સ્વભાવચપલ વાંદરો ધસ્યો અને તીક્ષ્ણ ખડ્ગ આણીને માખી ઉપર પ્રહાર કર્યો

કરટકે એનું વ્યાખ્યાન આગળ ચલાવ્યું: 'હે દમનક, તું કરવા ગયો હિત પણ કર્યું એંતો અહિત. અને કહ્યું છે:

પંડિત શત્રુ છે સારો
ન મૂર્ખ હિતકારક।
વાંદરાએ હણ્યો રાજા
વણિક ચોરે બચાવિયા ॥૪૫૦॥

દમનક કહે, 'એ કેમ?' તે બોલ્યો:

કથા ૩૧

એક રાજા આગળ એક વાંદરો ભક્તિપરાયણ વિશ્વાસુ અંગસેવક હતો. એક વાર રાજાને નિદ્રા આવી ગઈ હતી અને વાનર વીજણો લઈ ને પવન નાખતો હતો, ત્યાં એક માખી રાજાની છાતી ઉપર બેઠી. વાંદરાએ એને વીજણાથી વારંવાર વારી, તો પણ માખી ફરી ફરીને ત્યાં જ બેસે. એટલે સ્વભાવચપલ વાંદરો ધસ્યો અને તીક્ષ્ણ ખડ્ગ આણીને માખી ઉપર પ્રહાર કર્યો. પણ માખી તો ઊડી ગઈ, અને રાજાની છાતી કપાઈ ગઈ ને એ મરી ગયો. તેથી ચિરાયુષ ઇચ્છનાર રાજાએ મૂર્ખ અનુચર ન રાખવો.

કથા ૩૨

બીજું, એક નગરમાં મહાવિદ્વાન્ વિપ્ર હતો તે પૂર્વજન્મને યોગે ચોરી કરતો. પરદેશથી આવેલા ચાર વાણિયા ચૌટામાં અમૂલ્ય રત્ન આદિ બહુ વસ્તુ વેચાતી લેતા હતા તે જોઈને એને થયું કે કાંઈક ઉપાય કરીને આનું ધન પડાવી લેવું. એટલે એની આગળ જઈ ને ચાર કઇક શાસ્ત્રસુભાષિત તથા મધુરવચન બોલ્યો તથા એના મનમાં વિશ્વાસ ઉપજાવીને એની સેવા કરવા મંડ્યો. અથવા ઠીક કહ્યું છે:

અસતી હોય સલજ્જા ખારું પાણીય શીતળું હોયે।
દંભી હોય વિવેકી પ્રિયવક્તા હોય ધૂતારો ॥૪૫૧॥

બધું લેવાઈ રહ્યું એટલે વાણિયા સ્વદેશ જવા ઉપડ્યા તે જોઈને ધૂતારો બ્રાહ્મણ ચિન્તાથી વ્યાકુળ થઈ ગયો, અને વાણિયા ભેળા જઈ માર્ગમાં એને વિષ ખવરાવી મારી નાખવા તથા રત્ન હાથ કરવાં એવો વિચાર કર્યો. એટલે ગળગળા થઈને એણે કહ્યું, 'મિત્રો, તમે મને એકલો મૂકીને ભાગવાનો ઉદ્યમ કરો છો, એટલે તમારી સાથે સ્નેહપાશથી બંધાયેલું મારું મન તમારા વિરહનું નામ પડતાં જ વ્યાકુળ થઈ ગયું છે તે કેમેય ઠરતું નથી. માટે મારા ઉપર અનુગ્રહ કરો ને મને પણ ભેળો લ્યો.' આથી વાણિયાએ એને સંઘાતે લીધો ને ચાલી નિકળ્યા.

માર્ગમાં એ ચાલ્યા જાય છે ત્યાં એક ગામડા આગળ કાગડા બોલવા મંડ્યા: 'રે રે કિરાતો, ધાઓ, ધાઓ. સવાલાખના ધણી આ જાય; એને મારીને ધન લઈ લ્યો.' આ સાંભળીને કિરાત તરત આવ્યા અને વાણિયાને લાકડીએ લાકડીએ જર્જર કરી વસ્ત્ર ઉતરાવી ઝડતી લીધી, પણ કાંઇ ધન ન નિકળ્યું. એટલે કિરાત કહે, 'અરે વહેમાર્ગુઓ, પ્રથમ કદાપિ કાગવાણી ખોટી નહોતી પડી, એટલે તમારી આગ

ધન છે તે આપી દિઓ. નકર સર્વેનો વધ કરી ચામડી ચીરી અંગપ્રત્યંગ તપાસીને ધન હાથ કરશું.' કિરાત-વચન સાંભળીને વિપ્રચોરે વિચાર કર્યો: 'આ વાણિયાને મારીને એની જાંઘમાં સંતાડેલાં રત્ન કિરાતો લેશે તો પણ મને તો મારી જ નાખશે. એના કરતાં મારા રત્નરહિત દેહનું સમર્પણ કરીને હું આ વાણિયાને મૂકાવું. અને કહ્યું છે:

મૃત્યુથી કાં ડરે બાલ ડર્યાથી નહિ છૂટકો।
આજ કે શતવર્ષાન્તે પ્રાણીને ધ્રુવ મૃત્યુ છે ॥૪૫૨॥

તથા

ગાઅર્થે માનુષાર્થે જે પ્રાણત્યાગ કરે નર।
સૂર્યમંડળ ભેદીને પામતો શ્રેષ્ઠ તે ગતિ ॥૪૫૩॥

આમ નિશ્ચય કરીને તે બોલ્યો, 'હે કિરાતો, એમ હોય તો પહેલાં મને હણીને જુઓ.' કિરાતોએ એને માર્યો ને જોયું તો તે ધનરહિત નિકળ્યો, એટલે બીજા ચારેયને છોડી દીધા.

એટલે હું કહું છું: 'પંડિત શત્રુ છે સારો' ઇતિ.

આમ કરટકદમનકસંવાદ ચાલે છે ત્યાં પિંગલકે સંજીવકને મારી નાખ્યો, એટલે એનો કોપ શમી ગયો, ને એને ખૂંટિયાના ગુણસ્મરણથી શોક તથા પશ્ચાત્તાપ થયો, તથા એ બોલ્યો: 'અરે, બીજા બોળિયા જેવા સંજીવકને મેં પાપિયાએ માર્યો તે બહુ દારુણ કામ કર્યું, કેમ જે વિશ્વાસઘાતના જેવું બીજું એકે પાપ નથી. અને કહ્યું છે:

મિત્રદ્રોહી કૃતઘ્નો ને વળી વિશ્વાસઘાતક।
આ લોકો નરકે જાય યાવચ્ચન્દ્રદિવાકરૌ ॥૪૫૪॥

પિંગલકની આ દશા જોઈ ને દમનક કહે, 'સ્વામિન્, આ નૂતન ન્યાય કયા ગામનો કે શત્રુને મારીને સંતાપ કરો છો? અને કહ્યું છે:

દારા મિત્ર પિતા ભ્રાતા અથવા હોય દીકરો।
પ્રાણદ્રોહ કરે જ્યારે મારવો નહિ પાતક ॥૪૫૭॥

મહારાજ, મોટો પણ ઉપદ્રવ ન કરે તો તે પૂજાતો નથી. લોકો નાગને પૂજે છે, પણ નાગઘાતક વૈનતેયનો ભાવ પૂછતા નથી.'

આથી પિંગલક સ્વસ્થ થયો, તથા ખાધુંપીધું ને રાજ કીધું.

ઇતિ મિત્રભેદ નામે પ્રથમ તન્ત્ર સમાપ્ત.

(ચાલુ) દેસાઈ વાલજી ગોવિન્દજી



ફોટોગ્રાફી

ફોટોગ્રાફી હરીફાઇનું પરિણામ

પહેલું ઈનામ: મોકૂફ; બીજું ઇનામ: નારીએળ-પાણીવાળો' -બાબુભાઈ ભણસાળી (ખેડા); ત્રીજું ઈનામ: 'ટોચ ઉપરથી' ફીરોઝ સરકાર (માથેરાન); ઉત્તેજના: 'પ્રાચીન સ્મૃતિ'-રણછોડભાઈ મિસ્ત્રી (નડીઆદ). નોંધપાત્ર: (૧) ફીરોઝ સરકાર (માથેરાન); (૨) શાંતિ ઝવેરી (મુંબાઇ).

આ મહિને આવેલી કૃતિઓ સામાન્ય રીતે જોતાં નિર્બળ પ્રકારની હતી. વિષય, વસ્તુ, છાયાપ્રકાશ કેઈ જ જાતનું ઠેકાણું નહિ. પાડનારે પાડવાની વસ્તુ તરફ પૂરતું લક્ષ્ય આપ્યા વગર, જાણે લેવા ખાતર જ લીધેલા ફોટોગ્રાફોનો સંગ્રહ જોવા મળ્યો હોય એમ જણાયું. તે કારણે તેમજ પહેલા ઇનામને લાયક કોઇ પ્રિન્ટ નહિ લાગવાથી પહેલું ઇનામ આ મહિને મોકૂફ રાખવામાં આવ્યું છે.

ઉનાળાની મનોરમ સાંજે મુંબાઇના દરીઆ-કિનારે ફરવા ગયા હોઇએ ત્યારે આનંદ ખાતર કે તરશ છીપાવવા નાળીએરનું પાણી જેમણે પીધું હશે તેમને ભાઇ ભણસાળીનો 'નારીએળ-પાણીવાળો' એ દૃશ્ય ફરી નજર આગળ ખડું કરશે. બહુ જ કોમળ વાતાવરણ અને નીલા આકાશમાં તરતી ઝીણી ઝીણી વાદળીઓ તથા દરીઆનાં ચમકતાં પાણીની રેખાઓની બૅકગ્રાઉન્ડ આડે ઊભાં રહેલો એ નારીએળ વેચનાર એકચિત્તે પોતાનું કામ કરતો ચિત્રમાં ઠીક ઝડપાયો છે. એક પગના વાળેલા ઢીંચણ ઉપર ટેકવેલું નારીએળ છોલતાં એકાગ્ર થએલા એના ચહેરાના ભાવો પણ સ્પષ્ટ છે. બધી રીતે ચિત્ર સારૂં છે; ફક્ત ક્ષિતિજ ડાબી તરફ ઢળતું જણાય છે અને પ્રિન્ટ સહેજ ઘેરો આવેલો છે.

ભાઇ સરકારના 'ટોચ ઉપરથી'વાળા ચિત્રમાં ડુંગરાળ પ્રદેશની સવાર કે સાંજનું વાતાવરણ ચમકે છે. પરંતુ આવા વિસ્તારવાળા વિષયને અનુરૂપ પ્રિન્ટનું કદ નહિ હોવાથી, ચિત્રનું ખરૂં અંગ જે કોમળ 'ટોન્સ' તે મરી જાય છે અને ચિત્રનાં મહત્ત્વનાં તત્ત્વો જોનાર પર છાપ પાડી શકતાં નથી. બાકી સંયોજન અને ટૅકનીક સારાં છે.

કોઈ પુરાણા મંદિરની પ્રાચીન મૂર્તિના ભાઈ મિસ્ત્રીએ પાડેલા ચિત્રમાં અસલ મૂર્તિકારનું વસ્તુ આપણી સમક્ષ ખડું થતું નથી. ઘોડેસવારનો રૂઆબ દેખાવાને બદલે ઘોડાનો જુસ્સો પહેલો નજરે ચડે છે. કઈ જાતના પદાર્થમાંથી પૂતળું તૈયાર થયું છે તેનો ખ્યાલ પણ ચિત્ર આપી શકતું નથી. કૅમેરાનું દૃષ્ટિબિંદુ, છાયાપ્રકાશ વગેરે પ્રતિકૂળ હોવાથી મૂળનું સૌન્દર્ય આપણને જોવા મળતું નથી. બલવન્ત ભટ્ટ



માધુકરી

મને ગમે છે

નિસર્ગથી આથડતો સદા યે,
નિસર્ગખોળો પણ ખૂંદનારો,
હારે છતાં યત્ન ન મૂકનારો,
અનંત આશા ઉર ધારનારો,
કુતૂહલે માનવ જે ભરેલો;
લઘુત્વ, મોટાઇ, પ્રભુત્વ જેનાં
માપી શકાયાં નહિ કોઈ કાળે,
હશે ભલે પામર સત્ત્વવાળો
છતાં વિભુત્વાંશ ધરાવનારો,
આ વિશ્વનું કેન્દ્ર બની રહેલો
ગમે મને માનવબાળ નાનો.--રમણ વકીલ

દક્ષિણ હિંદના નરસીં મહેતા

સંગીતકવિ સંત ત્યાગરાજ

ગયા જાન્યુઆરીએ દક્ષિણ હિંદુસ્તાને પોતાના મહાન સંગીતકવિ સંત ત્યાગરાજની ૯૩મી જયંતી ઊજવી. આપણે આહીંના નરસીં મહેતા જેવું જ એમનું જીવન અનેક ચમત્કારોથી ભરપૂર છે ને એની જેમ જ તે ઘેરેઘેર જાણીતું છે. આદિકવિ વાલ્મીકિએ રામાયણના ૨૪૦૦૦ શ્લોકો લખ્યા છે, એટલી જ સંખ્યામાં ત્યાગરાજે ૨૪૦૦૦ રામ-કીર્તનો રચેલાં છે, જેમાંનાં ૭૦૦ જ અત્યારે લભ્ય છે. તેમાંનાં ઘણાં સંસ્કૃતમાં છે, જ્યારે બાકીનાં તેલુગુમાં. બધા સંત કવિઓ માફક એમનાં કીર્તનોમાંથી પણ શાંતિ, ભક્તિ, માધુર્ય ને સંવાદિતા નીતરે છે.

ત્યાગરાજને પોતાને કશી સંતતિ ન હતી. એમનાં પુત્રી સીતાલક્ષ્મી અમ્મલની સંતતિ વિદ્યમાન છે અને ત્યાગ-રાજના મળેલા 'રામવિગ્રહમ્'ના વારસાનાં આજસુધી પૂજાપાઠ કરે છે. આ 'રામવિગ્રહમ્'નાં દર્શન માટે કામ-કોટી પીઠના શંકરાચાર્ય ખાસ આવી ગયેલા. ત્યાગરાજના જયંતીના દિવસે અથવા તો રામનવમીના દિવસે જ્યારે આ 'રામવિગ્રહમ્'નો અભિષેક કરવામાં આવે છે ત્યારે તે માટેના દુગ્ધપાત્રમાંથી વરાળ સાથે આપમેળે ઊભરો આવી તે છલકાઇ જાય છે. તાંજોર જીલ્લામાંથી હજુ ઘણા એ દશ્ય નજરે જોનારા મળી આવે છે. કેટલાક ભક્તો હવે તિરુવાડી મુકામે ત્યાગરાજના બંધાઇ રહેલા સમાધિમંદિરને તે અર્પણ થવાની તરફેણ કરી રહ્યા છે.

ત્યાગરાજના જીવનના અનેક પ્રસંગો બતાવી આપે છે કે તે માનવ કરતાં વિશેષ હતા. એક વરસ સુધી કાવે-રીના કાંઠાની ધૂળમાં દટાઇ રહેલ 'રામવિગ્રહમ્'ની પોતાને સ્વપ્નામાં મળેલી સૂચના પરથી કરેલી ખોળ, નારદની મુલાકાત લઈ એમણે ઉચ્ચ સંગીત માટે ભેટ રૂપે તેમની પાસેથી મેળવેલું 'સ્વરાર્ણવમ્', મંદિરના કૂવામાં ડૂબી ગએલા એક જણને પોતાની શક્તિથી એમણે આપેલું જીવ-તદાન, પોતાના મરણના દિવસ અને ઘડીનું પહેલેથી જ્ઞાન



અનેક વખત રામે તેમને આપેલાં દર્શન, એ બધાં એમની પારમાર્થિકતા દર્શાવે છે. વળી પુદુકોટાના રાજાના દરબારમાં પોતાના ગુરુ વેંકટરમણદાસના કહેવાથી એમણે નારદનું ધ્યાન ધરીને 'જ્યોતીશ્વર પીની' ગાઈને દીવો પેટાવી આપ્યો હતો.

આવા અનેક ચમત્કારો તો વગર નોંધ્યા જ રહી ગયા છે, જેથી એ પછીની ભાવિક જનતાને જબરી ખોટ ગઇ છે. પોન્નુસ્વામી આયંગર નામના એક માણસને તો ગુરુની સમાધિ પર થોડાક દિવસ સૂતા રહેવાથી જ સારૂં જ્ઞાન થઈ ગયું હતું, જ્યારે બીજો એક મૂંગો માણસ પણ ગાતો થઈ ગયો હતો!

ત્યાગરાજના મહિમા માટે તિરુવાડી નજીકની જમીન તેમના ભક્તોએ ખરીદી લીધી છે. એ જમીન પર સમાધિને રાજમાર્ગ સાથે જોડતો એક વિશાળ રસ્તો બાંધવામાં આવશે, એટલું જ નહિ પણ ત્યાં મકાનો પણ ઊભાં કરવામાં આવશે, જેના શાંત વાતાવરણમાં રહીને ભક્તજનો નજીકની સમાધિમાંથી પ્રેરણા ને દિલાસો મેળવી શકશે.

સ્પિટ્ઝબર્ગનના સાત વીરો

આમુનસેનની ધ્રુવસફરનું એક મથક બનનાર ટાપુ સ્પિટ્સબર્ગન (અથવા તેનું નવું અપાએલું નામ વાપરીએ તો સ્વાલબાર્ડ) હાલ તો મોટું ઉદ્યોગધામ થઈ પડ્યું છે, પણ આજથી ચાળીસેક વરસ પર સર માર્ટિન કૉન્વેએ તેની પરિશોધ (geodesic survey) આદરી તે પહેલાં બરફના એક ઠૂંઠ્ઠ વેરાન જેવો તે હતો. ચાર મહિનાની અખંડ રાત ધરાવતા એ ટાપુની ભૂમિમાંથી આજે લાખો ટન કોલસો મેળવી શકાય છે, પણ એનો ખ્યાલ સરખો કોઈને ન આવેલો ત્યારે, આજથી ત્રણસો વર્ષ પહેલાં ઇ. ૧૬૩૩માં, એક ડચ ધ્રુવસારંગના હુકમથી સાત ચુનંદા ખલાસીઓ એના અંતરાળથી વાકેફ થવા અને વ્હેલો તથા રેનડીઅરોનાં ચામડાં મેળવવા કપરા શીઆળામાં ત્યાં ઊતરી પડેલા.

બિચારા એ ખલાસીઓ! એમને એ દેશની પ્રકૃતિનો, જીવનનિર્વાહનાં સાધનોનો કશો ખ્યાલ નહોતો. ઑક્ટોબરની ૨૧મીએ સૂરજ એમને છેહ આપી ગયો ને તેને પરિણામે આવેલા ગાઢા લાંબા અંધકારમાં આહાર શોધવો એમને માટે દુષ્કર થઇ પડ્યો. એક મહિનામાં તો હાડગળત (Scurvy)ના રોગે દેખા દીધી અને મોતને હંકાવવાની તૈયારી કરવાની તક મળે તે પહેલા તો તેમની સામે આવી તે ખડું થયું.

એમનાં ચરણો તળે અનર્ગળ કોલસો પાથર્યો હતો, છતાં એમને અસહાય થીજવાનું હતું. એમની આંખ આવરતા તિમિરના પડદા પાછળ વિપુલ પશુસૃષ્ટિ વિલસી રહી હતી, છતાં એમને ભૂખે જ મરવાનું હતું. એ વખતની એમની ડાયરીમાં એ પરિસ્થિતિના સામના માટે આ શબ્દો લખાએલા મળી આવેલા કે, 'અમારૂં જીવન અમે દૈવાધીન કરી દીધું છે.' અંદરથી જઠરની આગ એમને સળગાવી રહી હતી, ઉપરથી મોતનો પંજો ગળચી દબાવી રહ્યો હતો.

એ શિશિરસત્રના ત્રણેક મહિના હજુ વીત્યા ન વીત્યા ત્યાં એક જિંદગી ઓછી થઇ. ઍડ્રિયન જેનસન ગયો. બીજે દિવસે ફેલ્ટકે ઍાલ્ટર્સ ગયો, ને પછી બહાદર કૉર્નેલિયસ થીસે પણ એ જ પંથે પળ્યો, એમના ભીષણ નસીબથી હાથવેંત જ છેટા રહેલા બાકીના ચારેએ તેમને કપાતે દિલે ભંડાર્યા ને પોતાના કરુણ ફેજની ઘડીઓ ગણવા માંડી. એમની મનોવ્યથા જાણવી હોય તો આ રહી:

'અમારામાંથી જે ચાર જણ હજુ જીવતા રહ્યા છીએ તે જમીન પર ચત્તા પડ્યા રહ્યા છીએ. અહીંથી ઊઠીને ઝૂંપડામાંથી કોઈ થોડું બળતણ લાવે તો હજુ અમે વિશેષ જીવી શકીએ, પણ અમારા કોઇનામાં એ હોશ નથી. ઊઠવાનું તો દૂર રહ્યું પણ પડખું પણ ફેરવી ન શકાય એવી કળતર અંગે અંગમાં થઇ રહી છે.


અમારો વખત અમે સતત પ્રાર્થનામાં ગાળીએ છીએ. પ્રભુની રહેમને અમે વિનવીએ છીએ કે આ રૌરવમાંથી અમારો જલદી છુટકારો કરે. અમે વધુ જીવી શકીએ એમ ન હોઇ, અમારૂં નસીબ અમારે બેદાદ ભોગવવાનું રહ્યું છે.'

અને જૂન મહિનામાં જ્યારે રાહત જહાજો ત્યાં પહોંચ્યાં ત્યારે તો સાતે જિંદગીઓની લાશ બની ગઇ હતી. ત્રણ કફનમાં વીંટેલી હતી ને ચાર ઉઘાડી પડી રહી હતી. અને એમની હેઠ એમના જેવું જ વીર મૃત્યુ પામેલાં બે કૂતરાંની પણ લોથ પડી હતી.

રબર

સ્પેનિશ ઇતિહાસકારોના કહેવા પ્રમાણે કોલંબસ અમેરિકા પહોંચતાં પહેલવહેલો બ્રાઝિલના કોઈક કિનારે ઊતરેલો. ત્યાં કેટલાક ઈંડીઅન છોકરાઓને તેણે દડા વડે રમતા જોયા. જમીન પર પડતાં એ દડા આપમેળે ઉછળતા હતા. એ જોઈ કોલંબસ એટલો મુગ્ધ થયો કે કેટલાક દડા એણે સ્પેન લઈ જવા માટે લઈ લીધા. વધુ પૂછપરછ કરતાં ત્યાંના ઈંડીઅનોએ જે ઝાડના રસમાંથી એ દડા બનતા હતા એ 'રડતાં ઝાડ' એને દેખાડ્યાં. એ ઝાડના થડમાં કળશપૂર કે એથી ઊંચે કાપ મૂકતાં તેમાંથી દૂધિયા રંગનાં 'આંસુ'–રસ નીકળતો. ઈ. ૧૭૪૦માં શાર્લ મારી દ લા કોંદામાં નામનો એક ફ્રેન્ચ વિજ્ઞાની આ હકીકતો વાંચી જાતે દક્ષિણ અમેરિકા ગયો અને ત્યાંથી આવા 'કૂદતા ગુંદર' (bouncing gum)ના નમૂના એકઠા કરી તેણે ફ્રાન્સ મોકલાવ્યા. એ પદાર્થને એણે નામ આપ્યું કાઊચૂ (Cioutchouc), જે ફ્રેન્ચ ડિક્ષનેરીમાં હજુ મોજૂદ છે.

આ વિચિત્ર પદાર્થ પાછળથી અઢારમી સદીની આખરમાં



રબરનાં ત્રિદળ પાંદડાં, ફૂલ તથા બી.

ને ઓગણીસમી સદીના આરંભમાં વિજ્ઞાનીઓની પ્રયોગ-શાળામાં ધૂસ્યો. ઈ. ૧૭૭૦માં અંગ્રેજ રસાયણશાસ્ત્રી જોસેફ પ્રીસ્ટલીએ એ પદાર્થથી કાગળ પરના કાળી પેન્સિલના ડાઘ ભૂંસાતા હોવાના ગુણની જાહેરાત કરી. આ ભૂંસવાના ગુણને લઈ એને 'રબર' નામ આપવામાં આવ્યું.

રબરના ટર્પેન્ટાઈનમાં કરેલા દ્રાવણ વડે કેળવાએલા તાંતણા પાણીથી અભેદ્ય બનતા હોવાની તેની બીજી વિશેષતા ઈ. ૧૭૯૧માં બહાર પડી. આ જાહેરાતથી જ એના ઔદ્યો-ગિક વિકાસનો આરંભ થયો ગણી શકાય. તે પછી ઈ. ૧૮૨૦માં લંડન મુકામે ટૉમસ હૅન્કોકે પહેલવહેલું રબરનું કારખાનું ખોલ્યું ને એના પછી ત્રણ વર્ષ રહીને ગ્લાસગોમાં ચાર્લ્સ મૅકિન્ટોશે.

પરંતુ રબરને કેળવતાં મોટી મુશ્કેલી એ પડતી કે ઉનાળામાં એ ઓસરીને ચિકટ બની જતું તો શિયાળામાં સૂકાઇને બરડ. ઇ. ૧૮૪૪માં કાચા રબર પર ગંધક અને ગરમી વડે થતી પ્રક્રિયા જેને આજે 'vulcanization'નું નામ આપવામાં આવ્યું છે તે શોધી કાઢીને ચાર્લ્સ ગુડયર નામના અમેરિકને એ મુશ્કેલી દૂર કરી. પછી તો શું પૂછવું? રબરનાં ઉત્પાદક ક્ષેત્રો હાથ કરવા એવી તો હરીફાઈ ચાલી કે જેનો આખો જુદો જ ઇતિહાસ લખી શકાય.

બ્રાઝિલમાં આમાઝોનને કિનારે ભિનાશભર્યાં ગરમ હવામાનમાં રબરનાં અનેકવિધ ઝાડો ઊગે છે જેમાં સૌથી મોખરે Hevea brasiliensis આવે. એકાદ ચપ્પુનો છેદ માર્યો કે તરત રસ ઝમવા માંડે. અણીદાર ટોચ, ઘેરા લીલા રંગનાં અંડાકાર પાંદડાં ને પોચું લીસું લાકડું ધરાવતી આ જાતમાંથી જ મોટા ભાગનું રબરનું ઉત્પાદન મેળવવામાં આવે છે. ક્યારેક તો એ ઝાડ ૧૮ ફૂટના ઘેરાવા સાથે ૧૨૫ ફૂટ ઊંચાં વધતાં માલૂમ પડ્યાં છે. પરંતુ એનાં ખાસ યોજેલાં વાવેતરો પર તે ૫૦ ફૂટથી ઊંચાં નથી થતાં.

ઔદ્યોગિક ક્ષેત્રમાં રબરનું મહત્ત્વ વધતાં અમેરિકામાં બોસ્ટનની આસપાસ કેટલીક કંપનીઓ ઊભી થઇ અને આમ આયાતની મુશ્કેલી થતાં જેમ એવી ઘણી વનસ્પ-તિઓનું બનેલું તેમ હેન્રી એ. વિકહામ નામનો અંગ્રેજ ઇ. ૧૮૭૬માં આમાઝોનથી એનાં લગભગ સિત્તેર હજાર બી તફડાવી લાવ્યો. એમાંના બે હજાર લંડનના ક્યુ ગાર્ડન્સમાં વાવવામાં આવ્યા ને એમને કોંટા ફૂટતાં તે સીલોન ને મલાયામાં વાવેતર માટે મોકલી દેવાયાં ત્યાંથી તે પૂર્વમાં ફેલાયાં.

ઈ. ૧૯૦૦ સુધી તો રબરનો મોટો ભાગ એકલું બ્રાઝિલ જ પૂરો પાડતું, પણ હવે સ્થાપિત વાવેતરો એમાં વધુ ને વધુ હિસ્સો પડાવતા જાય છે. ઘણાને કદાચ ખબર પણ નહિ હોય કે આ 'કૂદતા ગુંદર'માંથી તો આજે જુદી જુદી ૩૨૦૦૦ બનાવટો તૈયાર થાય છે.

જળો

જળોનો લોહી ચૂસવાનો ગુણ પ્રાચીનકાળથી જાણીતો છે. હિંદ અને અરબસ્તાનમાં થઈ ઑગસ્ટસ સીઝરના સમયમાં રોમમાં તેમનો ઉપયોગ દાખલ થયો ને ત્યાથી આખા યુરોપમાં ફેલાયો. સખત શરદીથી માથું દુખવા માંડે તો રોમનો દરેક લમણે છ છ જળો વળગાડતા. અને તાવના પ્રતિકાર માટે એક ફ્રેન્ચ દાક્તર તો દર્દીના આખા માથા પર જળોનું 'ક્રૉઉન' રચવાની સલાહ આપતો હતો! ઇ. ૧૮૨૪માં જુદા જુદા દાક્તરો, વૈદો વગેરેની જરૂરિયાત માટે ફ્રાન્સ ૩૦ લાખ જળોની આયાત કરતું.

જળોની મોટા ભાગની આયાત રશિયા, બેસારેબિયા, અસ્ત્રાખાન અને ટ્રાન્સકૉકેશિયામાંથી થતી. ઝારની નાપસં-દગી પામી દેશનિકાલ થએલાઓએ આ નાજુક જીવોના ઉછેરનો પ્રશ્ન હાથ ધર્યો હતો. પરંતુ ૧૮૪૮માં રશિયાની સરકારે શિકાર કાયદો પસાર કરી મે, જૂન ને જુલાઈમાં જળો એકઠી ન કરવાનું ફરમાન બહાર પાડેલું.

લગભગ બધા જ ઉષ્ણ અને સમશીતોષ્ણ પ્રદેશોમાં જળો મળી આવે છે. પશ્ચિમ એશિયા, ઉત્તર આફ્રિકા કે દક્ષિણ યુરોપમાં મીઠા પાણીમાં રહેતી જળો ક્યારેક પીવાઈ જતાં મોંમાંના નાકના પ્રવેશદ્વારો પર તથા અંદરના અન્ય ભાગોમાં ચોંટી રહે છે. ત્યાંની ભિનાશભરી ગરમી એમને માફક આવી તે પુષ્ટ થતી જઈ ખૂબ દર્દ કરવા માંડે છે. પરિણામે સખ્ત ઉધરસ તથા નાક અને મોંમાંથી લોહી પડવું શરૂ થાય છે. મીઠા કે ઍસિડવાળા નાના ચીપિયાથી તેમને ખેંચી કાઢી શકાય છે નેપોલિયનની મિસર પરની

ચડાઇ વખતે અને ૧૯૧૪-૧૮માં પાલેસ્ટાઇનના આક્રમણ વખતે સૈનિકોને આ ત્રાસ ખૂબ જ વેઠવો પડેલો.

જળોનું શરીર એકબીજામાં પરોવાએલા જુદા જુદા ૩૩ ભાગોનું બનેલું હોય છે. એનું મોં નાના સરખા ત્રિકોણ જેવું હોય છે ને તેને ત્રણ જડબાં હોય છે. મચ્છરની માદાની પેઠે જ જળો જ્યારે ઇંડાં મૂકવાની થાય ત્યારે લોહી ચૂસે છે. પરંતુ જળોમાં નર ને માદા એવા ભેદો નથી. એ નર અને માદા બંને હોય છે. જેમ બધા કીટોની કોથળીમાં એક સરખું પ્રાણી નથી સમાતું તેમ બધી જળો પણ એક સરખું લોહી નથી ચૂસતી. બગડેલા લોહી પર, ગૂમડાં પર, વા પર, સોજા પર એમ અનેક રીતે જળોને ઉપયોગમાં લેવામાં આવે છે ને લોહી સાથે રોગના જંતુ પણ તે શોષી લે છે.

યુદ્ધ અને નાણું

લડાઈનાં સાધનોમાં નિકલ ધાતુના પડતા ઉપયોગને લીધે જર્મનીએ પોતાના બધા નિકલના સિક્કા એકઠા કરી લઇને તેને બદલે એલ્યુમિનિયમના સિક્કાઓ આપવા માંડ્યા છે, એવા સમાચારો બહાર આવ્યા છે. ખરી રીતે જોતાં, યુદ્ધમાં સંડોવાએલા એકેએક દેશમાં નાણાવિષયક ક્રાન્તિ અનિવાર્ય છે, અને ગયું મહાયુદ્ધ તેનો પુરાવો છે. ગયા મહાયુદ્ધમાં બ્રિટને 'સોવરીન' પાડવા છોડી દઈ કાગળનાણું પ્રચારમાં આણ્યું હતું એટલું જ નહિ પણ મહાયુદ્ધ પહેલાં શિલિંગમાં જે ૯૨.૫ ટકા રૂપું વાપરવામાં આવતું તેનું પ્રમાણ યુદ્ધકાળમાં ફક્ત ૫૦ ટકા જેટલું કરી નાખવામાં આવેલું. વળી ગયા મહાયુદ્ધ વખતે યુરોપના દેશોમાં કેટલેક સ્થળે તો ધાતુનાણાંની એટલી તંગી પડેલી કે નાની પારદર્શક ચકરડીઓના આકારનાં કવરોમાં વચ્ચે સ્ટૅમ્પ પેસાડીને તે પુરકળ નાણાં તરીકે ચલાવવામાં આવતાં.

ફ્રાન્સમાં ઇ. ૧૭૮૯માં જ્યારે તાંબાની અછત ઊભી થઇ ત્યારે તેણે બધા દેવળોના ઘંટ ગાળી નાખી તેનું નાણું પાડેલું. પછી તો એમાં રહેલાં જસત અને કલઇને લીધે તાંબા કરતાં એ એટલું સવડભર્યું માલૂમ પડ્યું કે ત્યાર પછી નાણાંમાં ફ્રાન્સે એ જ મિશ્ર ધાતુને તાંબાને બદલે અપનાવી લીધી. જર્મનીને ગયા યુદ્ધ બાદના આર્થિક પાયમાલીના વખતમાં ચિત્રવિચિત્ર નાણું કાઢવું પડેલું એ વાત જાણીતી છે. પણ એવી કટોકટીમાંથી કોઈ રાષ્ટ્ર ઊગરી શક્યું નહોતું. ખુદ બ્રિટનને ગયા મહાયુદ્ધમાં પોસ્ટલ ઑર્ડર્સને કરન્સી તરીકે ચલાવવા પડેલા.

એવી જ રીતે ભૂતકાલીન યુદ્ધોમાં પણ નાણાનો કોયડો ઊભો થએલો. ઈંગ્લંડની ક્રાન્તિ પછી જેમ્સ બીજાએ આયર્લંડમાં રહી ગનમેટલના સિક્કા પડાવેલા અને પોતાને ગાદી મળતાં એ બધા સિક્કા રૂપાનાણામાં ભરપાઈ કરવાનું એણે વચન આપેલું. હિટલરે ઑસ્ટ્રિયા જર્મની સાથે જોડી દીધું ત્યાર પહેલાં ત્યાં જે મેરિયા થેરેસા ડૉલર બહાર પાડવામાં આવતા તે પ્રકાર આબીસીનિયાએ પણ અપનાવેલો. ઇટલીએ આબીસીનિયા જીત્યા છતાં તેનું ચલણ ચાલુ રાખ્યું છે, જો કે તેનો મોટો ભાગ હવે રોમમાંથી બહાર પાડવામાં આવે છે.

આંધળાની સાન

ઇ. ૧૭૮૦ની સાલમાં એક ફ્રેન્ચ ગૃહસ્થ પારીસની શેરીઓમાં પસાર થઈ રહ્યો હતો, ત્યાં એક આંધળો ભિખારી સામો મળ્યો. પોતે મૂળથી જ દયાળુ હોઈ એક સિક્કો પેલા આંધળાના હાથમાં મૂકી એ ચાલતો થયો, ત્યાં પાછળથી ભિખારીએ બૂમ મારી એને કહ્યું કે એણે ભૂલથી તાંબાને બદલે રૂપાનો સિક્કો આપી દીધો હતો.

પેલા ગૃહસ્થને નવાઈ લાગી અને એ આંધળાએ શી રીતે તે જાણ્યું એ પૂછી જોયું. ભિખારીએ જવાબ આપ્યો, 'મારી સ્પર્શશક્તિ ખીલેલી હોતાં હું સિક્કા પરની છાપના ઓછાવત્તા ઉપસાણ પરથી તેની કીમત જાણી શકું છું.'

ભિખારીના ખુલાસાએ આ ગૃહસ્થ મૉ. વૅલેન્ટિન હાઉને એક નવો રસ્તો સુઝાડ્યો. આંધળાઓને અક્ષરજ્ઞાન આપવાની યોજના કેટલા યે વખતથી તે વિચારી રહ્યો હતો પણ તે માટેની કોઈ સરળ યોજના હાથ ચડતી ન હતી. આ ખુલાસાથી તેને તે મળી ગઈ. એક અંધ બાળકને તે ઘેર લઈ ગયો ને કાગળ પર ઉપસાવેલા (embossed) અક્ષરોથી તેને અક્ષરજ્ઞાન આપવા માંડ્યાં. બાળકે સહેલાઇથી એ શીખવા માંડતાં તેની શ્રદ્ધા વધી ને તેણે વર્ગસંખ્યા વધારી. પરંતુ આંધળાઓની આખી જમાત માટે એ કંઈ ઉપકારક કાર્ય કરે તે પહેલાં એનું અવસાન થયું. પાછળથી લૂઇ બ્રેઇલે આંધળાઓ માટે મીંડાંપદ્ધતિની આખી લિપિ યોજી કાઢી, જેનો લાભ લઈ આંધળાઓ આજે વગર દેખ્યે અનેક પુસ્તકોનો આસ્વાદ લઇ શકે છે.

દુનિયાનું મોટામાં મોટું દૂરબીન

કૅલિફૉર્નિયાની માઉન્ટ વિલસન વેધશાળાનું હૂકર નામનું પરાવર્તક દૂરબીન બીજાં દૂરબીનો કરતાં અનેકગણી વૈપુલ્યશક્તિ ધરાવે છે, અને તેની ફોકલ લેન્ગ્થ ૪૨ ફૂટ જેટલી છે.

પરાવર્તક દૂરબીન એટલે કે જેમાં 'પૅરૅબોલિક' દર્પણનો કાચ પ્રકાશના કિરણોને દૂરના કોઇ બિંદુથી ફોકસમાં ગોઠવે તે. એ રીતે દેખાતું કેન્દ્રીકૃત (ફોકલ) બિંબ નરી આંખે જોઇ શકાય છે તેમ તેનો ફોટોગ્રાફ પણ લઈ શકાય છે. હૂકર દૂરબીન દુનિયામાં મોટામાં મોટું હોઇ તેમાંનો આયનો ૧૦૧ ઈંચની ઉદરરેખાથી સહેજ મોટો, ૧૨ ઇંચ જાડો અને ૯૦૦૦ રતલના વજનનો છે. એ કાચ તથા તેનાં સઘળાં અવલંબનો લોખંડના મજબૂત આધારે રહેલાં હોઈ, ૩૮ ફૂટ લાંબી, ૧૧ ફૂટ પહોળી અને ૩૫ ટન

વજનની ખુલ્લી નળી સાથે જડી લેવામાં આવ્યાં છે. આવી જબરી નળીને સમતોલ રાખવા માટે તેને ૧૪૦૦ રતલનું દરેક એવાં બે વજનો લગાડવામાં આવ્યાં છે. એના ફરતા ભાગોનું વજન ૧૦૦ ટન થાય છે.

આયનાની આસપાસ એક ઇંચનું બૂચનું લાકડું તથા 'સાઇન' ધરાવતી થોડીક કમાનો આવેલી છે અને તેનું થર્મોસ્ટેટિકલ રીતે નિયમન થતું રહે છે, જેથી ઉષ્ણતા-માનમાં થતા ફેરફારો આયનામાં પડતા પ્રતિબિંબને બગાડી ન નાખે. એને ચલાવવામાં વપરાતું 'વર્મ વ્હીલ' ૧૭ ફૂટની કદરરેખાનું હોઈ ૧૪૪૦ દાંતા ધરાવે છે. એ આખું જ એવું સંપૂર્ણ તૈયાર થયું છે કે એક ઈંચના દસ લાખમા ભાગની ભૂલ પણ ક્યાંય આવતી નથી.

લોખંડી બાંધણીથી ઊભા કરેલા એક સુરક્ષિત અને બેવડી દીવાલના ઘુમટમાં આ દૂરબીન રાખવામાં આવ્યું છે. એ ઘુમટ ૧૦૦ ફૂટની કદરરેખાનું ને ૧૦૦ ફૂટ ઊંચું છે.

સાગ–સૌથી કીમતી લાકડું

સાગ એ ઇમારતી લાકડાંમાં સૌથી વધુ કીમતી ગણી શકાય. ઉષ્ણ પ્રદેશોમાં તો એ માટે એની કોઈ બરાબરી કરી શકે એમ નથી અને કેટલીક બાબતોમાં તો સમશીતોષ્ણ પ્રદેશોમાં યે તેને ખાસ પસંદગી અપાય છે.

સાગનું લાકડું મજબૂત હોય છે, તે સાથે ખૂબ સખત પણ નથી હોતું. તે ચાલવામાં લાંબું હોવા માટે આપણામાં કહેવત છે કે 'સાગ ને સોનું, સો વરસે કાગળપર જૂનું.' પુખ્ત લાકડાનું વજન ઘનફૂટે લગભગ ૩૮ થી ૪૬ રતલ હોય છે. પુખ્ત થયા થયા પછી એના ભાંગવાનો બિલકુલ ભય રહેતો નથી.

હિંદ, બ્રહ્મદેશ, સિયામ, ફિલિપ્પાઈન ટાપુઓ ને મલય દ્વીપસમૂહમાં તેનાં ઝાડ થાય છે. પુખ્ત ઝાડોની ઉંચાઇ ૧૦૦ થી ૧૫૦ ફૂટ હોય છે ને થડનો ઘેરાવો ૨ ફૂટ. એનાં પાંદડાંમાંથી એક જાતનો લાલ રંગ નીકળે છે, જે પહેલાં સુતર અને રેશમને રંગવામાં વપરાતો.

કલકત્તામાં દેખાએલા રાક્ષસ જેવા
તમે પણ રાક્ષસ થઈ શકો!

તા. ૨૫મી જૂનના એ. પી. ના તારમાં એવી ખબરો આવી હતી કે દક્ષિણ કલકત્તામાં એક બંગાળી જુવાનને છાપરા સુધી પહોંચતા માથાવાળો રાક્ષસ દેખાયો હતો અને ત્યાંની છૂપી પોલીસના ઈન્સ્પેક્ટરે એ રાક્ષસનાં પગલાંની છાપ તપાસતાં ૨૨ ઇંચ લાંબી ને ૭ ઈંચ પહોળી જણાઈ હતી. બંને પગની એવી કુલ છ છાપો પડી હતી.

આ પ્રસંગ પરથી કુશંકાઓ ઉપસ્થિત કરવાને બદલે વૈજ્ઞાનિક નજરે આપણે જોઇએ તો આપણને એ જ પ્રશ્ન ઊઠે કે માણસ એટલો લાંબો વધી શકે ખરો? ઘણા નહિ જાણતા હોય કે વર્ષો પહેલાં મિ. એચ. જી. વેલ્સે એ પ્રશ્નની છણાવટ કરતું 'The Food of the Gods' બહાર પાડેલું. એ પુસ્તકમાં મુખ્ય પાત્ર એક વિજ્ઞાનીનું હતુ અને તેણે એક એવો પદાર્થ શોધી કાઢેલો, જે વડે માણસનો દૈહિક વિકાસ અનેકગણો વધારી શકાય.

પણ વેલ્સ તો એ કલ્પના જ રજૂ કરીને અટકી ગએલો, જ્યારે તાજેતરમાં એક વિજ્ઞાનીએ તો ખરેખર એવા એક પદાર્થનો અખતરો ઉંદરો પર અજમાવી એમને ખૂબ કદાવર બનાવી દીધા હતા. એ જ અખતરો માણસપર કરવામાં આવે તો એ ૧૨ ફૂટનો જબરો રાક્ષસ બની જાય.

આ કદનું કારણ પ્રાણીઓના શરીરમાં તેમના મગજની નીચે આવેલી માત્ર અરધા ઈંચના કદની ને આશરે અરધા ગ્રામ વજનની એક ગ્રન્થી છે. સામાન્ય રીતે શરીરની બીજી બધી ગ્રન્થીઓ કેશિનીઓ મારફત અમુક જાતનો રસ વહેવડાવ્યા કરે છે, પણ આ ગ્રન્થીને એવી કેશિની ન હોઈ તે કેશિનીરહિત ગ્રન્થી (ductless gland) કહેવાય છે. ગ્રન્થીઓનો સ્રાવ સીધો લોહીમાં ભળી જાય છે આપણા મોંમાં લાળ કાઢતી ગ્રન્થીઓને કેશિનીઓ રહેલી છે જે મારફત મોંમાં તેનો સ્રાવ વહેતો રહે છે એ આપણે જાણીએ છીએ.

આપણે ઉપર જે ગ્રન્થીની વાત કરી ગયા તેનું પોતાનું નામ 'પિટ્યૂવિટરી ગ્રન્થી' છે. એમ ને એમ શરીરમાં રહે એ કંઇ લાભ કે હાનિ નથી કરતી, પણ એમાં કશો પણ વિકાર થતાં તે પ્રાણીઓના કદ પર ખૂબ જબરી અસર કરે છે. જો એ વધુ સ્રાવ કાઢવા માંડે તો માણસ કદમાં વધતો જ જાય, જ્યારે ઓછો કાઢે તો માણસ પુખ્ત થનો રહેવા છતાં ઠીંગુજી જ રહે.

ડૉકટરો આ શારીરિક વિલક્ષણતા હવે સમજ્યા છે અને એ ગ્રન્થીના વિકારથી જન્મતા પરિણામોનો પ્રતિકાર પણ યોજતા જાય છે. દાખલા તરીકે થોડા વખત પર એક છોકરીનો વિકાસ ત્રણ જ વર્ષે અટકી જતાં ડૉકટરોએ પિટ્યૂટરી ગ્રન્થીનાં ઇંજેક્શનો એને આપી એનો પુનર્વિકાસ ચાલુ કર્યો હતો. એ જ રીતે બે બાળકોનો પિટ્યૂટરીના પ્રભાવે રાક્ષસ બની જવાનો સંભવ હતો, તે તેમની એ ગ્રન્થી પર એક્સ-રેની પ્રક્રિયા અજમાવી નિવાર્યો હતો.

લડાઇનો રોજનો ખર્ચ કેટલો

હાલની લડાઇમાં ઇંગ્લંડની પ્રજાને રોજનો ખર્ચ ૬૦,૦૦,૦૦૦ પૌંડનો થાય છે. આ આંકડા સાથે સરખાવતાં ઈંગ્લંડનાં અત્યાર પહેલાંના યુદ્ધખર્ચો સાવ મામૂલી લાગે છે.

અમેરિકન સ્વાતંત્ર્ય યુદ્ધનો કુલ ખર્ચ ૧૨૦,૦૦૦,૦૦૦ પૌંડ થયો હતો. ક્રીમિયન યુદ્ધનો ખર્ચ તેના કરતાં કુંથી પણ ઓછો હતો. બોર વિગ્રહમાં ૨૨૩,૦૦૦,૦૦૦ પૌંડ હતો.

નેપોલિયન બોનાપાર્ટને સપડાવવાને વીસ વર્ષ યુદ્ધ ચાલ્યું તેનો આંકડો ૬૦૪,૦૦૦,૦૦૦ એ વખતે ભયંકર

લાગતો, અને તેને પહોંચી વળવા વિલીયમ પિટે ઈનકમ ટૅક્સ આણ્યો. ૧૯૧૪માં પ્રજાનું દેવું ૬૫૦,૦૦૦,૦૦૦ પૌંડ થઇ ગયું હતું તે ૧૯૨૦માં ૭,૫૨૭,૦૦૦,૦૦૦ પર પહોંચ્યું.

દોઢ સૈકાથી ચાલ્યું આવતું એ ઋણ દસ હજારગણું વધ્યું. ૧૯૧૪માં ઈંગ્લંડનો રોજનો લડાઈખર્ચ ૧,૦૦૦,૦૦૦ અંદાજે હતો. ૧૯૧૫માં રોજના વધીને ૩,૦૦૦,૦૦૦ પૌંડ થયા. પ્રજાની સમગ્ર આવકનો એ ત્રીજો ભાગ થયો. ૧૯૧૭માં રોજના ખર્ચ ૭,૦૦૦,૦૦૦ પૌંડ થયા. હવે આની સાથે તે સરખાવો. (કરન્ટ હિસ્ટરી)

બજારૂ તેલોથી વાળ સફેદ થઈ ગયા હોય તો

માથાના વાળ માટે વપરાતાં બજારૂ તેલોમાંથી કેટલીક વાર ફાયદો થવાને બદલે નુકસાન જ વધારે થાય છે. ધારીથી શ્રી શાંતિલાલ વસ્તાભાઇ લખે છે કે તેવા હેર ઑઈલના વપરાશથી તેમના બધા વાળ સફેદ થઈ ગયા હતા. એમણે ઘણા માણસોની આ બાબતમાં સલાહ લીધી, છેવટે શાળા ખાતાના એક અધિકારી રા. હરિભાઈ નારણભાઈ પટેલે એમને શીર્ષાસન સાથે ભાંગરાના તેલનો પ્રયોગ બતાવ્યો. તે પ્રમાણે તેલ બનાવી ઉપચાર કરવાથી તેમના વાળ ફરી કાળા થઇ શકયા છે. પોતાને મળેલા આ લાભનો ફાયદો અન્ય બંધુઓને પણ મળે અને ઊંધે રસ્તે દોરવાઇ જતા લોકોને સાચી વસ્તુસ્થિતિનો ખ્યાલ આવે તેવા ઉદ્દેશથી, જેમને તેવું તેલ ઘેર બનાવવાની ઈચ્છા હોય તેઓ તેમને પત્ર લખી પૂછાવતાં બધી હકીકત તેઓ લખી મોકલે છે. નીચેના સ્થળે પત્રવ્યહાર કરવો: શાહ શાન્તિલાલ વસ્તાભાઈ, કાપડના વેપારી, ધારી-કાઠિયાવાડ.

વૉડર અથવા બોલતું યંત્ર

જીભ હલાવવાની જરા યે તકલિફ લીધા વગર તમારે કહેવાનું બધું કોઈ યંત્ર જ કહી આપતું હોય તો? આ વાતને રખે તરંગ માની હસી કાઢતા. એ તો વિજ્ઞાનની નક્કર શોધ છે અને તે શોધવાનું માન બેલ ટેલીફોન લૅબોરેટરીને ફાળે જાય છે. ન્યૂ યૉર્કના ગયા જગતમેળામાં એ યંત્ર મૂકવામાં પણ આવ્યું હતું.

આ યંત્રને નામ આપવામાં આવ્યું છે 'વૉડર'નું. એમાં ચોક્કસ જુદી જુદી કળો દબાવતાં જુદાજુદા સ્વરવ્યંજનોની સુસંહતિ સાથે જોઈતું ઉચ્ચારણ સ્પષ્ટ રીતે બોલાય છે. માત્ર એ ઉચ્ચારણમાં સહેજ વીજળીક શ્રુતિભાર ('electrical accent') રહેવા પામે છે. આપણી સ્વરનળીથી જન્મતા કંઈક સંગીતમય અવાજો કાઢવા ઉપરાંત સીસોટી કે સિસકારા પણ તે બોલાવી શકે છે. એટલું જ નહિ, પણ સ્ત્રીઓના જેવા કોમળ કે પૌરુષભર્યા ખડતલ અવાજે પણ એ કાઢી શકે છે. વળી પ્રશ્નાર્થક કે શબ્દભાર દર્શાવવા માટે પણ તેમાં સગવડ છે.



માણસથી પણ મોટું ફૂલ

તમને કદિ ખ્યાલ સરખો પણ નહિ આવ્યો હોય કે દુનિયાને કોઇ ખૂણે માણસ કરતાં પણ મોટું કદાવર ફૂલ થતું હશે. પરંતુ કુદરતની અનેક વિચિત્રતાઓમાંની એ પણ એક પ્રત્યક્ષ વિચિત્રતા છે એ ઉપલું ચિત્ર જોતાં જણાશે. એવું વિચિત્ર ફૂલ સુમાત્રામાં થાય છે અને એની ઊંચાઈ આઠ ફૂટ કરતાં યે વધારે હોય છે. એની ગંધ બહુ ખરાબ હોય છે ને એનું જીવન થોડાક દિવસોનું જ હોય છે.

ભારતીય સંવતો . . . ૯–કલચુરિ સંવત

કલચુરિ સંવતને 'ચેદિ સંવત' અથવા 'ત્રૈકુટક સંવત' પણ કહે છે. દક્ષિણ ગુજરાત, કોંકણ તથા મધ્ય પ્રદેશના લેખોમાં એ મળી આવે છે. ચેદિ દેશ (મધ્ય પ્રદેશના ઉત્તર ભાગ) પર શાસન ચલાવનાર કલચુરિ (હૈહય) વંશના કોઇ રાજાએ તે ચાલુ કર્યાનું અનુમાન થાય છે. ડૉ. કીલહૉર્નની ગણતરી પરથી ઇ. સ. ૨૪૯ના ઑગસ્ટની ૨૬મી અર્થાત્ વિ. સં. ૩૦૬ના આસોની શુદિ ૧૧થી એનો પ્રારંભ નિશ્ચિત રૂપે સ્વીકારાયો છે. આ સંવતવાળો પહેલો લેખ કલચુરિ સંવત ૨૪૫નો તથા અંતિમ લેખ ૯૫૮નો મળે છે. એ પછી એનો અસ્ત થઈ ગયો.

નવી કેડીઓ

સેંકડો બાળકોનું એક દુઃખ કોઈ ટાળશે? બાળકો જ્યારે-જ્યારે ભમરડો ખરીદે છે ત્યારે તેમાં આર નંખાવવા એમને બીજે જવું પડે છે; અને એ એક મોટી તકલિફ છે. કોઈ આર નાખી તૈયાર ભમરડાનો વેપાર શરૂ કરો ને! ખૂબ ખપશે.

છબી મઢતાં માથાંવાળી ચૂંકો પૂઠું ફાડી નાખે છે; પણ એને બદલે ઊતરી ગએલી ગ્રામોફોનની પીનો સરસ કામ લાગશે ધૈર્યચન્દ્ર બુદ્ધ

વિકસતું વિજ્ઞાન

રશિયાના ટાસ સમાચારખાતાએ જાહેરાત બહાર પાડી છે કે ત્યાંની વૂડ કેમિકલ ઇન્સ્ટીટ્યૂટમાંના વી. ટીશેન્કો અને તેના સાથીઓએ ટર્પેન્ટાઇનમાંથી કપૂર બનાવી કાઢ્યું છે. પણ એ પરથી એ વિજ્ઞાનીઓને જ એ બનાવટનો પહેલો યશ આપવા એ મથે છે એ માત્ર આપવડાઈ છે. ઇ. ૧૯૨૦માં કુદરતી કપૂરના ભાવ રતલે ૩.૬૫ ડૉલર જેટલા ચડી ગયા, ઠેઠ ત્યારે દુ પૉએ એ ક્ષેત્રમાં ઝંપલાવેલું. પછી જાપાને પાછા પચાસ ટકા જેટલા ભાવો ગગડાવી નાખ્યા એટલે દુ પૉને બનાવટી કપૂર સાથે હરીફાઇમાં ઊભા રહેવું મુશ્કેલ થઈ પડ્યું, પરંતુ છેલ્લાં પાંચ વર્ષથી પાછું એ કામ એણે હાથ ધર્યું છે. ટર્પેન્ટાઇનમાંથી કપૂર બનાવવાની શક્યતાનું જ્ઞાન તો ઠેઠ ૧૮૦૩ સુધી જાય છે. એ સાલમાં જર્મન વૈદક શાસ્ત્રી કિન્ટ એ શક્યતા સમજી ટર્પેન્ટાઇનમાં હાઇડ્રોક્લોરિક ઍસિડ મેળવતાં એક પાસાદાર પદાર્થ મેળવી શકેલો. એણે એ પાસા કપૂરના જ માની લીધેલા, પણ ખરી રીતે તે ઑર્નીલ ક્લોરાઈડ હતું.

આપણે પોતે · આપણો દેશ · આપણી પૃથ્વી

આપણા શરીરનું પૃથક્કરણ કરીએ તો એમાંથી ૫૯ ટકા એકલું પાણી જ નીકળે. લોહીમાં ૯૦ ટકા પાણી હોય છે, કલેજામાં ૬૯ ટકા ને સૌથી નક્કર ગણાતાં હાડકાંમાં યે તે ૨૭ ટકા જેટલું હોય છે. બાકીનું શરીર ચૂનો, ફોસ-ફેટ, મૅગ્નેશિયમ તથા જેને ઉકાળીને જીલેટિન બનાવી શકાય એવા ચીકણા પદાર્થોનો બનેલો હોય છે. એ સઘળામાંથી રાસાયણિક વસ્તુઓ નીપજાવવી હોય તો એક ઢુંટડો મૅગ્નેશિયમ, ૨ રતલ ખાંડ, સાત લોટા સાબુ, ૨૦૦૦ દીવાસળી બને એટલું ફોસ્ફરસ, એક નાનો ખંડ ધોળી શકાય તેટલો ચૂનો ને મધ્યમ કદના બે ખીલા બનાવી શકાય એટલું લોઢું બની શકે, જેની કીમત માંડ પાંચ રૂપિયાની થાય!

અમેરિકન ખેડૂતની વાર્ષિક પેદાશ ૯૦૦ રૂપિયાની આવે છે, યુરોપિયન ખેડૂતની ૧૦૦થી ૪૦૦ સુધીની, ત્યારે હિંદી ખેડૂતની માત્ર ૪૫ની!

શબ્દકોશમાં પૃથ્વીનું એક નામ 'અચલા' પણ મળે છે, પરંતુ એ તો સેંકડે ૯૮ માઈલ એટલે કે દરરોજ ૧૬,૦૧,૬૭૪ માઇલ ચાલતી રહે છે!

કહેવત કથન અને કવિતા

ગઇ પળ પાછી ન આવે

જે થાય ટાણે તે ન થાય નાણે
ઘા ભૂલ્યો તે ભવ ભૂલ્યો
અવસર ગયે બુધ કયા કરની?

સંપત ગઇ તે સાંપડે, ગયાં વળે છે વહાણ;
ગત અવસર આવે નહિ, ગયા ન આવે પ્રાણ.
નર તે ચતુર સુજાણ, સર અવસર ચૂકે નહિ;
અવસરનાં એંધાણ, રહે ઘણા દિ રાજીઆ.

નવાં પુસ્તકો

પ્રભાનાથને કાવ્યકુસુમાંજલિ: લેખક-શંકરદાન, પ્રકાશક-રામદાન કેશરભાઈ, પાલીતાણા; **ચરણરજ:** લેખક નીરૂ દેસાઈ, પ્રકાશક-જયન્તી દલાલ, ગતિ-રેખા કાર્યાલય, પીપલ્સ બૅંક બિલ્ડીંગ અમદાવાદ, ૦-૮; **ગુજરાતનો જય:** લેખક-ઝવેરચંદ મેઘાણી, પ્રકાશક-ફૂલછાબ કાર્યાલય રાણપુર, ૧-૮-૦; **સોહાગણ:** લેખક-પ્રકાશક-ન્હાનાલાલ દલપતરામ કવિ, એલિસપૂલ અમદાવાદ; **એમાં શું?** લેખક-અવિનાશ, પ્રકાશક-પ્રગતિ સાહિત્ય મંદિર, રાજકોટ, ૨-૦-૦; **ઓપ-રેશન કોનું?** લેખક-પ્રકાશક-પ્રાણજીવન મહેતા, ૦-૮-૦; Basic step by step Pt. II, ૦-૪-૦; Do, Pt. III, ૦-૬-૦; બેઝિક ઇંગ્લીશ ભાષાશૈલી ભાગ ૨, ૦-૪-૦, એજ, ભાગ ૩, ૦-૬-૦, સૌના પ્રકાશક-Basic English Class, Lathi (Kathiawar); **ગોળીબારની મુસાફરી:** લેખક-પ્રકાશક-હંસા મહેતા, દીનનો બંગલો, કિંગ એડવર્ડ રોડ મુંબાઇ-૧૨, ૧-૮-૦; **રાજા રામમોહનરાય, ઈશ્વરચન્દ્ર વિદ્યા-સાગર, મહાદેવ ગોવિંદ રાનડે, સર ફિરોજશાહ મહેતા, સુરેન્દ્રનાથ બેનરજી, લોકમાન્ય ટિળક, સ્વામી શ્રદ્ધાનંદ, સર જગદીશચન્દ્ર બોઝ, પંડિત મોતીલાલ નહેરૂ, લાલા લજપતરાય, ગોપાળ કૃષ્ણ ગોખલે, દેશબંધુ દાસ** (કિશોર ચરિત્રમાળા ગુચ્છ ૩, હિંદી મહાજનો) લેખક-રસુલભાઇ ન. વહોરા, પ્રકાશક-ચરોતર એજ્યુકેશન સોસાયટી આણંદ, દરેકની ૦-૨-૦, આખું ગુચ્છ ૧-૮-૦; **ઊનનું ગૂંથણકામ:** લેખિકા-શ્રીમતી ડાહી-ગૌરી, પ્રકાશક-હીરજી ભીમજી વાલંભીઆ, જામનગર, ૧-૪-૦.

હિંદના એક વખતના વાઈસરૉય લૉર્ડ અર્વિન (જે હાલ બ્રિટનના પરદેશમંત્રી લૉર્ડ હાલીફાક્સ છે) એક યહુદી વેપારીના પુત્ર છે અને તેમનું અસલ નામ રૂફસ આઇઝૅક્સ છે. ચૌદ વર્ષની ઉમરે એમણે દરિયાનો પ્રવાસ ખેડ્યો અને એક વહાણમાં નોકર થઇ કલકત્તા સુધી આવી ગએલા. ત્રીસ વર્ષ બાદ એ જ બંદર પર તોપોના નાદ સાથે તેમણે વાઈ-સરૉય-થઈને પગ મૂક્યો.

નેપોલિયન લેફ્ટેનન્ટ હતો તે વેળા ફ્રેન્ચ સૈન્યની સ્થિતિ એટલી ગરીબ હતી કે સૈનિકોનાં કપડાં તદ્દન ફાટી ગયાં હતાં. એક વખત એક ચીંથરેહાલ સૈનિકે આવી જણાવ્યું કે 'આ કાણાં તો જુઓ! પૂરૂં શરીર પણ ઢંકાતું નથી.' શિસ્તપ્રિય નેપોલિયન આવી ફરિયાદી મનોવૃત્તિને ઉત્તેજવા નહોતો માગતો. પણ તેણે ઠપકાને બદલે ચતુર જવાબ આપ્યો: 'પણ એ કોટ જો આખો હોત તો તારા શરીર પરના કીર્તિના ઘા ઢંકાઈ રહેત. તારી વીરતાના ઘા શું તું છુપાવવા ઇચ્છે છે?'

~

અનેકાર્થી શબ્દ: **ઢાળ**=ઢોળાવ, ઉતાર; રીત, ઢબ; ગાવાની ઢબ; સંબંધ ધરાબો; ખેતરના પાકનો અંદાજ; ઢંગ, વર્તણૂક;

~

ગણિત ગમ્મત

$૧^{૨}+(૧+૦)^{૨} = ૦\times૧+૨$

$૨^{૨}+(૨+૧)^{૨} = ૫\times૨+૩$

$૩^{૨}+(૩+૨)^{૨} = ૧૦\times૩+૪$

$૪^{૨}+(૪+૩)^{૨} = ૧૫\times૪+૫$

$૫^{૨}+(૫+૪)^{૨} = ૨૦\times૫+૬$

$૬^{૨}+(૬+૫)^{૨} = ૨૫\times૬+૭$

$૭^{૨}+(૭+૬)^{૨} = ૩૦\times૭+૮$

$૮^{૨}+(૮+૭)^{૨} = ૩૫\times૮+૯$

$૯^{૨}+(૯+૮)^{૨} = ૪૦\times૯+૧૦$

$૧૦^{૨}+(૧૦+૯)^{૨} = ૪૫\times૧૦+૧૧$


—કાન્તિલાલ મનસુખલાલ જોષી

~

કહેવતોના અર્થ: 'મન ચંગા તો કથરોટમાં ગંગા'—મન નિર્વિકાર હોય તો કથરોટને પાણીએ નહાતાં પણ ગંગાસ્નાન જેટલું પાવિત્ર્ય આપમેળે આવી જાય છે. માત્ર મન શ્રદ્ધાવાન્ જોઇએ. એને લગતી બીજી કહેવતો, 'શ્રદ્ધા મોટી કે દેવ?' 'પીર બડા કે ઇમાન?' 'મન રાજી તો શું કરે ગયા કાશી?' વગેરે

~

મોટરનું એક નવું હૉર્ન બન્યું છે તે આબાદ કૅાયલનો ટહુકાર કરે છે.



મોંની અંદરના ભાગોનું મોટું ચિત્ર બહારના પડદા પર પાડે એવું આ યંત્ર જૅકોબ નામના માણસે બનાવ્યું છે. તેમાં એવી યોજના છે કે અંદરની બૅટરી વડે મોંમાં જોરદાર વિજળીક રોશની પડે, અને તે પાછી બીજા પ્રતિબિંબ પાડતા કાચો વડે પરાવર્તિત થઇને પડદા પર દાંતનો ખાંચે ખાંચો સ્પષ્ટ દેખાય એવા મોટા સ્પષ્ટ રૂપમાં પડે. એથી દાંતનો સડો તુરત પકડાય છે અને દાંતનો દાક્તર દરદીને પણ તે બતાવી શકે છે.

~

વીજળીના ગ્લોબ પર અત્તરનું એક ટીપું લગાડી બત્તી ચાલુ કરવાથી આખો ઓરડો મહેક મહેક થઈ રહેશે.

~

મોટામાં મોટા હાથીનું વજન ૧૩૮ મણ થાય જ્યારે મોટામાં મોટા વ્હેલ મચ્છનું વજન ૨૭૨૫ મણ (૧૦૦ટન). એકી જ વખતે વ્હેલ ૫૪॥ મણ ભોજન કરી જાય!

~

યુનાઇટેડ સ્ટેટ્સમાં આવેલા 'Triple Divide Peak' માંથી ત્રણ નદીઓ નીકળે છે અને ત્રણે જુદા જુદા દરિયાને મળે છે. મિસુરી—જે આગળ જતાં મિસિસિપી બને છે તે મેક્સિકોના અખાતમાં પડે છે. કોલંબિયા નદી પૅાર્ટલૅન્ડ નજીક પાસિફિકને મળે છે, જ્યારે સાસ્કૅચેવાન આખું કૅનૅડા વીંધી હડસનના ઉપસાગરમાં ઉત્તરધ્રુવ સમુદ્રને મળે છે..

~

મુંબાઇથી અમદાવાદ સુધી સીધું જાય છે, અને છતાં તસુ પણ હલતું નથી, એ શું? —રેલવેના પાટા!

~

મેલઝર નામના વિજ્ઞાનીના કહેવા પ્રમાણે તોતડા માણસો વિશેષ ગપ્પાંબાજ હોય છે.



આ વરસની આખરે ચલણમાં શરૂ થનારો અરધા આનાનો નિકલનો સિક્કો.

~

નાયાગરાના ધોધમાંથી હરરોજ ૫૭૨ કરોડ ટન પાણી નીચે પડે છે.

~

પીનાંગ બંદરના નામનો અર્થ 'પૂર્વનું જવાહર' એવો થાય છે.

~

બ્રિટનના ડર્બીશાયર પરગણામાં બ્લૅકવેલ મિલ નામનું ગામડું છે, ત્યાં દર શનિવારે જ એક ટ્રેન આવે છે; તેનું પ્લૅટફૉર્મ ફક્ત ચાર ગજ પહોળું છે.

~

ઈટલીના ડોલોમાઇટ પહાડોમાં આવેલા એક સરોવરનું નામ 'લોહીનું સરોવર' છે. ગરમીના દિવસોમાં એનું પાણી લોહી જેવું લાલ થઈ જાય છે!

~

વગર કારણે રેલવે ટ્રેન અટકાવનારને રેલવે કંપની આપણે અહીં ૫૧ રૂપિયા દંડ કરે છે, જ્યારે બ્રિટનમાં ૫ પૌંડ. પણ એ અટકાયત પાછળ રેલવે કંપનીને કેટલું ખર્ચ થાય છે, ખબર છે? અમેરિકન ઍસોસીએશન ઑાવ રેઇલરોડઝના કહેવા પ્રમાણે ૫૦ સેન્ટ (૧॥। રૂપિઆ) ને છ મિનીટ!



આયર્લૅાંડ સ્વતંત્ર 'આયર' દેશ થયો ત્યાર પછીની ટિકિટ

ગાંડીવનું બાળસાહિત્ય

(બધાં પુસ્તકો સરકારી કેળવણી ખાતામાં મંજૂર છે.)

પહેલું ગુચ્છ	રૂ. આ.
૧ ટોલ્સ્ટોયની ૩ વાતોઃ (બોધકથાઓ)	૦-૫
૨ બકુલઃ (પાંચ સુંદર પરીકથાઓ)	૦-૬
૩ બીરબલનો બન્ધુઃ (અક્કલ કથાઓ)	૦-૮
૪ મૂરખરાજઃ (બોધકથા)	૦-૮
૫ નીલમઃ (રસીલી વાર્તાઓ)	૦-૬
૬ ભીષ્મ અને યુધિષ્ઠિરઃ (ચરિત્ર)	૦-૪
૭ બાળવિહારઃ-૧ (વિજ્ઞાનની વાતો)	૦-૧૨
૮ જય બજરંગઃ (જીવન ચરિત્ર)	૦-૬
૯ વાઘોનું વનઃ (ગમ્મત કથા)	૦-૪
૧૦ જાદુઇ હારઃ (વીર કથા)	૦-૪
૧૧ બરફીપુરીઃ (રસીલી કથા)	૦-૪
૧૨ સોનાકુમારીઃ (પરી કથા)	૦-૪
૧૩ તોફાની ટીપુડો (કૂતરાની વાત)	૦-૬
૧૪ કચુંબરઃ (પરચુરણ)	૦-૩
૧૫ ધૂપસળી (મજાની વાત)	૦-૪
૧૬ બાળવિહાર-ભાગ બીજો	૦-૬
૧૭ મોતીના દાણા (રમ્ય વાતો)	૦-૫
૧૮ એક હતો કૂતરો (કૂતરાઓની વાતો)	૦-૪
૧૯ કેરીના ભજીયાં (રસબોધ)	૦-૩
૨૦ નવનીત (ચરિત્ર-માખણ)	૦-૩
૨૧ મેઘધનુષ (કચુંબરનો મોટો ભાઇ)	૦-૪
૨૨ મિઆઉં (બાલ નાટક)	૦-૧
૨૩ હાથી ધમધમ ચાલે (હાથીકથાઓ)	૦-૧
૨૪ બાળ ડાયરી (ડાયરી)	૦-૩
૨૫ ચોપગાંની ચતુરાઇ	૦-૪
૨૬ ગધેડાનું રાજ	૦-૧
૨૭ રમકડાંની દુકાન	૦-૧
૨૮ જાદુઇ જમરૂખ	૦-૧
૨૯ મકનો મસ્તાનો	૦-૧॥
૩૦ બંગાળી બીરબલ (અક્કલ કથા)	૦-૬

બીજું ગુચ્છ	રૂ. આ.
૩૧ ભૂલ ભુલામણિ	૦-૧
૩૨ સવાકાની આપવીતી	૦-૧
૩૩ ખોટી ખોટી વાતો	૦-૪
૩૪ સિપાઇદાદા	૦-૨॥
૩૫ મધપૂડો	૦-૧૨
૩૬ કોલસા કાકા (વિજ્ઞાન)	૦-૫
૩૭ સબરસ (પરચુરણ)	૦-૩
૩૮ કીર્તિસ્તંભ (ઇતિહાસ કથાઓ)	૦-૪
૩૯ ટિકિકટિકિક (નોળિયાની વાત)	૦-૪
૪૦ સારંગીવાળો (રૂશિયન પરીકથા)	૦-૨
૪૧ ખરેખરી વાતો	૦-૩
૪૨ મોસાળની મોજ	૦-૩॥
૪૩ રશીદની પેટી	૦-૪
૪૪ પુસ્તકાલય	૦-૨
૪૫ પ્રાણી પુરાણ-૧	૦-૩
૪૬ લાડકાંચ્યો (જોડકણાં)	૦-૪
૪૭ પ્રાણી પુરાણ-૨	૦-૪
૪૮ ફુરસદ	૦-૪॥
૪૯ રેલ પાટા	૦-૩
૫૦ ગુલદાની	૦-૮

ત્રીજું ગુચ્છ	રૂ. આ.
૫૧ હરિજનની હાય (અછુત કથા)	૦-૪
૫૨ વિજ્ઞાનિકા (ભાગ ૧લો)	૦-૩
૫૩ ગમ્મતિકા (રમુજ)	૦-૪
૫૪ વિજ્ઞાનિકા-૨	૦-૪
૫૫ ફળ કથા (વિજ્ઞાન)	૦-૪
૫૬ ,, -૨ ,,	૦ ૩
૫૭ મોરનાં પીંછાં	૩-૦
૫૮ જાપાનિકા	૦-૪
૫૯ બકોર પટેલ-૧	૦-૩

એણે લશ્કર નહોતું મોકલ્યું. સત્ય ને સાદાઇ એ બંને પ્રત્યે તેનો ચાહ અસીમ હતો. પ્રજાને તેણે ચોકખું કહી દીધેલું કે મિસરના ફારોહ તરીકે પોતાને ઇશ્વર કે કોઈ દેવનું ફરઝંદ ન ગણતાં તેમના જેવો માણસ જ ગણવો. પોતાનું ખાનગી જીવન પણ પ્રજાને અનુકરણીય બને તે માટે તે સતત કાળજી રાખતો. રાજાએ પ્રજાથી કોઇ રીતે અતડા રહેવું ન જોઇએ એ એનો સિદ્ધાંત હતો ને એને અનુસરી મિસરના ઇતિહાસમાં પહેલી જ વાર ખુલ્લા રથમાં એ પોતાની પત્ની અને બાળકો સાથે ફરવા લાગ્યો.

પોતાના નવા નગરની ભીંતો પર અખનાતને જે ગીતો કોતરાવ્યાં છે તેમાંથી આજ પણ લાલિત્ય ને પ્રેમ વરસે છે. જાણીને નવાઇ લાગશે, પણ ખ્રિસ્તીઓના ઉદ્ધારનાં ગીતો (Psalms) એ ઘણાંખરાં આ ગીતોનાં જ અનુકરણ છે. સર આર્થર વાઇગૉલે પોતાના **'The Life and Times of Akhnaton the Pharaoh of Egypt'** નામક ગ્રંથમાં બંનેના ઉતારા ટાંકી, તેમની વચ્ચે રહેલું સામ્ય દર્શાવી આપ્યું છે.

અખનાતન જાતે પોતાની પ્રજાને પોતાના આદેશનો બોધ આપવા નીકળેલો. હેલીઓપોલીસની સૂર્યપૂજક પ્રજાએ સૌ પહેલો એ સ્વીકાર્યો હતો. ત્યારની પ્રચલિત રૂઢી વિરુદ્ધ જઈ તેણે એકપત્નીવ્રત પાળ્યું હતું અને આ રીતે દાંપત્યનો દરજ્જો પણ મિસરી પ્રજાને એણે ખરેખરો દેખાડી આપ્યો. કળા, કાવ્ય, શિલ્પ બધાંને તેણે પ્રોત્સાહન આપ્યું હતું. એની પહેલાંના કોઇ ફારોહે પોતાનું દૈનિક જીવન કોઇ ચિતારાને ચીતરવા દીધું ન હતું. અખનાતને તે ચીતરવા દઈ રાજપદનો ફૂંપદભર્યો બુરખો નષ્ટ કર્યો હતો. એની પ્રેમલતા તો એટલી બધી હતી કે ખુદ તેનો નાશ નીપજાવવા મથનારાઓને પણ તે દેહાંતદંડ નહોતો આપતો. હમેશાં સાદાં જ કપડાં તે પહેરતો ને જરઝવેરાત તરફ ઘૃણાની નજરે જોતો. હલકા કુળમાં જન્મેલા પ્રત્યે આચરાતી હીણપત તેને સાલતી ને એવાને આગળ ન આવવા દેવાની તરકીબો તે હમદર્દીપૂર્વક દબાવી દેતો. તેના ઘણા મિત્રો ખેડુતકુળના હતા ને શાહમુર્ગનાં રત્નજડિત પીછાં પકડનારા તેમના હાથ એટલી જ સહેલાઇથી હળ ને ઝૂંસરૂં પણ ધારણ કરી શકતા.

પંચાવનેકની વયે અખનાતનની માતાનું અવસાન થયું ને એ સાથે જ મિસરના ઇતિહાસમાં કરુણાંત પ્રકરણની શરૂઆત થઇ. દક્ષિણ મિસરના નિવાસીઓ અખનાતનની મહત્ત્વાકાંક્ષાઓ જાણતા હતા એટલે તરત બળવો ઉઠાવવાના પ્રયત્નમાં પડ્યા. લોહી રેડવાની તો અખનાતન પહેલેથી જ વિરુદ્ધ હતો, એટલે તેણે હળવા છતાં અસરકારક ઉપાયો હાથ લીધા. એકેએક મંદિર ને ધર્મગુરુને રાજ્યમાંથી મળતું સાલિયાણું તેણે બંધ કરાવ્યું, ને જ્યાં હોય ત્યાંથી જૂના દેવો અને તેમના કોતરાએલા ઉલ્લેખો સુદ્ધાંનો નાશ કરવાનું ફરમાન કાઢ્યું. દેવના નામથી શરૂ થતું હોવાને કારણે પોતાના બાપનું નામ સુદ્ધાં એની સમાધિ પરથી તેણે ખોદાવી નખાવ્યું. દેવો ત્યારે એકલા મંદિર કે સમાધિઓ પર જ નહિ, પણ ખાનગી ઘરોની ભીંતો ને વાસણો સુદ્ધાં પર અડ્ડો જમાવી બેઠેલા. માણસની શક્તિ આરોપાએલા દેવોને માણસના મગજમાંથી ધોઈ નાખી એથી નીપજતા અવગુણો નાબૂદ કરી દેવાનો અખનાતનનો મક્કમ ઇરાદો હતો, અને એને લઈ દેવોનાં નામોવાળાં નામો પાડવાની પણ પ્રજાને એણે મનાઈ ફરમાવી.

પરંતુ એ હિતદર્શન પ્રજાને હૈયે પ્રતિબિંબિત ન થઇ શક્યું. લોહીભૂખ્યા દેવોની એ ગુલામ જમાત આથી અનેકગણી ઉશ્કેરાઇ ગઇ. એને શાંતિની જરૂર ન હતી. એને તો યુદ્ધનો ખૂનતરસ્યો જુસ્સો જાગ્રત રાખતાં દેવદેવલાંની જરૂર હતી ને એથી એમને મિટાવવા તૈયાર થએલા અખનાતનને તે વધુ ને વધુ ધિક્કારતી ગઈ. અખનાતન પ્રત્યે પ્રજાની આ નફરતની જાણ થતાં જ મિતન્ની ને બાબીલોનિયાના ખંડિયા રાજાઓએ બળવો જગાવ્યો. હિટાઇટોએ આંકી જીતી લીધું. નિકટના રાજાઓ પણ આ અવદશાથી રાચતા અખનાતનનું અપમાન કરવા લાગ્યા, જ્યારે દેશમાં ધર્મગુરુઓ તેની વિરુદ્ધ હતા જ.

અખનાતન ધારત તો પૂર્ણ ક્રૂરતાથી આ બધાંનો બદલો વાળી શકત. તેની પાસે જબરૂં લશ્કર પણ હતું. પરંતુ એ ઓલિયો, લોહી રેડવાને માનવતાનો દ્રોહ કર્યો

શેરીએ શેરીએ જ્યારે યુદ્ધનાં ગીતો ગવાતાં, ચૌટે ચૌટે શસ્ત્રોના ખણખણાટ સંભળાતા

બરોબર સમજતો. તેના બાપદાદાઓએ જીતેલા મુલકો હાથથી જવા લાગ્યા છતાં, કેટલાક ખંડિયા રાજાઓની આજીજી ને મદદનાં વચનો છતાં, તેણે લડવાની ચોકખી ના ભણી દીધી. હવે તે હતાશ પણ બની ગયો હતો. પોતે મરે તો પોતાનું તત્ત્વજ્ઞાન પાછળ કેટલાક જીવતું રાખે એ પણ અચોક્કસ હતું. તેણે જાણ્યું કે પોતાનું બધું ચણતર રેતી પરનું હતું. માનવતા પોતાનો ઉદ્ધાર કદી સાંખી શકતી નથી. સત્ય હમેશાં તેને કડવું લાગે છે.

એના બાગમાં પક્ષીઓ હજુ એ જ આહ્લાદપૂર્વક ગાતાં હતાં, ફૂલો એવી જ માદક સુંદરતાથી ખીલતાં હતાં, પાસે વહેતી નાઇલનાં પાણી એ જ અક્ષુબ્ધ સંગીત સુણાવતાં હતાં; પણ એ બધાંથી એક વખત રાચનાર અખનાતન તો નિરાશાની ચાદર ઓઢી, દુનિયાથી સાવ અલિપ્ત બની કાવ્યોમાં પોતાનું હૈયું ઠાલવી રહ્યો હતો. કવિ તરીકે એ અંગ્રેજ કવિ શેલીની ૩૧૫૦ વર્ષ પહેલાંની પૂર્વાવૃત્તિ ગણી શકાય. બ્રેસ્ટેડે પોતાના 'હિસ્ટરી ઑવ ઇજીપ્ત'માં આપેલા તેનાં કાવ્યોના ઉતારા તેની પ્રતીતિ કરાવે છે. 'ઇજીપ્શયન માથ ઍન્ડ લીજેન્ડ'નો લેખક ડોનાલ્ડ એ મૅકેન્ઝી પણ બંનેના સામ્ય પર ભાર મૂકતાં લખે છે, **'both men had much in common; they were the idealists and reformers at war with the world, and beautiful but ineffectual angels.'**

ને એ નિરાશામાં ને નિરાશામાં જ ઇ.પૂ. ૧૩૫૮માં અખનાતનનો દેહ પડ્યો. નિસર્ગની લીલાથી રાચનાર એ કુમાર આદર્શવાદીના શબને બેમાતનની એવી કર્કશ કરાંડા પર દફનાવવામાં આવ્યું કે જ્યાં કોમલતાનું નામ નિશાન ન હતું. ફૂલો નહોતાં ને પક્ષીઓ યે નહોતાં. શિયાળાનો ઠંડા પવન તેની તુરબતને થીજાવી દેતો, ને ઉનાળાનો તાપ તેને ભઠ્ઠી સમ બનાવી દેતો.

એના પછી થોડા જ અરસામાં થીબ્ઝના ધર્મગુરુઓની મદદ લઈ, તેનો જમાઇ તૂતંખ–આમેન ગાદીએ આવ્યો. વિશ્વશાંતિની તેને કશી દરકાર ન હતી. એશિયાઇ લોકોને ઝબ્બે કરવા તરત પોતાના સેનાપતિ હોરમહેબને જબરા લશ્કર સાથે તેણે મોકલી આપ્યો. જૂના દેવો સાથે ભૂતપ્રેત ને પિતૃઓ ફરી ઊભા થયા. ધર્મગુરુઓ ને તાંત્રિકો ફરી મોખરે આવ્યા ને તેમને નાણાં ને જમીનની નવાજેશ થવા લાગી. અખનાતનને નાસ્તિક જાહેર કરવામાં આવ્યો. એટલેથી જ ન અટકતાં તેની કબર ખોદાવી નાખવામાં આવી ને એવા નાસ્તિક પાસે સૂતાં અભડાઈ જાય એ બીકે તેની માતા તાઇનું મુડદું ત્યાંથી બીજે દફનાવી, તેની કબર વેરણછેરણ કરી નાખવામાં આવી. થોડા જ કાળમાં એના પર રણની ઊડતી રેતી ફરી વળી. ત્યાર પછીના મિસરના બધા ઉલ્લેખોમાં અખનાતન માટે 'ગુનેગાર' શબ્દ મળી આવે છે. આમ, અઢાર વરસના તેના સતત પ્રયાસ પર પાણી ફરી વળ્યું ને રાજા સાથે જોડાએલી દેવાંશી કલ્પના કાયમ રહી, જે કલ્પનાએ જ સિકંદરને ગાંડો બનાવી એને ભયંકર માનવહત્યામાં ઉતાર્યો.

માનવ ઇતિહાસના યુગજૂના જ્યોતિર્ધર અખનાતનના એ કરુણ કૅજ વિષે ઈજીપ્ટ એક્સ્પ્લોરેશન સોસાએટીના ઉપક્રમ નીચે એની કબર શોધી કાઢનાર પ્રો. બ્રેસ્ટેડ મિસરના ઇતિહાસના પોતાના ગ્રંથમાં બયાન કરે છે કે **'Thus disappeared the most remarkable figure in early Oriental history. . . . There died with him such a spirit as the world had never seen before.'**

જો એને ભૂલ ગણીએ તો અખનાતને એ ભૂલ કરી હતી કે તેણે પ્રેમથી સામ્રાજ્ય ચલાવવાનો નિરધાર કર્યો હતો. એની બીજી ભૂલ પ્રજાને અંધશ્રદ્ધાથી વાળી સત્યને માર્ગે વાળવાનો પ્રયાસ કરવાની ગણાય! કારણ કે એ પ્રેમ અને સત્ય બન્નેની તેની જેહાદ ત્યારના મિસર માટે અકાળની હતી. એને ત્રણ હજાર વર્ષ વીત્યાં છતાં આજની દુનિયા પણ એ પ્રેમ કે સત્ય સ્વીકારવા ક્યાં તૈયાર છે? આપણી વિકસેલી માનવતા દિનોદિન માનવસંહારના નવા આયુધો યોજી એ પ્રેમનું પ્રદર્શન કરે છે! ને સત્ય? કોઇ ખ્રિસ્તીને તેની સુવાર્તાઓનો અમેળ ને ખ્રિસ્તનું અનૈતિહાસિકપણું, કોઇ મુસલમાનને કુરાનાંતર્ગત અસંગતિઓ કે કોઈ હિંદુને તેના ધર્મ પર જામેલા અવાસ્તવિકતાના થરોનો થોડો નિર્દેશ કરો અને જુઓ કે એ સત્ય તેનાથી કેટલું સાંખ્યું જાય છે!

અશોક હર્ષ

એ હજારો વર્ષ પહેલાંના કાળમાં પણ આદર્શનિષ્ઠ રહી એણે અહિંસાવ્રત આચર્યું

આ મહિનો (જુલાઇ) ઈતિહાસમાં

તા. ૭ કૉંગ્રેસની કારોબારી સમિતિએ હોદ્દા સ્વીકારવાનો નિર્ણય કર્યો. -ઈ. ૧૯૩૭

તા. ૮ જસવંતરાવ હોળકરે અંગ્રેજ સેનાને હરાવી લેફ્ટેનન્ટ લ્યૂકનને કેદ કર્યો-ઇ. ૧૮૦૪. આ વિશ્વાસઘાતી લ્યૂકને સિંધીઆ જોડે વિશ્વાસઘાત કરી અલીગઢનો મજબૂત કિલ્લો અંગ્રેજોને સોંપી દીધેલો. હોળકરની કેદમાં જ પેટના દર્દથી એ મરણ પામ્યો.

તા. ૧૧ જાણીતા અંગ્રેજ નવલકથાકાર વિલિયમ મેઇકપીસ થૅકરેનો હિંદુસ્તાનમાં કલકત્તા મુકામે જન્મ-ઈ. ૧૮૧૦

તા. ૧૪ ફ્રાન્સના કારાગાર બાસ્તીલનું વિફરેલી પ્રજાને હાથે પતન-ઇ. ૧૭૮૯. ત્યારથી એ દિવસ પ્રજાસત્તાક ફ્રાન્સમાં રાષ્ટ્રીયતહેવાર (Fete Nationale) તરીકે ઉજવાય છે.

તા. ૧૭ અંગ્રેજો તથા ડચો વચ્ચે મસાલાના વેપાર અંગે સંધિ થઇ-ઇ. ૧૬૧૯

તા. ૧૮ જનરલ ફ્રાન્સિસ્કો ફ્રાન્કોનું સ્પેનની સામ્યવાદી સરકાર સામે બંડ -ઈ. ૧૯૩૬. ત્રણ વરસના ભયંકર આંતરવિગ્રહ પછી ઇ. ૧૯૩૯ના એપ્રિલની ૪થીએ માડ્રિડ સરકાર તાબે થઇ અને ફ્રાન્કો સ્પેનનો સરમુખત્યાર બન્યો.

તા. ૨૧ પાર્લામેન્ટના ધારાથી ઇસ્ટ ઇંડીઆ કંપનીના હક બીજાં ૨૦ વર્ષ લંબાયા અને તે સાથે હિંદ સાથે વેપાર કરવાની બધી બ્રિટિશ પ્રજાને છૂટ મળી-ઇ. ૧૮૧૩

તા. ૨૫ ઑસ્ટ્રિયાના ચાન્સેલર અને જર્મની તથા ઑસ્ટ્રિયાના સ્વાભાવિક જોડાણના વિરોધી ઍંગેલબર્ટ ડૉલફસનું ખૂન-ઇ. ૧૯૩૪

તા. ૨૯ ઇટલીના સરમુખત્યાર બેનિટો મુસૉલિનીનો જન્મ-ઇ. ૧૮૮૩

તા. ૩૧ જગતના બધા ધર્મોના સમન્વય સમી થીઑસૉફિકલ સોસાએટીની જનેતા હેલીના પેટ્રોવના બ્લાવાટ્સ્કીનો રશિયામાં જન્મ-ઇ. ૧૮૩૧ (ઈ. ૧૮૯૧માં એનું અવસાન થયું.)



આ માસની વિભૂતિ
વાડીલાલ મોતીલાલ શાહ

ઈ. ૧૮૭૮ના જુલાઈની ૧૧મીએ વીરમગામ મુકામે તેમના મોસાળમાં જન્મ. પાંચ ધોરણ જેટલું અંગ્રેજી વીરમગામમાં શીખ્યા પછી માત્ર ૧૪ વર્ષની વયે એકલા અમદાવાદ આવ્યા અને ખાનગી ટ્યૂશનોની સગવડ કરી ન્યૂ ઈંગ્લિશ સ્કૂલમાં જોડાયા. ભણતરમાં તે એટલા હોશિયાર હતા કે અનેક વિદ્યાર્થીઓ તેમની પાસે શીખવા આવતા. એ રીતે હાથ છૂટો થતાં કુટુંબને પણ અમદાવાદ બોલાવી લીધું.

કૉલેજ જીવનની શરૂઆતમાં મુનિશ્રી છગનમલજી સ્વામીના સંપર્કમાં તેઓ આવ્યા. મુનિશ્રીએ સમાજમાં ચાલતા અંધેર તથા જૈનોની સંકુચિતવૃત્તિ સામે એમના દિલમાં બંડનો પ્રાણ રેડવા માંડ્યો. પરિણામે અભ્યાસ દરમ્યાન જ, પોતાના પિતાશ્રીના સંપાદકત્વ હેઠળ, 'જૈનહિતેચ્છુ' માસિક શરૂ કર્યું.

'જૈનહિતેચ્છુ' એ એકલા જૈન સમાજનું જ પત્ર ન હતું, પણ જીવનસંગ્રામમાં વિજય મેળવવા મથનાર એકેએક વ્યક્તિનું સાર્વદેશી પત્ર હતું. જર્મન પ્રાણના ઉદ્‌ગાતા નીટ્શે જેમ એમણે હિંદવી પ્રાણને ઢંઢોળવાની કપરી જહેમત ઉઠાવી હતી. સ્ફટિક જેવી શુદ્ધ અને અસંદિગ્ધ એમની ફિલસૂફી વિજીગિષાના થનગનાટ ભરી છે. ગુજરાતને અખા પછી કોઇ સાચો ફિલસૂફ સાંપડ્યો હોય તો એ વાડીલાલ શાહ જ હતા, પરંતુ ગુજરાત એમને પૂરેપૂરા પુરસ્કારી શક્યું નહિ.

છતાં એમને ખરા પુરસ્કાર્યા એમના જેવા જ સિંહ લોકમાન્ય બાળગંગાધર ટિળકે. પૂનાના જૈનો તરફથી જંગી સભામાં એમણે માનપત્ર અને 'પર્સ' એનાયત કરી વાડીલાલ શાહની કલમની ભારોભાર પ્રશસ્તિ કરી હતી.

ત્યાર બાદ મોરબી મુકામે ભરાએલી સ્થાનકવાસી જૈન કૉન્ફરન્સના પ્રથમ અધિવેશનને રોજ એમણે 'જૈન સમાચાર'નો આરંભ કર્યો. સામાજિક બદીઓ સામે તથા સમાજશરીર પર ગૂમડાં જેવી વિકસેલી સાધુઓની જમાત સામેની એમની જેહાદ એકલા જૈન સમાજને જ નહિ, પણ એ બદીથી પરાભૂત બનતા જતા આપણા સમાજના એકેએક એકમને ઉપકારક છે. એ લેખો માટે શ્રીમંત જૈન પક્ષે એમના સામે માનહાનિનો દાવો માંડેલો. પોતા માટે કોઈ કાયદાબાજ વકીલ બૅરિસ્ટર રોકવા એમના સાથીદારોએ એમને 'પર્સ' આપવાનું કહ્યું, જેનો અસ્વીકાર કરી એમણે પોતે જ પોતાનો કેસ ચલાવ્યો, અને કાયદાઓની આંટીઘૂંટીમાં હારતાં બે માસની થએલી સાદી કેદની શિક્ષાનો હસતે મોંએ સ્વીકાર કર્યો.

એમની યોજનાશક્તિ, એમની લેખનશક્તિ, એમની તત્ત્વદૃષ્ટિ વગેરે પર અત્રે ઉહાપોહ થઇ શકે તેમ નથી, પરંતુ એમના 'મહાવીર કહેતા હુઆ', 'અમૃતલાલનું અઠવાડિયું' 'એક' 'શૂન્ય', 'મસ્તવિલાસ' વગેરે પુસ્તકો તથા લેખો એમની તત્ત્વદૃષ્ટિનો પૂરતો પ્રકાશ પાથરે છે. અને સંદિગ્ધ પ્રશંસાને વરેલા અધકચરા ફિલસૂફો સામે નીટ્શેના વિચારોથી પોષાઇને ધર્મ અને વિજ્ઞાનનો સુંદર સમન્વય સાધતી, પુરુષોત્તમ (Superman) વિષેની એમની ફિલસૂફી ઊગતી પ્રજાને સર્વોત્તમ જીવનભાથું અર્પી શકે એમ છે.